# ભક્તિની દિવ્ય શક્તિ



– સા. હિમાંશુશ્રીજી

## અંતરના અનુગ્રહ દાતા



જિનશાસન શિરોમણી, તપચક્રચક્રવર્તિ, અચલગચ્છાધિપતિ

**પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા**



## દિવ્ય કૃપા વર્ષા

આગમ અભ્યાસી...
સિદ્ધાચલ સ્નેહી...
નવકારમંત્રારાધિકા...
બાલ બ્રહ્મચારી..

**પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.**



પલ-પલ સ્મરણીય...
શાસન પ્રભાવિકા
જ્ઞાનારાધના પ્રેરીકા...

**પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**



શાંત સ્વભાવી...
સૌમ્ય મૂર્તિ...

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**

# ભક્તામર સ્તોત્ર

અદ્ભૂત સ્તોત્ર છે...
એની એક-એક ગાથામાં
અમાપ શક્તિ સમાયેલી છે...
એક - એક ગાથામાં ચમત્કારોના સર્જનની તાકાત છે...
જે ભક્ત દાદા આદિનાથને શ્રદ્ધાથી
પોતાના મન મંદિરમાં બિરાજમાન કરે છે...
ભક્તામર સ્તોત્રનો નિત્ય પાઠ કરે છે...
પ્રભુ ભક્તિમાં મસ્ત બને છે...
એના કર્મો ક્ષણમાં નાશ પામે છે...
આધિ-વ્યાધિ-ઉપાધિ દૂર થાય છે...
વિકટ પરિસ્થિતિમાં ચમત્કારનું સર્જન થાય છે...
દિવ્ય શક્તિ સહાયક બને છે...
આવા ચમત્કારોની ગૌરવ ગાથા જણાવતી
૨૮ કથાઓનું અહીં સંકલન કરવામાં આવ્યું છે.
ભક્તિની દિવ્ય શક્તિને જાણવા-માણવા-અનુભવવા
આ પુસ્તક વાંચવું જ રહ્યું....
વાંચો... વંચાવો...

**ભક્તિની દિવ્ય શક્તિને**
**પ્રગટાવો...**

## પાવન સ્મૃતિ



### શ્રીમાન્ દેવચંદભાઈ શામજી હંસરાજ ધરમશી

કચ્છી સુથરી - માટુંગા

# તમારી શ્રુત ભક્તિને નમન

અમારા પરિવારના આધાર સ્તંભ

સદા હસતાં અને હસાવતાં

## શ્રીમાન્ દેવચંદભાઈ શામજી હંસરાજ ધરમશીની

પળ પળ સ્મૃતિમાં

# સાદર સમર્પણ

## શ્રીમાન્ શામજીભાઈ હંસરાજ ડોસા
## ધરમશી પરિવાર

ડૉ. મીરાબેન દેવચંદ ધરમશી

અ.સૌ. મેઘના આકાશ દેવચંદ ધરમશી

ચિ. આરવ - વેદા

અ.સૌ. ધરતિ ચિંતન મહેતા

ચિ. રોહન-અમન

કચ્છ - સુથરી હાલ માટુંગા

શ્રી શાંતિનાથ સ્વામિને નમઃ

# ભક્તિની દિવ્ય શક્તિ

કૃપા–આજ્ઞા–આશિષ

શ્રી આર્ય–જય–કલ્યાણ–ગૌતમ–ગુણ–
ગુણોદય–કલા–કવી–વીર–મહોદયસૂરીશ્વરજી મ.સા.

સંકલન

તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાનુવર્તી,
શાસન પ્રભાવિકા **પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**ના
સુશિષ્યા

**સા. જયદર્શિતાશ્રીજી**

સંપાદિકા

શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા
**સા. હિમાંશુશ્રીજી**

પ્રકાશક

**શ્રી શત્રુંજય એકેડમી – ચાલીસગામ**

**શુભ નિમિત્ત**

**આગમ અભ્યાસી**

**પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. સંયમ શતાબ્દિ વર્ષ**

**પ્રત: ૧૦૦૦**

**વિ.સં.૨૦૮૦, ઇ.સ.૨૦૨૪**

**પ્રકાશન – પ્રાપ્તિ સ્થાન**

**શત્રુંજય એકેડમી**

**શ્રી પદ્મપ્રભ જિનાલય**

**સ્ટેશન રોડ, ચાલીસગામ, જી. જલગામ.**

**મુદ્રક**

અશોક પ્રિન્ટરી, પાલીતાણા.

મો. ૯૨૨૮૨૮૫૪૮૮

# ભક્તિની શક્તિ

ભક્તામર સ્તોત્ર,

પરમાત્મ ભક્તિની અદ્‌ભૂત રચના છે...

એની ગાથા-ગાથામાં ચમત્કાર સર્જનની શક્તિ ધરબાયેલી છે.

ભક્તિ તો મુક્તિની દૂતી છે.

જે પરમાત્મ ભક્તિ સર્વ કર્મ બંધનમાંથી આપણને મુક્તિ અપાવી શકે તે પરમાત્મ ભક્તિથી શું અસંભવિત છે ?

પરમાત્માનો સાચો ભક્ત મોક્ષ પ્રાપ્તિ માટે જ પ્રભુ ભક્તિ કરે. પરંતુ જ્યાં સુધી મોક્ષ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સંસારમાં રહેવાનું છે. સંસારમાં આધિ-વ્યાધિ-ઉપાધિ છે. એમાંથી માર્ગ કાઢવાનો છે ત્યારે સંસારના તાપથી સંતપ્ત જીવ ક્યાં જાય ? મોક્ષ સાધનામાં ઉપદ્રવ થાય ત્યારે સાધક ક્યાં જાય ?

પરમાત્માની જ શરણાગતિ સ્વીકારે.

પરમાત્માને છોડીને બીજે ક્યાંય જાય નહિં... ક્યાંય હાથ જોડે નહિં... ક્યાંય હાથ લાંબો કરે નહિં. પરમાત્મ ભક્તિ જ એના સર્વ પ્રકારના અંતરાય કર્મ દૂર કરી ઈચ્છિત આપવા સમર્થ છે, એવું તે જાણે છે.

સમયે સમયે વિપત્તિમાં વિવિધ ભક્તોએ કેવી રીતે પરમાત્મ ભક્તિ દ્વારા માર્ગ કાઢ્યો છે ? કેવી રીતે વિપત્તિ મુક્ત બન્યા છે ? ભક્તામર સ્તોત્રના આલંબને સુખ-સમાધિ અને શાંતિ પામ્યા છે એનું આકર્ષક વર્ણન ૨૮ કથાઓ સાથે શ્રી ગુણાકરસૂરિએ ભક્તામર સ્તોત્ર વૃત્તિમાં કર્યું છે. એનું જ સંકલન અહિં કરવામાં આવ્યું છે.

શ્રદ્ધાથી એનું વાંચન આપ સહુના જીવનમાં પરમાત્મા પ્રત્યે... ભક્તામર સ્તોત્ર પ્રત્યે અનન્ય ભક્તિ જાગૃત થાય. આપ સહુ જીવનમાંથી નિરાશાને ખંખેરી આશા અને શ્રદ્ધાના દીપક પ્રગટાવો એ જ અભ્યર્થના...

પ્રકાશનના લાભાર્થી શ્રદ્ધાવંત ભક્તામર ભક્ત પરિવારની ભૂરિ ભૂરિ અનુમોદના...

**સા. હિમાંશુશ્રીજી**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. | ક્રમ | | પાના નં. |
|---|---|---|---|---|---|
| ૧. | ધ્યાન સિદ્ધિ | ૫ | ૧૫. | ઉપસર્ગ મુક્તિ | ૪૪ |
| ૨. | શ્રદ્ધા | ૯ | ૧૬. | વ્યંતર મુક્તિ | ૪૬ |
| ૩. | સાધનાથી સિદ્ધિ | ૧૨ | ૧૭. | શીલ સ્થિરતા | ૪૮ |
| ૪. | પુણ્ય પ્રભાવ | ૧૫ | ૧૮. | સંતાન સુખ | ૫૨ |
| ૫. | પુણ્યનો પ્રભાત | ૧૭ | ૧૯. | વ્યાધિ મુક્તિ | ૫૪ |
| ૬. | મર્યાદા ભંગ | ૨૧ | ૨૦. | રાજ્ય પ્રાપ્તિ | ૫૬ |
| ૭. | ભક્તિની શક્તિ | ૨૩ | ૨૧. | રોગ મુક્તિ | ૬૦ |
| ૮. | દુઃખ મુક્તિ | ૨૬ | ૨૨. | મિથ્યાત્વ મુક્તિ | ૬૨ |
| ૯. | ધર્મ પ્રભાવ | ૨૮ | ૨૩. | પુણ્યોદય | ૬૫ |
| ૧૦. | શાસન પ્રભાવના | ૩૨ | ૨૪. | સર્પથી પુષ્પમાળા | ૭૦ |
| ૧૧. | ભક્તિની જીત | ૩૪ | ૨૫. | આરાધનાનું ફળ | ૭૫ |
| ૧૨. | પુત્ર રત્ન | ૩૭ | ૨૬. | જીવદયા | ૭૮ |
| ૧૩. | ધર્મની શક્તિ | ૩૯ | ૨૭. | જલોદર મુક્તિ | ૮૨ |
| ૧૪. | સુખ શાંતિ | ૪૧ | ૨૮. | બંધન મુક્તિ | ૮૭ |

# ૧ ધ્યાન સિદ્ધિ

વિશ્વ વહાલેશ્વર દેવાધિદેવ જિનેશ્વર પરમાત્માનો પ્રભાવ જ અનોખો છે.

દર્શન માત્રથી દૂરિતનો નાશ થાય...

વંદનાથી વાંછિતની પ્રાપ્તિ થાય...

પૂજનથી લક્ષ્મીની પૂર્તિ થાય...

સ્મરણ માત્રથી આધિ-વ્યાધિ-ઉપાધિ ભાગી જાય...

ભક્તિથી અંતરના ક્રોધાદિ કષાયો શાંત થાય...

જીવનમાં શાંતિ, પ્રસન્નતા અને આંનદ છવાઇ જાય...

ભયંકર ઉપદ્રવો અને વિઘ્નો - સંકટો દૂર થઇ જાય...

આવી પરમાત્મ ભક્તિ બાહ્ય બંધનોની સાથે આત્માને કર્મના બંધનોથી પણ મુક્ત બનાવી મુક્તિ મહેલમાં પહોંચાડે છે. અપૂર્વ ભક્તિના ભાવો અને મંત્રાક્ષરો સાથે પૂર્વ મહાપુરુષોએ પ્રભુની ભક્તિ કરી શાસનને ગૌરવ અર્પવા અનેક ચમત્કારો પણ બતાવી આપ્યા છે. અલબત્ત જૈન શાસન ભક્તિ દ્વારા મુક્તિને જ પ્રાધાન્ય આપે છે ચમત્કારો ને ક્યારેક નહીં. જિન શાસનના ધુરંધર આચાર્યો પણ આત્મકલ્યાણ નેજ પ્રાધાન્ય આપે છે પણ સમય આવે શાસનને જયવંતુ રાખવા ક્યારેક ચમત્કાર પણ દેખાડે છે.

આવા ચમત્કારની કથા જે સ્તોત્રના મહિમા સાથે વણાયેલી છે એવા પૂ.માનતુંગસૂરિ વિરચિત ભક્તામર સ્તોત્રનો મહિમા અપૂર્વ છે... અલૌકિક છે...

પરમાત્મ શાસનને પામેલા શ્રાવક સંસારમાં આવી પડતા આધિ-વ્યાધિ-ઉપાધિને સમતા ભાવે સહન કરવામાં જ માને છે પણ જ્યારે શ્રાવક સમતા ભાવે આવેલા કર્મોદયને સહન કરી શકતો નથી ત્યારે એ આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી મુક્ત થવા બીજે ક્યાંય જતો નથી. પ્રભુને છોડતો નથી. પ્રભુના ચરણોમાં બેસી પ્રભુ પાસે જ માંગે છે... યાચના કરે છે. મહોપાધ્યાય

યશોવિજયજી મહારાજ જેવા સંભવનાથ ભગવાનને કહે છે –

**આપો તો તુમ્હી ભલે, બીજા તો નવી યાચું રે ;**
**વાચક યશ કહે સાંઇશું, ફલશે એ મુજ સાચું રે...**

જે પરમાત્મા ભક્તિ મુક્તિ આપવા સમર્થ હોય એ બીજું શું ન આપી શકે? અર્થાત્ બધું જ આપી શકે છે.

નિર્ધનને ધન આપી શકે... જડ ને વિદ્યા – સરસ્વતી આપી શકે.. રોગીને નિરોગી કાયા આપી શકે... શત્રુને મિત્ર બનાવી શકે... વિઘ્ન હરી શકે... નિઃસંતાનને સંતાન આપી શકે... ચોરોને થંભાવી શકે... ઉપદ્રવોનો નાશ કરી શકે... આવી તો અનેકાનેક ઘટનાઓ બની શકે છે પણ આપણું લક્ષ્ય તો શિવપદને પામવાનું છે. આજના વિષમ કાળમાં આપણે ક્યાંક આડા-અવળા ફંટાઇ ન જઇએ. જિનેશ્વરને ભૂલીને બીજા દેવ-દેવીઓમાં રાચી ન રહીએ.. અનુપમ પુણ્યોદયે પ્રાપ્ત થયેલી જિનભક્તિથી દૂર ન થઇએ એ એક માત્ર આશયથી ભક્તિની દિવ્ય શક્તિનો પરિચય કરાવવા જ ભક્તામર સ્તોત્રના પ્રભાવથી કથાઓનું રોચક શૈલીમાં વિવેચન કર્યું છે. ભક્તામર સ્તોત્રમાં આદિનાથ ભગવાનના ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે.. એમની સ્તુતિ-ભક્તિ-પ્રાર્થના કરવામાં આવી છે. માનતુંગસૂરિ રચિત ભક્તામર સ્તોત્રની જેમ અન્ય મહાપુરુષોએ રચેલા અનેક સ્તોત્રો જિનશાસનમાં છે. બધાનો અનુપમ મહિમા છે. એ બધાના પ્રભાવે જ જિનશાસન જયવંતુ છે.

માલવદેશ...

ઉજ્જૈન નગરી...

રાજા ભોજ રાજ કરે છે..

એમના કાને વાત આવી... ભક્તામર સ્તોત્રમાં તો શક્તિ છે જ પણ એની એક એક ગાથામાં અલૌકિક મંત્ર શક્તિ છે. એક એક ગાથાનો અનેરો મહિમા છે... એક એક ગાથા શક્તિનો ભંડાર છે. એમણે નિત્ય ભક્તામરનો પાઠ કરતા દેવચંદ શેઠની પરીક્ષા કરવાનું નક્કી કર્યું.

સેવકોને આદેશ આપી અઠ્ઠમ તપના તપસ્વી દેવચંદ શેઠને દોરડાના સખત બંધનોથી બાંધી પાણી વિનાના ઉંડા અને અંધારા કૂવામાં ઉતાર્યા. લોકોના ટોળે ટોળા જોવા આવ્યાહતા. ક્યાંક કુતુહલ હતું... ક્યાંક શોક હતો.

દેવચંદ શેઠ વૃદ્ધ હતા પણ ધર્મની અઠંગ શ્રદ્ધાના સ્વામી હતા. દેવલોકના દેવો પણ એમને ધર્મ માર્ગથી ડગાવી શકે એમ ન હતા. કપરી કસોટીની પળોમાં પણ તેઓ શાંત હતા... પ્રસન્ન હતા. ક્યાંય ઘબરાટ ન હતો... ક્યાંક દુઃખ કે દર્દની નિશાની ન હતી. એ તો લીન હતા પ્રભુ ભક્તિમાં... તેઓ જપતા હતા ભક્તામરની ગાથાઓને ન સર્પાદિની બીક હતી.. ન બીજો કોઇ ભય હતો.

ધ્યાનસ્થ દશામાં એમની ચારે બાજુ જાણે તેજસ્વી કિરણો ફેલાતા હોય એવું ભાસતું હતું.

રાત પડતાં અંધકાર ગાઢ બન્યો... ભેગા થયેલા માનવીઓ એક પછી એક વિખરાઇ ગયા. નિરવ શાંતિમાં એકલા હતા દેવચંદ શેઠ. શાંતિમાં એમના ધ્યાનની એકાગ્રતા વધવા લાગી. બહાર જેટલો ગાઢ અંધકાર હતો એટલો જ અંતરમાં તેજસ્વી પ્રકાશ હતો.

ધ્યાનની એકાગ્રતાએ ચમત્કાર સર્જ્યો.

એક તેજ પુંજ આકાશમાંથી અવતર્યું. ચારે બાજુ પ્રકાશ પ્રકાશ ફેલાઇ ગયો. દેવચંદ શેઠના કાને શબ્દો સંભળાયા – ''માંગ માંગ, તને શું જોઇએ છે ?''

દેવચંદ શેઠની શ્રદ્ધા અને સાધના ફળી. દેવચંદ શેઠે ધ્યાન પૂર્ણ કર્યું. પ્રત્યક્ષ દેવીના દર્શન થયા. એમના બધા જ બંધનો દૂર થઇ ગયા... કાયા સ્વરૂપવાન બની... દૈવી વસ્ત્રો અને આભુષણોથી વિશેષ સુંદરતા પ્રગટ થઇ. અવાવરો... અંધારો કૂવો સુશોભિત મનોહર સ્થાન બની ગયો.

બીજી તરફ રાજમહેલમાં સુખશય્યામાં ઉંઘવાનો પ્રયત્ન કરતા ભોજ રાજાને ઉંઘ આવતી નથી. પેટમાં પીડા ઉત્પન્ન થઇ. વૈદ્યો... હકીમો દોડતા

આવ્યા. બધાએ ઉપાય કર્યો પણ વ્યાધિ શાંત થવાને બદલે વધવા લાગ્યો.

રાત-દિવસ રાજા પીડાય છે. પીડા કોઈથી જોવાતી નથી.. ઉપાય કામ આવતા નથી. અંતે એક વૃદ્ધ પુરુષે સૂચન કર્યું - ''કદાચ દેવચંદ શેઠના ઉપચારથી આપનો વ્યાધિ શાંત થાય માટે એ ઉપાય કરી જુઓ.''

રાજાએ સેવકોને આજ્ઞા કરી ''જલ્દી દોડો... દેવચંદ શેઠને અંધારા કૂવામાંથી બહાર કાઢો... એમના સર્વ બંધનો દૂર કરો અને બહુમાન પૂર્વક અહીં લઈ આવો.''

રાજાના આદેશનું પાલન કરવા સેવકો કૂવા પાસે દોડ્યા... મોટા દોરડા લીધા... કોસ જોડ્યા અને દેવચંદ શેઠના નામની બુમ પાડી. ત્યાં તો દેવચંદ શેઠ કોઈની પણ સહાયતા વિના હર્ષિત ચહેરે જાતે જ બહાર આવ્યા. લોકો આશ્ચર્ય પામ્યા. દેવચંદ શેઠના શરીર ઉપરના દૈવી વસ્ત્ર અને અલંકારો જોઈ નગરજનો આશ્ચર્ય મુગ્ધ બન્યા. ધર્મનો જય જયકાર કરવા લાગ્યા.

દેવચંદ શેઠ રાજા પાસે પહોંચ્યા. રાજા એમને જોઈને અત્યંત વિસ્મય પામ્યા. ''આ બધું કેવી રીતે થયું ?'' રાજાએ પૂછ્યું દેવચંદ શેઠે જણાવ્યું - ''આ બધો પ્રભાવ પ્રભુ ભક્તિ અને ભક્તામર સ્તોત્રનો છે.'' રાજા ભક્તામર સ્તોત્રના... પ્રભુ ભક્તિના રાગી બન્યા...

હવે રાજા ભોજે વ્યાધિ વિનાશનો ઉપાય પૂછ્યો.

દેવચંદ શેઠે ભક્તામર સ્તોત્રની પ્રથમ બે ગાથાનું શુદ્ધ ચિત્તથી સ્મરણ કરી અંજલિ ભરી રાજા ઉપર પાણી છાંટ્યું. તત્ક્ષણ રાજાનો વ્યાધિ શાંત થયો. રાજા ધર્મી બન્યો. ભક્તામરના અને પ્રભુ ભક્તિના ઉપાસક બન્યા.

ધન્ય છે આવા ભક્તિ અને ભક્તામરના ઉપાસક પુણ્યવંતા દેવચંદ શેઠ ને ! આવા આરાધકોને લાખ લાખ પ્રણામ !

ભક્તામર સ્તોત્રની પ્રથમ બે ગાથાઓની સાધના.. આરાધના અને ધ્યાન જીવને બાહ્ય અને અભ્યંતર બન્ને બંધનોમાંથી મુક્ત કરે છે. આપણે ક્યારે એવી સાધના કરી સિદ્ધિ મેળવીશું ?

## ૨ શ્રદ્ધા

ભક્તામર સ્તોત્રની પ્રથમ બે ગાથાનો આંશિક પ્રભાવ જાણ્યા પછી હવે આપણે ભક્તામર સ્તોત્રની ત્રીજી અને ચોથી ગાથાના પ્રભાવને જાણવા આગળ વધીએ.

એક હતા શ્રાવક...

નામ હતું વીરચંદભાઇ...

દયા... ન્યાયનીતિ... અને બુદ્ધિના સ્વામિ...

પણ કર્મસત્તા આગળ કોઇનું ચાલતું નથી. ગરીબી વીરચંદભાઇને છોડતી ન હતી. અનેક ધંધાઓ કર્યા... અનેક ધંધાઓ બદલ્યા પણ ક્યાંય ફાવ્યા નહીં.

એકદા નગરમાં જ્ઞાની આચાર્ય ભગવંતની પધરામણી થઇ. ગામના બધા જ લોકો ગુરુ ભગવંતોનો ઉપદેશ સાંભળવા આવતા હતા. એક દિવસ વીરચંદભાઇ પણ ગુરુદેવનું વ્યાખ્યાન સાંભળવા આવ્યા. ગુરુદેવની અમૃતમય વાણી સાંભળી પોતાની જાતને અત્યંત ધન્ય માનવા લાગ્યા. મનમાં એમ થવા લાગ્યું કે ગુરુવાણી એમ જ ચાલતી રહે અને પોતે સાંભળતા જ રહે.

વ્યાખ્યાન પુરૂં થયું જિનવાણીની પ્રશંસા કરતા સભા વિખરાઇ ગઇ. વીરચંદભાઇને અચાનક ખ્યાલ આવ્યો ઉઠ્યા... આચાર્ય ભગવંત પાસે ગયા એમના ચરણમાં ઢળી પડ્યા... આંખમાંથી અશ્રુધારા નિકળવા લાગી.

આચાર્ય ભગવંતે પ્રેમથી પૂછ્યું – ‘‘કેમ ભાઇ ? અચાનક શું થયું ?’’

વીરચંદભાઇ બોલ્યા – ‘‘ગુરુદેવ આપની વાણી સાંભળી ધન્યતા અનુભવી પણ ગુરુદેવ ! ધર્મ તો એ જ કરી શકે જે સુખી હોય... જેને કોઇ જાતની ચિંતા જ ન હોય. મારા જેવા ગરીબ જેને ખાવાના પણ સાંસાં હોય... ચિંતાના પાર ન હોય એ ધર્મ કેવી રીતે કરી શકે ?

આચાર્ય ભગવંતે કહ્યું – ‘‘હે ભાગ્યશાળી ! સુખ અને દુઃખ તો

પૂર્વ કર્મનું ફળ છે. પૂર્વભવમાં દાન-શીલ-તપ-ભાવ રૂપધર્મ કરી પુણ્ય ઉપાર્જન ન કર્યું હોય તો આ ભવમાં સુખની પ્રાપ્તિ થતી નથી અને દુઃખ ભોગવવું પડે છે. પણ એ દુઃખને દૂર કરવાની તાકાત કેવળ ધર્મમાં જ છે. ધર્મથી જ દુઃખ જાય છે અને સુખ મળે છે. માટે યથાશક્તિ ધર્મ આરાધના કર.

જરાક અટકીને આગળ કહ્યું - ''જો તારી ઈચ્છા હોય તો તને બે ગાથા આપું એ ગાથાઓનું ચિંતન કરજે. ધ્યાન અને શ્રદ્ધાથી નિરંતર સ્મરણ કરજે. ધર્મથી કર્મ જાય અને લાભ થાય.''

ભાવતું હતું અને વૈદ્યે બતાવ્યું.

વીરચંદભાઈએ ગુરુમુખેથી વિધિપૂર્વક ભક્તામર સ્તોત્રની ત્રીજી-ચોથી ગાથા લીધી. બન્ને ગાથા કંઠસ્થ કરી લીધી. શ્રદ્ધા પૂર્વક નિત્ય તેનું સ્મરણ, રટણ ચિંતન ધ્યાન કરવા લાગ્યો.

ઘણો સમય વીતી ગયો.

એકદા નગરના એક પ્રતિષ્ઠિત શેઠ સાથે પરદેશ જવાનું સાહસ વીરચંદ ભાઈએ કર્યું.

દરિયાઈ મુસાફરીમાં એક દિવસ સંકટ આવ્યું. જોરદાર પવન ફૂંકાયો, દરિયો તોફાને ચડ્યો. મોજાઓ ઉંચા ઉછળવા લાગ્યા. ભયાનક મોજાઓ વહાણ સાથે અથડાવા લાગ્યા. વહાણમાં બેઠેલા બધા ભય પામ્યા. હવે બચવાનો કોઈ ઉપાય નજર આવતો ન હતો. અશરણનું શરણ ધર્મ છે. બધા પોતપોતાના ઈષ્ટદેવને યાદ કરવા લાગ્યા...પ્રાર્થના કરવા લાગ્યા. વીરચંદભાઈ પણ ભક્તામરની ગુરુમુખે લીધેલી બે ગાથાઓના મનન-ચિંતન-ધ્યાન સ્મરણ દ્વારા પ્રભુ આદિનાથની ભક્તિ કરવા લાગ્યા.

ત્યાં એક મહાકાય મોજું જોરથી વહાણ સાથે અથડાયું અને પળવારમાં વહાણ ભાંગ્યું માણસો ડૂબવા લાગ્યા. વીરચંદભાઈ પાણીમાં ડૂબવા લાગ્યા. ત્યાં ભાગ્ય યોગે એક પાટિયું હાથમાં આવી ગયું. તોફાની મોજાઓ વીરચંદભાઈને પાટિયા સહિત દરિયાકાંઠે ઢસડી ગયા. આવી જીવન મરણ વચ્ચે ઝોલા ખાતી સ્થિતિમાં પણ વીરચંદભાઈ ભક્તામરની

ગાથાઓનું સ્મરણ ન ચૂક્યા. સતત સ્મરણ ચિંતન ચાલુ જ હતું આદિનાથની ભક્તિ-સ્તુતિ પ્રાર્થનાના પ્રભાવે શાસનદેવીએ ખેંચાઇને આવવું પડ્યું. પ્રસન્ન થયેલા શાસન દેવીએ અનેક રત્નો - આભૂષણો આપીને વીરચંદભાઇને સુરક્ષિત સ્થાને મૂક્યા અને અદ્રશ્ય થઇ ગયા..

વીરચંદભાઇ ઘેર પહોંચ્યા. દૈવી રત્નો - આભૂષણોથી ધનવાન બન્યા. ભાગ્ય જાગ્યું. જીવનમાં લીલા લહેર થઇ ગઇ.

પણ વીરચંદભાઇ પ્રભુ ભક્તિ અને સ્તોત્ર સ્મરણાદિ ન ભૂલ્યા. ધર્મથી મળેલ સંપત્તિનો સદ્વ્યય કરી દીન - દુઃખીયાની સેવા કરી. પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કરી આલોક-પરલોક સુધાર્યો.

વીરચંદભાઇની શ્રદ્ધાને સાધનાને સાદર પ્રણામ.



# 3 સાધનાથી સિદ્ધિ

**કોલસા વેચનારના કપડાં કાળા થાય છે અને અત્તર વેંચનારના કપડાં સુગંધવાળા થાય છે. તેવી જ રીતે સત્સંગથી માનવી સુધરે છે અને કુસંગથી બગડે છે.**

કેવી સુંદર વાત છે !

સર્વ સત્સંગોમાં શ્રેષ્ઠ સત્સંગ છે પ્રભુનો. પ્રભુનું સાંનિધ્ય મળી જાય અને દિલમાં ભક્તિ જાગી જાય પછી ભવ્યતા અને દિવ્યતા સ્વયંમેવ પાછળ દોડતી આવે છે. આપણે હજી પ્રભુને ઓળખ્યા નથી જો પ્રભુજીનો સાચો પરિચય થઇ જાય તો આત્મા ઝુમી ઉઠે. ગમે તેવા પ્રસંગોમાં પ્રભુના ભરોસે નાવ ચલાવે અને નાવ અચૂક પાર થઇ જાય.

કહેવાય છે ''રામના નામે પત્થર તરે''

પણ ક્યારે તરે ? કહેવું જ પડશે અતુટ વિશ્વાસ હોય ત્યારે જ.

હનુમાન અને એની સેનાએ રામના વિશ્વાસે પાણીમાં પથરા નાખી પુલ બાંધ્યો. રામચંદ્રજીને ખબર પડી સ્વયં પ્રયોગ કરી જોયો તો પત્થર ડૂબી ગયો. આ તો શ્રદ્ધાનો ચમત્કાર છે.

બસ ! આજે પણ રામના નામે પત્થર તરી શકે પણ એના માટે જોઇએ હનુમાન જેવી શ્રદ્ધા. આજે દુનિયામાં દેવ ઘણા છે... વિવિધ દેવોને ભજનારા ઘણા છે.. વિવિધ દેવોને ભજનારા ઘણા છે. પણ દેવ ઉપર હનુમાન જેવી અજબ ગજબની શ્રદ્ધા ધરાવનાર ભક્ત વિરલ છે. જ્યાં હનુમાનને રામ ઉપર હતી એવી શ્રદ્ધા હોય.. શબરીને રામ પ્રત્યે હતી એવી ભક્તિ હોય ત્યાં આજે પણ ચમત્કાર સર્જાઇ શકે છે. ચમત્કારોનું સર્જન કરવાની શક્તિ આપણી ભક્તિમાં છે.

ભક્તામરનો નાદતો ઘર ઘરમાં ગુંજી રહ્યો છે પણ એ મંત્રાક્ષર સમાન ગાથાઓના અર્થ... રહસ્ય અને એમાં રહેલી પરમાત્મ ભક્તિની અપૂર્વ શક્તિના દર્શન તો ક્યાંક જ જોવા મળે છે.

આપણને પૂજ્યપાદ માનતુંગસૂરિ વિરચિત ભક્તામર સ્તોત્ર મળી

ગયું પણ ભક્તિ દ્વારા એના ભવ્ય ભંડાર ખુલશે ત્યારે જ એના સાચા પ્રભાવનો આપણને ખ્યાલ આવશે. પ્રથમ ચાર ગાથાના મર્મને સમજાવતા કથાનકો જાણ્યા બાદ હવે આપણે આગળ વધવાનું છે. પ્રસ્તુત કથાનકો ભક્તામર સ્તોત્રની પાંચમી છટ્ઠી સાતમી આઠમી તથા નવમી ગાથાથી સર્જાતા ચમત્કારોના રહસ્યને આપણી સમક્ષ ખુલ્લા કરે છે. આ કથાનકો આપણી શ્રદ્ધાને વિકસિત કરવાવાળા અને આપણી ભક્તિને વધારે ભાવવિભોર બનાવવાવાળા સાબિત થશે. એમાં શંકાને સ્થાન નથી.

પાટણની ધરતિ...

ધનાવહ શેઠ...

નામ પ્રમાણે ધનવાન હતા... સાથે ધર્મવાન પણ હતા...

દયા અને પરોપકાર જીવનમાં વણાયેલા હતા.

પાટણની ધરાને શણગારતું સુંદર જિનાલય બંધાવી એમણે સંપત્તિને સફળ બનાવી... જીવન ધન્ય બનાવ્યું દરરોજ અદ્‌ભૂત પરમાત્મ ભક્તિ દ્વારા તેઓ પોતાના સમયનો જીવનનો સદુપયોગ કરી પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કરતા હતા.

એકદા પાટણ નગરીમાં એક સંન્યાસીનું આગમન થયું નામ હતું ધુલીપાત. ધીમે ધીમે એ ત્યાં અડ્ડો જમાવી બેઠો. કામણ-ટુમણનો જાણકાર સન્યાસી વિવિધ ચમત્કાર દેખાડવા લાગ્યો. ચમત્કાર ત્યાં નમસ્કારમાં માનનારા અજ્ઞાની જીવો સંન્યાસી તરફ આકર્ષાયા. ધીરે ધીરે સમસ્ત નગરીના માનવીઓ આ સંન્યાસીની માયા જાળમાં ફસાયા. એકદા સર્વ ભક્તો બેઠા હતા એની વચ્ચે આ સન્યાસીએ ગર્વથી કહ્યું - ''મારા દર્શને ન આવ્યો હોય એવો છે કોઇ આ નગરીમાં ?''

ભક્તો બોલી ઉઠ્યા -''હા, આ નગરીમાં એક ધનાવહ શેઠ છે જે જૈન ધર્મ પાળે છે... બીજા કોઇ ધર્મને માનતા જ નથી. તેઓ અહીં આવ્યા જ નથી.''

ક્ષણવાર જીવન દર્શન કરજો... આપણે આવા નિશ્ચળ ખરાને ?

ધુલીપાત સન્યાસી આ વાત સહન ન કરી શક્યો અત્યંત ક્રોધે ભરાયો અને ધનાવહ શેઠના ઘર ઉપર ધુળ અને પત્થરનો વરસાદ વરસાવવા

લાગ્યો. આખું ઘર ધુળ અને પત્થરોની ભરાઇ ગયું.

શેઠ વિચારવા લાગ્યા કર્મ આજે પરીક્ષા કરી રહ્યા છે. મારે વધારે સત્વ જાગૃત કરવું પડશે. શેઠ પરમાત્મ ધ્યાનમાં લયલીન બન્યા. ધર્મ-સંકટને ટાળવા ભક્તામર સ્તોત્રની પાંચમી છટ્ઠી અને સાતમી ગાથાનું સ્મરણ કરવા લાગ્યા. એ જ ગાથાઓનું ચિંતન – રટણ – ધ્યાનમાં ખોવાઈ ગયા. સાધનામાં શ્રદ્ધાનું બળ હોય... સદાચારનો આધાર હોય... પરમાત્માનું ધ્યાન હોય પછી સિદ્ધિ દૂર નથી હોતી. શાસન દેવી પ્રત્યક્ષ થયા. શેઠની... શેઠના ઘરની પરિસ્થિતિ જોઇ વાત સમજી ગયા. પોતાના પ્રભાવથી આ ધૂળ અને પત્થર ધુલીપાત સન્યાસીના આશ્રમમાં ભર્યા.

ધુલીપાત સન્યાસીએ આમાંથી બચવા ઘણા ધમપછાડા કર્યા... ઘણા દેવ દેવીને બોલાવ્યા. પણ સમકિત ધારી શાસનદેવી પાસે હલકા મિથ્યાત્વી દેવ-દેવી ટકી ન શક્યા.

અંતે ધુલીપાત સંન્યાસીએ ધનાવહ શેઠની ક્ષમા યાચી અને આ ધુળ-પત્થરની વૃષ્ટિ બંધ કરવા પ્રાર્થના કરી. ધનાવહ શેઠની વિનંતિથી શાસન દેવીએ ધુળ-પત્થરની વૃષ્ટિ બંધ કરી.

ધુલીપાત સન્યાસીનું અભિમાન દૂર થયું. નગરમાં જૈન ધર્મનો જય જયકાર થયો.

હે ધનાવહ શેઠ ! આપના અવતાર ને ધન્ય છે. આપના જીવનમાં પરમાત્મ શાસન ઉપરની અખંડ-અતુટ શ્રદ્ધાના જે દર્શન થાય છે તેથી આપના ચરણોમાં મસ્તક ઝુકી જાય છે. આપના જેવા મહાત્માઓ જ નિર્મળ સમ્યગ્ દર્શનના સ્વામી બનીને અનેક માર્ગ ભૂલેલા પથિકોને માર્ગે ચઢાવવાનું સત્કાર્ય કરવાના યશભાગી બને છે.

જે જિનેશ્વર પરમાત્માના સ્મરણ-ધ્યાનથી અનાદિથી આત્મા સાથે જોડાયેલી કર્મરજ પણ ક્ષણવારમાં દૂર થાય છે, તે પરમાત્માના સ્મરણ ચિંતનથી બાહ્ય ધૂલ દૂર થાય એમાં ક્યાં આશ્ચર્ય છે.

આપણે પણ નિરંતર ભક્તિ દ્વારા ધનાવહ શેઠની જેમ પવિત્ર અને સાત્વિક જીવનના સ્વામી બનવા પુરુષાર્થ આદરીએ.

# ૪ પુણ્ય પ્રભાવ

વસંતપુર નગરી હતી...

કેશવદત્ત નામે વણિક ત્યાં રહેતો હતો.

પૂર્વ કર્મોદયે કેશવદત્ત ગરીબ હતો પણ સાથે સાથે નાસ્તિક પણ હતો. ધર્મમાં શ્રદ્ધા નહિં... ધર્મને માને નહિં..

એકદા વસંતપૂર નગરમાં એક મહાન મુનિરાજનું આગમન થયું. વ્યાખ્યાનમાં સારી મેદની થવા લાગી. કેશવદત્તતો ધર્મને માને નહિં એટલે વ્યાખ્યાનમાં આવે શેનો ? પણ એકદા એના મિત્રોએ ઘણો આગ્રહ કર્યો અને પરાણે એને વ્યાખ્યાનમાં લઇ ગયા. અનિચ્છાએ સાંભળેલી જિનવાણી પણ હૃદયની આરપાર ઉતરી ગઇ. આટલા વરસ ધર્મથી દૂર રહ્યાનો અફસોસ થવા લાગ્યો. કેશવદત્તના પુણ્ય જાગ્યા. એ દરરોજ જિનવાણી સાંભળવા લાગ્યો. ધીમે ધીમે થોડો થોડો ધર્મનો અભ્યાસ પણ કરવા લાગ્યો. પરમાત્માના સ્વરૂપનો પરિચય થતાં સ્વયંમેવ પ્રભુ ભક્તિનો રંગ લાગ્યો. પ્રભુ ભક્તિ સ્વરૂપ ભક્તામર સ્તોત્ર ગુરુમુખેથી વિધિપૂર્વક શીખી લીધું. અને એના અચિંત્ય પ્રભાવને જાણી એનો નિત્ય પાઠ કરવા લાગ્યો.

પ્રભુ ભક્તિ કર્મને તોડ્યા વગર રહેતી નથી ભક્તિમાં ભાવ જોડાય એટલે કર્મ નિર્જરા થાય... પુણ્ય બંધાય. જ્યાં પાપનો ક્ષય અને પુણ્યનો સંચય થાય એટલે દુઃખ જાય અને સુખ આવે છે. એ નિયમ મુજબ કેશવદત્તની ગરીબી દૂર થવા લાગી. પૈસો વધવા લાગ્યો. કેશવદત્ત પૈસા બચાવવા લાગ્યો અને કાંઇક સારી રકમ ભેગી થઇ એટલે મુડી લઇને પરદેશ કમાવવા ગયો.

કમાવવા પરદેશ જવા છતાં એ પોતાની પ્રભુભક્તિ ભૂલતો નથી. નિત્ય આરાધના ચૂકતો નથી. ભક્તામરનો પાઠ નિયમિત કરે છે.

પરદેશ જતાં માર્ગમાં જ એક ઠગ સાથે મુલાકાત થઇ ગઇ. ઠગ

અત્યંત ચાલાક હતો. એણે કેશવદત્તને કહ્યું – ''હે મિત્ર ! આપણે બન્ને સરખા છીએ. હું પણ ગરીબ છું. પૈસા કમાવવા નીકળ્યો છું. પણ જંગલમાં રખડતાં મને એક એવા કૂવાની જાણ થઇ છે જે અદ્‌ભૂત છે. આ કૂવામાં પાણી નથી પણ કોઇ મહાન રસ છે. આ રસનો લોઢાને સ્પર્શ થાય તો લોઢું સુવર્ણ બની જાય. તમે હિંમત કરીને કૂવામાં ઉતરી આ તુંબડું રસથી ભરીને કાઢો તો આપણે બન્ને સુખી-સુખી થઇ જઇએ.''

પૈસાનો લોભ કોને ન હોય ? કેશવદત્ત તો પૈસા કમાવવા જ નીકળ્યો હતો. આવો રસ મળી જાય તો બેડો પાર થઇ જાય એમ હતું. કહેવાય છે લોભી વસે ત્યાં ધૂતારા ફાવી જતા હોય છે. લોભને વશ બનેલો કેશવદત્ત કૂવામાં ઉતરવા તૈયાર થયો.

કેશવદત્તે પોતાની કમરમાં રસ્સી બાંધી અને એનો એક છેડો પેલા ઠગના હાથમાં આપ્યો. દોરડાની સહાયતાથી કેશવદત્ત ધીરે ધીરે ઉંડા કૂવામાં ઉતર્યો ધીમેથી તુંબડું રસથી ભરી લીધું. ઉપર ઉભેલા ઠગને દોરડું ખેંચવા જણાવ્યું.

આ સર્વ કરતાં કેશવદત્ત ભક્તામરનું સ્મરણ કરી રહ્યો હતો. સતત પ્રભુને પ્રાર્થના કરતો હતો.

ઉપર ઉભેલો ઠગ દોરડું ખેંચવા લાગ્યો. કેશવદત્ત જ્યારે કાંઠા નજીક પહોંચ્યો ત્યારે ઠગે એને કહ્યું – ''મિત્ર ! આ રસથી ભરેલું તુંબડું મને આપી દે, ઉપર ચડતા ક્યાંક ધક્કો લાગશે તો રસ ઢોળાઇ જશે. તારે ફરી મહેનત કરવી પડશે.''

ઠગની વાત સાંભળી કેશવદત્તે સરળતાથી રસથી ભરેલું તુંબડું ઠગને આપી દીધું. હાથમાં તુંબડું આવતાં જ ઠગે દોરડું છોડી દીધું. કેશવદત્ત સીધો કૂવામાં પડ્યો. પુણ્ય પ્રભાવે બચી ગયો. હવે બહાર કેમ નીકળવું એની ચિંતા કરવા લાગ્યો. ત્યાં ભક્તામરના સ્મરણમાં જ ઉભો રહ્યો. ભક્તામરની આઠમી તથા નવમી ગાથાનું વિશેષ સ્મરણ કરવા લાગ્યો. એના ચિંતન મનન ધ્યાનમાં એકાગ્ર બન્યો. સ્તોત્રના ધ્યાનના

પ્રભાવે સાક્ષાત ચક્રેશ્વરી દેવી પ્રગટ થયા કેશવદત્તને કૂવામાંથી બહાર કાઢી તુંબડી ભરી રસ આપી વસંતપુર નગરે પહોંચાડ્યો.

કેશવદત્ત રસની સહાયતાથી લોઢાનું સુવર્ણ કરી ધનવાન બન્યો. સત્કાર્યોની પરંપરા દ્વારા પુણ્યવાન બન્યો. એને ધનવાન અને પુણ્યવાન બનાવનાર હતું ભક્તામર સ્તોત્ર.

આપણને પુણ્યવાન એવં ધનવાન બનાવનાર પ્રભુ ભક્તિના સાચા આરાધક બનીએ. જે પ્રભુભક્તિ મોહના જેવા ઠગોથી પણ આત્માનું રક્ષણ કરવા સમર્થ છે તે પ્રભુ ભક્તિ બાહ્ય દુનિયાના ઠગોથી આપણું રક્ષણ કરશે જ એમાં ક્યા શંકા રાખવા જેવું છે ?

# ૫ પુણ્યનો પ્રભાત

સંસારના ત્રિવિધ તાપમાં ત્રસ્ત માનવી...
ભગવાનની ભક્તિમાં મસ્ત ક્યારે બની શકે ?
સરળ જવાબ છે ''જીવનની જરૂરીયાત પૂરી થાય ત્યારે.''
સામે બીજો પ્રશ્ન ઉઠે..
''જીવનની જરૂરીયાતો પૂરી ક્યારે થાય ?''
જવાબ મળે છે ''પુણ્ય ને પુરુષાર્થનો સુમેળ ક્યારે થાય ?''
''શ્રદ્ધા પૂર્વક ભગવંતોની ભક્તિમાં જોડાઇ જાય ત્યારે.''

આજે આપણે પુરુષાર્થ વધારતા જઇએ પણ સાથે પુણ્યને ન જોડીએ તો પુરુષાર્થ નિષ્ફળ જાય છે. આજ દિવસ સુધી કરેલી આપણી ભૂલને સુધારવાનો સાચો સમય આવી પહોંચ્યો છે. ચાલો આપણે સત્યને સમજ્યા પછી પ્રમાદમાં ન પડીએ.

ભગવંત મળ્યા છે ભજી લઇએ...
પુણ્ય જાગ્યું છે પાવન થઇએ...
ભક્તિ જડી છે ભીંજાઇ જઇએ...

કામ થઈ જશે.આત્મામાં અનોખી શક્તિ પ્રગટશે. જીવન ધન્ય ધન્ય બની જશે.

કેવી ભક્તિ પ્રગટાવી છે મહાપુરુષોએ ! આ ભક્તિનો પ્રગટેલો એક ભાવ દીપક અનેકોના જીવનમાં ભક્તિની જ્યોત પ્રગટાવશે. અનેકોને સંસારના ત્રિવિધતાપમાંથી મુક્ત કરી શીતલ શાંતિનો અનુભવ કરાવશે.

જુઓ આ શાસનમાં કેવા કેવા બડભાગી ભગવાનના ભક્તો થઈ ગયા છે... સ્વ-પર કલ્યાણના આરાધક બન્યા છે... શાસનના પ્રભાવક બન્યા છે...

ગુજરાત દેશની અણહિલપુર પાટણ નગરી હતી.

ત્યાં વસતા હતા એક કમદી નામના શેઠ.

શેઠ અત્યંત ધાર્મિક વૃત્તિના હતા. પરમાત્મ ભક્તિના રસિયા હતા. આદિનાથ ભગવંતના ચમત્કારી ભક્તામર સ્તોત્ર ઉપર એમને ભારે શ્રદ્ધા. સવાર-બપોર-સાંજ ત્રિકાળ ભક્તામર સ્તોત્રની અત્યંત ભક્તિ પૂર્વક આરાધના કરતા.

સમય પલટાયો... ધંધામાં અચાનક ખોટ આવી...

કારમી ગરીબીમાં દિવસો વિતાવવાનો સમય આવ્યો. પણ શેઠ પોતાની ધર્મ સાધનાને છોડતા નથી. શેઠ જાણે છે પાપના ઉદયથી આ દિવસો જોવાના આવ્યા છે. પુણ્યના ઉદયથી આ દિવસો જોવાના આવ્યા છે. પુણ્યના ઉદય વિના આ દિવસો જવાના નથી. પુણ્યનો ઉદય ધર્મ સાધના વિના આવવાનો નથી. શેઠની નિયમિત ધર્મ સાધના... ભક્તામર આરાધના ચાલુ છે.

ધર્મના બળથી શું ન થાય ?

શેઠની નિયમિત ધર્મ સાધના જોઈને શાસન દેવ પ્રસન્ન થયા. પ્રગટ થયેલા શાસનદેવે કહ્યું- ''શેઠજી ! તમારી ત્રિકાળ ભક્તિ જોઈને હું પ્રસન્ન થયો છું. માંગો... માંગો... શેઠ જે જોઈએ તે માગી લો.''

શેઠને પોતાની ગરીબી ખુંચતી હતી. એમણે શાસનદેવને કહ્યું -

''જો તમે મારા ઉપર ખરેખર પ્રસન્ન થયા હો તો મારી દારિદ્રતા દૂર કરો અને સુખી કરો.''

શાસનદેવે કહ્યું - ''શેઠજી ! આજે સાંજે તારા ઘર પાસે એક કામધેનું ગાય આવશે. તેને તું તારે ઘેર રાખજે અને દરરોજ તેનું જેટલું દૂધ નીકળશે તેટલું તે ઘડામાં રાખજે. તે ઘડામાં દૂધનું સોનું થઇ જશે. કામધેનું ગાય તારી પાસે એકત્રીશ દિવસ રહેશે. તેથી તારા એકત્રીશ ઘડા સોનાના ભરાશે. તારી દરિદ્રતા દૂર થશે. તારા માટે સુખનો સૂર્યોદય થશે.'' એટલું કહી શાસનદેવ અદ્રશ્ય થઇ ગયા.

શેઠજી રાજી રાજી થઇ ગયા. ધર્મ કરનાર માટે દુઃખના દહાડા ગયા વગર રહેતા નથી. સુખશાંતિ જીવનમાં આવ્યા વિના રહેતી નથી.

સાંજ થઇ. શેઠના દરવાજે એક શ્યામવર્ણની અત્યંત સુંદર ગાય આવીને ઉભી રહી. શેઠ ઓળખી ગયા. આજ કામધેનુ છે. એમણે ગાય સુરક્ષિત સ્થાને બાંધી આપી. પોતાની નિત્ય ધર્મ આરાધનામાં લાગી ગયા.

પ્રભાત થયું નિત્યક્રમ પતાવી ગાયને દોહી... ઘડો દૂધથી ભરાઇ ગયો... દૂધનું સોનું બની ગયું.

દિવસ ઉપર દિવસ વીતવા લાગ્યા. ત્રીસ દિવસ થયા. ત્રીસ ઘડા સોનાથી ભરાઇ ગયા. શેઠે અઠ્ઠમનું પચ્ચક્ખાણ કર્યું. છેલ્લા દિવસે શાસનદેવની આરાધના કરી.

શાસનદેવ પ્રગટ થયા. યાદ કરવાનું કારણ પૂછ્યું. શેઠે કહ્યું - ''હે શાસનદેવ ! આપે મને ઘણું સૂવર્ણ આપી મારું દારિદ્ર દૂર કર્યું પણ હવે મને શાસન પ્રભાવના કરવાની તક આપી મારી ઇચ્છા પૂર્ણ કરો.''

શાસન પ્રભાવનાની વાત સાંભળી શાસનદેવ રાજી થયા. અત્યંત પ્રસન્ન થઇને શેઠને પોતાની ઇચ્છા જણાવવા કહ્યું. શેઠે નમ્રતાથી કહ્યું - ''હે દેવ ! આ કામધેનુને એક દિવસ વધારે રાખો તો અમૃત જેવા દૂધમાંથી હું નગરના સકળ જૈનોની સાધર્મિક ભક્તિ કરું.''

શાસનદેવે વાત સ્વીકારી.

બત્રીસમા દિવસે શેઠે સર્વ જૈનોનું નવકારશી જમણ રાખી નગરના રાજાને પણ આમંત્રણ આપ્યું કામધેનુંના દૂધની ખીર બનાવી સહુની ભાવપૂર્વક ભક્તિ કરી. કામધેનુના અમૃતમય દૂધની ખીર ખાઇને સહુ સંતોષ પામ્યા... ખુશ થયા.

શેઠે ધર્મપ્રભાવથી... ભક્તિના પરિણામે... શાસનદેવની કૃપાથી થયેલા લાભની વાત સહુને સંભળાવી સુવર્ણના ઘડા બતાવ્યા. આ સર્વ જોઇ સાંભળી સહુએ ધર્મનો જય જયકાર કર્યો. અનેક જીવો ધર્મમાં જોડાયા. રાજા હર્ષિત થયા. ધર્મ પામ્યા અને શેઠને મળેલા ધનથી સત્કાર્યો કરવાની પ્રેરણા આપી ગયા.

શું તમારે સુખ જોઇએ છે ?

શું તમને સુખ વહાલું છે ?

જો ''હા''

તો આજે જ પ્રમાદને ખંખેરી ધર્મ આરાધનામાં ભગવાનની ભક્તિમાં જોડાઇ જાવ. પરમાત્માની ભક્તિ જન્મ-જરા-મરણના દુઃખોનો નાશ કરવા સમર્થ છે તો આ જીવનના સામાન્ય દુઃખોનો નાશ કેમ ન કરી શકે ? અર્થાત્ સહજતાથી કરી શકે એમ છે. ચાલો ! આપણે આજે જ ભગવંત ભક્તિમાં જોડાઇ એની દિવ્ય શક્તિને અનુભવવા ઉદ્યમવંત બનીએ.

# ૬ મર્યાદા ભંગ

ચંપાનગરી...

કર્ણરાજા...

સુબુદ્ધિ પ્રધાન...

રાજા ધર્મી અને ન્યાયી હતો.

પ્રધાન જિનેશ્વર પરમાત્માનો રાગી હતો.

એક દિવસની વાત છે.

રાજસભા ભરાયેલી છે. ત્યાં એક જાદુગરે રાજસભામાં પ્રવેશ કર્યો. રાજાને વિનયપૂર્વક નમસ્કાર કરી પોતાનો પરિચય આપતા કહ્યું. હું એક શ્રેષ્ઠ કલાકાર છું. સર્વ સ્થાનોમાં કળાથી સન્માન પામ્યો છું. આપ રજા આપો તો મારી કળા બતાવું.

રાજાએ પૂછ્યું – ''તું કલાકાર છે પણ કઇ કલામાં કુશળ છે તે તો જણાવ્યું જ નહિં.''

કલાકારે કહ્યું – ''રાજાજી ! જાદુની દુનિયાનો હું કલાકાર છું. મારી કલા જોઇ ભલભલા આશ્ચર્યમુગ્ધ બની જાય છે.''

રાજાએ રજા આપી. કલાકારને પોતાની કલા દેખાડવાની તક મળી. જાદુગરે જુદા જુદા વેશ ભજવી લોકોને ખુશ કરવા લાગ્યો. જોનારા એની કળાના વખાણ કરવા લાગ્યા. પોતાના વખાણ સાંભળી જાદુગર વધુ ને વધુ વેશ ભજવવાની અને લોકોને રીઝવવાની ધૂનમાં ભાન ભૂલ્યો. પોતાની મર્યાદા લોપવા લાગ્યો.

જુદા જુદા વેશ કાઢતાં હવે દેવ-દેવીઓના વેશ કાઢી એમની મશ્કરી કરી લોકોની પ્રશંસા પામવા લાગ્યો.

કલાકાર તો મર્યાદા ભૂલ્યો પણ રંગરાગમાં લયલીન બનેલા રાજા અને પ્રજા પણ મર્યાદા ભૂલ્યા. તેઓ પણ મજા માણતા રહ્યા.

એકમાત્ર સુબુદ્ધિ પ્રધાનને આ વાત ન ગમી. એણે કલાકાર ને

ચેતવણી આપી. પણ બધાને ખુશ જોઇને એણે સુબુદ્ધિ પ્રધાનની વાતને મજાકમાં ઉડાવી દીધી.

વાત અહીં જ ન અટકી. કલાકાર હજી આગળ વધ્યો. એણે જૈન દેવ-દેવી સાધુ-સાધ્વી અને ઠેઠ તીર્થંકરના વેશ કાઢી લોકોને હસાવી એની આશાતના કરવા લાગ્યો.

સુબુદ્ધિ પ્રધાન આ વાત જોઇ ન શક્યા. એમનાથી એ સહન ન થયું. બોલવાનો કોઇ અર્થ ન હતો. સુબુદ્ધિ પ્રધાન ધ્યાનમાં સ્થિર થઇ ગયા. ભક્તામર સ્તોત્રની બારમી ગાથાનું સ્મરણ... ચિંતન... ભક્તિ કરવા લાગ્યા.

ત્યાં ચમત્કાર થયો.

સાક્ષાત શાસનદેવી ત્યાં રાજસભામાં પ્રગટ થયા. વિવિધ વેશ કાઢી જૈન શાસનની અવહેલના આશાતના કરનાર કલાકારને ભરસભામાં તમાચો માર્યો. કલાકારનું મોઢું વાકું થઇ ગયું. લોકો એને જોઇને વધારે જોરથી હસવા લાગ્યા.

જાદુગરને પોતાની ભૂલ સમજાણી આમાંથી બચવાનો એક જ માર્ગ દેખાયો. હવે એ પ્રધાનના શરણે ગયો. પ્રધાન પાસે ક્ષમા યાચી બચાવી લેવા આજીજી કરવા લાગ્યો. પ્રધાન સમયના જાણકાર હતા એમણે દેવીને સવિનય પ્રાર્થના કરી. દેવીએ વાત સ્વીકારી જાદુગરનું વાંકુ થયેલું મોઢું સીધું કર્યું.

રાજા અને સભાજનોને દેવીએ જૈન ધર્મનો મહિમા સમજાવ્યો. રાજા એવં પ્રજાને જૈન ધર્મ માટે બહુમાન થયું બધાએ જૈન ધર્મની જય બોલાવી. સર્વત્ર જૈન ધર્મની પ્રભાવના થઇ.

જે જિનેશ્વર પ્રભુ કર્મના જાદુને જીતવા સમર્થ છે. કર્મસત્તારૂપ જાદુગરને હરાવવા સમર્થ છે તો આ બાહ્ય સામાન્ય જાદુગરને હરાવે એમાં શું આશ્ચર્ય છે.

આવો ! ભાવ ભક્તિ અને શ્રદ્ધાથી આપણે પણ ભગવંતને ભજીશું તો સાચા આત્માનંદને અનુભવવાનું અનોખું સૌભાગ્ય આપણને પ્રાપ્ત થશે.

# ૭ ભક્તિની શક્તિ

જે દીપકમાં તેલ નથી. એ દીપક પ્રજ્વલિત કેમ થશે ?

જે વૃક્ષના મુળિયામાં રસ નથી, એ ફળશે કેવી રીતે ?

જે જીવનમાં ક્ષમા નથી, ત્યાં ધર્મ આવશે કેવી રીતે ?

જે જીવનમાં ભક્તિ નથી ત્યાં ભગવાન ફળશે કેવી રીતે ?

આપણને ભગવંત મળ્યા પણ ભક્તિ ન ભળી એટલે જ તો આ પંચમ કાળમાં ભગવંતના વિરહમાં ભટકી રહ્યા છીએ.

ટાળવું છે ભવભ્રમણ ?

હે આત્મન્ ! જો ખરેખર તું ભવભ્રમણથી ભય પામ્યો હોય... ભવભ્રમણને ભાંગવું જ હોય તો ચાલ્યો જા ભગવંતના શરણમાં !

ભગવાનના શરણમાં જે પણ ગયો તે ભય મુક્ત પણ થયો. આજ દિવસ સુધી આપણે ભગવાનના શરણમાં ગયા નથી. ભગવાનની ભક્તિમાં ભીંજાણા નથી. ભગવાનની સાચી ભક્તિ કરવા સાચા ભક્ત બનવું પડે. સાચા ભક્ત બનવા આખા જગતને ભુલવું પડે. ભગવંતમાં અપૂર્વ શ્રદ્ધા પ્રગટાવવી પડે.

ભગવંત ભક્તિમાં ઉછળતા ભાવ સાથે રચાયેલા એક એક કડિમાં અનોખી શક્તિ હોય છે. ભક્તિમાં ભાવ આવે તો એક એક અક્ષર અણુબોમ્બ કરતા વધારે શક્તિશાળી બની જાય છે. ભવોભવના કર્મોના ભુક્કા બોલાવી દે છ.

માનવ ! જાગ, ઉઠ, ઉભો થા ભક્તિની દિવ્ય શક્તિનો પરિચય પામી એ ભક્તિને તારા જીવનમાં.. તારા હૃદયમાં સ્થાન આપ ભક્તિ તારી મુક્તિને નિકટ લાવી દેશે એમાં શંકા રાખીશ નહીં.

ભક્તામરની પ્રથમ બાર ગાથાઓના પ્રભાવને જાણી લીધા પછી ચાલો આગળની ગાથાઓના અદ્ભૂત પ્રભાવને સમજવા સાવધાન બનીએ... જાણીને સમજવા સાવધાન બનીએ. જાણીને માણવા સજ્જ

બનીએ...

અણહિલપુર પાટણ નગરી...

સત્યવાન શ્રાવક... ધર્મપ્રેમી અને શ્રદ્ધાળું...

ભક્તામરનો પરમ ભક્ત અને ત્રિકાળ આરાધક...

પિતાની ભક્તામર સાધના દિકરીને સ્પર્શી ગઇ. એણે દરરોજ ભક્તામરનો પાઠ કરવાનો નિયમ લીધો. ધીરે ધીરે ભક્તામર કંઠસ્થ થઇ ગયું. ભક્તામર પ્રેમી દિકરીનું નામ ડાહી.

ડાહી મોટી થઇ... યૌવનવયમાં પહોંચતા પિતાએ એને ભરૂચ નગરીમાં પરણાવી.

એકદા ડાહી પોતાના પરિવાર સાથે પાટણથી ભરૂચ આવવા નિકળી માર્ગમાં થાક લાગતાં સપરિવાર સહુ વિસામો લેવા તળાવની પાળે બેઠા. માર્ગમાં વિસામો લીધો ત્યાં ૮-૧૦ લુટારાઓ લુંટ ચલાવવા ત્યાં આવી પહોંચ્યા. માણસોએ લુંટારાઓનો સામનો કર્યો. પણ તેઓ પહોંચી ન શક્યા. ચારે દિશામાં બધા નાસી ગયા.

બધા ભાગી જતાં લુંટારાઓ ડાહીને હેરાન કરવા લાગ્યા.

ડાહીએ લુંટારાઓને સમજાવવાની ઘણી કોશિશ કરી પણ એને સફળતા ન મળી. લુંટારાઓ સમજે એમ ન હતા. અંતે ડાહીને ધર્મની શરણાગતિ સ્વીકારવાનો વિચાર આવ્યો. એ સ્થિર થઇ ગઇ અને ભાવપૂર્વક ભક્તામરની ૧૩મી તથા ૧૪મી ગાથા યાદ કરી તેની આરાધનામાં લયલીન બની ગઇ.

ભક્તામરની આરાધનાએ પરચો બતાવ્યો. બધા લુંટારાઓ સ્થિર થઇ ગયા. નથી પગ આગળ વધી શકતા... નથી હાથ કામ કરી શકતા. આવી પરિસ્થિતિથી લુંટારાઓ ઘબરાયા. હવે શું કરવું ? કોઇ માર્ગ ન દેખાયો.

ડાહીના શીયળનો અને ભક્તામર આરાધનાનો પ્રભાવ જોઇ બધા આશ્ચર્ય પામ્યા. આજુ બાજુ નાસી ગયેલા પોતાના સર્વ પરિવારના

સભ્યોને બોલાવી ડાહીએ અધુરી મુસાફરી પૂરી કરવા આગળ વધવાની તૈયારી કરી.

સહુને સજ્જ થયેલા જોઇ લુંટારાઓનો સરદાર અત્યંત વિનય પૂર્વક ડાહીને પ્રાર્થના કરવા લાગ્યો - ''હે બેન ! અમારી ભૂલ થઇ તારા જેવી પવિત્ર સતીને અમે હેરાન કરી. બેન અમને ક્ષમા કર. અમે હમણાં જ પ્રતિજ્ઞા કરીએ છીએ. આજથી ક્યારેય કોઇ પણ સ્ત્રીને હેરાન કરીશું નહીં. પણ અમને આ દુઃખમાંથી મુક્ત કર.''

ડાહીને દયા આવી. એણે ફરીથી ૧૩ અને ૧૪મી ભક્તામરની ગાથાનું સ્મરણ કરી એમના ઉપર પાણી છાંટ્યું. લુંટારાઓ છૂટા થયા. ડાહીના પગમાં પડી બધાએ ક્ષમા યાચના કરી. સહુ ડાહીના શીલ અને સાધનાની પ્રશંસા કરવા લાગ્યા. વાત પાટણ અને ભરૂચમાં પ્રસરતાં બધી જગ્યાએ જૈન ધર્મનો ભક્તામર સ્તોત્રનો જયજયકાર થયો.

જે ભગવંતની ભક્તિ ક્રોધ-માન-માયા-લોભરૂપી લુંટારાઓથી આત્માનું રક્ષણ કરવા સમર્થ છે તે શું આવા બાહ્ય લુંટારાઓથી રક્ષણ ન કરે ? અર્થાત્ સહજતાથી આપણું રક્ષણ કરે.



# ૮ દુઃખ મુક્તિ

ચંપાનગરી...

ધુરસેન રાજા...

રાજા દયાળુ અને નીતિવાન છે.

ગુણચંદ્ર પ્રધાન...

પ્રધાન ગુણવાન અને ન્યાયી છે.

રાજાને શાંતિ છે... પ્રજા સુખી છે.

પણ બધાની સુખશાંતિ ક્યાં કાયમ ટકે છે ?

રાજાના જીવનમાં પણ એવું જ બન્યું.

રાજાનો કોઈ પાપોદય જાગ્યો. અચાનક કોક પિશાચનો વળગાડ થયો. રાજા પિશાચના વડગાળથી બેભાન થઈ ગયો. ઘણા ઘણા ઉપચાર કરાવવામાં આવ્યા પણ કોઈ ફરક દેખાતો નથી. રાજાની અસ્વસ્થતા અને બેચેની વધવા લાગી. રાજા-પ્રધાન ચિંતિત બન્યા. પ્રજા પણ દુઃખી થઈ સહુ રાજા જલ્દી બરાબર થાય એ માટે પ્રભુ પ્રાર્થના - જાપ આદિ કરવા લાગ્યા.

એક દિવસ નગરીમાં મહાન જૈન મુનિરાજનું આગમન થયું. સંઘના આગ્રહથી મુનિરાજે નગરમાં સ્થિરતા કરી. પ્રવચનાદિથી પ્રવૃત્તિઓ ચાલુ થઈ. મુનિરાજના પ્રભાવથી સહુ આકર્ષાયા. નગરના કેટલાક શ્રાવકોએ ગુણચંદ્ર પ્રધાનને વાત કરી. ''પ્રધાનજી ! રાજા માટે મુનિરાજને વાત કરવામાં આવે તો કાંઈક માર્ગ નિકળી શકે એમ લાગે છે !''

પ્રધાનજીને પ્રયત્ન કરવામાં વાંધો ન હતો. પ્રધાનજી નગરના બે - ચાર પ્રતિષ્ઠિત મહાનુભાવોને લઈને મુનિરાજ પાસે પહોંચ્યા. વિધિ પૂર્વક વંદના કરી. સુખશાતા પૂછી એમની પાસે બેઠા. થોડી આડી-અવળી વાતો કરી પ્રધાનજીએ મૂળવાત માંડી. ''ગુરુદેવ ! અમે આપની પાસે એક

શાસન પ્રભાવના થાય એવું કામ લઈને આવ્યા છીએ. આપશ્રી તો દયાના ભંડાર છો... અમારા ઉપર કરૂણા કરો. અમારા નગરીના રાજા ધુરસેન કેટલાક દિવસથી પિશાચના વડગાળથી પીડાઇ રહ્યા છે. તમો જ્ઞાની છો સમર્થ છો અમારા રાજાને ઉગારવાથી રાજા અને પ્રજાના મનમાં જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધા જાગશે. જૈન ધર્મનો મહિમા વધશે. આપની કિર્તિ પણ ચારે બાજુ ફેલાશે.''

પ્રધાનજી મુનિરાજ શું જવાબ આપે છે તે જાણવા આતુર બન્યા.

મુનિ ક્ષણવાર વિચારવા લાગ્યા. કાર્ય કરવાની હા કે ના પાડવી એની ગડમથલ થોડો સમય ચાલી અંતે શાસન પ્રભાવના માટે કાર્ય સ્વીકારી બીજા દિવસે રાજાને ઉપાશ્રયમાં લઇ આવવા કહ્યું. બધાએ મુનિરાજ પાસેથી રજા લીધી.

રાત્રીના નિરવ શાંતિમાં મુનિરાજે પદ્માસન લગાડ્યું. ધ્યાનમાં બેસી ગયા. ભક્તામર સ્તોત્રની પંદરમી ગાથાનું ચિંતવન કરવા લાગ્યા. શાસનદેવીનું સ્મરણ કર્યું. શાસનદેવી હાજર થયા. મુનિરાજે શાસનદેવીને રાજાના દુઃખનો ઉપાય પૂછ્યો. શાસનદેવીએ કહ્યું ? ''ભક્તામર સ્તોત્રની આજ (એટલે પંદરમી) ગાથાનું ચિંતવન કરી રાજાના લલાટે રાખનું તિલક કરતાં રાજા સ્વસ્થ થઇ જશે.'' શાસનદેવી અદ્રશ્ય થયા.

બીજા દિવસે રાજા-પ્રધાન અને અન્ય નગરજનો ઉપાશ્રયમાં પધાર્યા. ગુરુવંદના કરી મુનિરાજ સામે બેઠા. મુનિરાજે પંદરમી ગાથાનું ચિંતવન કરી રાખથી રાજાના લલાટે તિલક કર્યું. રાજા ક્ષણવારમાં સ્વસ્થ બની ગયા. પરમ શાંતિને પામ્યા.

સહુએ જૈન ધર્મનો જય જયકાર કર્યો રાજા અને પ્રજા સહુને જૈન ધર્મનો આવો અદ્‌ભૂત મહિમા જાણી આનંદ થયો.

# ૯ ધર્મ પ્રભાવ

**ધન્ય તે કાય જેણે પાય તુજ પ્રણમીયા,**
**તુજ થુણે ધન્ય તે ધન્ય જિહા**
**ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતા,**
**ધન્ય તે રાત ને ધન્ય દિહા...**

પૂજ્યપાદ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહી રહ્યા છે... ખરેખર તેજ કાયા ધન્ય છે જેણે તારા ચરણોનું શરણ ગ્રહ્યું...

તેજ જીભ ધન્ય છે જેણે તારી સ્તવના કરી..

તેજ હૃદય ધન્ય છે જ્યાં સદા તારું જ સ્મરણ છે...

તેજ દિવસ અને રાત પણ ધન્ય છે જે તારી ભક્તિમાં વીત્યા છે...

પ્રભુ ભક્તિની શક્તિ જેણે જીવનમાં અનુભવી છે એવા મહાપુરુષોના મુખમાંથી આવા શબ્દો સરી પડે એમાં આશ્ચર્ય નથી. આ શબ્દો ભક્તિની શક્તિનો આપણા જેવા પામર જીવોને પરિચય કરાવવા માટે છે.

આજે આપણે ક્યાં નથી દોડતા ? જીવનમાં સુખ-શાંતિ પામવા આખી દુનિયા ફરી વળ્યા. દેશ-પરદેશ ફર્યા... હોટલો અને બિઅર બારોમાં રખડ્યા... સિનેમા નાટકોમાં ભટક્યા... ક્લબો અને મહેફીલમાં મહાલ્યા... ક્યાંય-ક્યાંય શાંતિ ન મળી... શાંતિ મળવાને બદલે જીવનમાં અશાંતિ અને સંતાપમાં જ વધારો થયો.

માનવી હવે માની જા...

સાનમાં કહું છું હવે તો સમજી જા...

જો ખરેખર તને તારા જીવનમાં સાચા સુખ-શાંતિનો અનુભવ કરવો હોય તો તારા બધા જ અખતરા છોડીને ચાલ્યો આવ પ્રભુના

શરણમાં... લલકારી દે એમનું એકાદું સ્તવન... હૃદયમાં કરી લે પ્રભુનું સ્મરણ રટણ.

પછી જોઇલે એમાં શક્તિ છે... એમાં કેવી મસ્તી છે... એમાં કેવો આનંદ છે. થઇ જશે જો એકવાર એનો અનુભવ તો સફળ બની જશે તારું જીવન.

ભક્તામરની પંદર ગાથાઓના પ્રભાવને જાણ્યા પછી હવે અહીં પ્રસ્તુત છે ગાથા સોળ...સત્તર...અને અઢારના પ્રભાવને જણાવતી કથાઓ... આ કથાઓ દ્વારા ભક્તિ અને ભક્તામરની દિવ્ય શક્તિને ઓળખી ભવ્ય ભક્તિના સાધક બનીએ એ જ એક મનોકામના...

***

સારંગપુર નગરી હતી...

ત્યાં સગર રાજા રાજ્ય કરતો હતો...

દેવીસિંહ રાજકુમાર હતો...

રાજા આસ્તિક... ન્યાયી અને નીતિવાન હતો.. જ્યારે રાજકુમાર નાસ્તિક અને ક્રુર હતો.

રાજાએ રાજકુમારને ધર્મના સંસ્કારો આપવાના ઘણા જ પ્રયત્નો કર્યા પણ એમને સફળતા ન મળી. રાજકુમાર દિવસે દિવસે બગડવા લાગ્યો. ખાવું... પીવું... મજા કરવી... સજ્જનોને સતાવવું... વ્યસનોનું બેફામ સેવન કરવું... એ એનો નિત્યક્રમ બની ગયો હતો.

રાજકુમારના આવા વર્તનથી રાજા અત્યંત ચિંતિત હતો. એના મનને ક્યાંય શાંતિ ન હતી. રાજકુમારના વર્તનને સુધારવા રાજાએ સર્વ પ્રકારના પ્રયત્નો કર્યા પણ રાજકુમાર ઉપર એની કોઇ અસર ન થઇ એની પ્રવૃત્તિઓમાં કોઇ ફેરફાર ન થયો.

એકદા દેવીસિંહ રાજકુમાર પોતાના મિત્રોની સાથે વનવિહાર કરવા નિકળ્યો. વનમાં ફરતા ફરતા એમની નજર એક વૃક્ષ નીચે ધ્યાનસ્થ ઉભેલા મુનિરાજ ઉપર પડી. બધા મુનિરાજ પાસે આવ્યા. યોગાનુયોગે

મુનિરાજે પોતાનું ધ્યાન પૂર્ણ કર્યું. પોતાની આદત મુજબ રાજકુમારને મુનિરાજની મજાક કરવાનું મન થયું અને એણે કહ્યું – ''હે મુનિ ! આ જીવનના દેખાતા સુખોને છોડી સ્વર્ગના સુખોને મેળવવા શા માટે કષ્ટ વેઠી રહ્યા છો. આ વિશ્વમાં સ્વર્ગ-નરક કે પાપ-પુણ્ય જેવું કાંઇ જ નથી. આ તો ભોળી પ્રજાને ઠગવા માટે તમે સાધુડાઓએ ઉભી કરેલી માયાજાળ છે... પ્રપંચ છે.''

મુનિરાજ તો સખેદ આશ્ચર્ય પામ્યા. સંસારમાં આવા પામર જીવો પૂર્વે પાપ કરીને આવેલા હોય છે તેથી ધર્મ રૂચતો નથી અને અહીં પણ ધર્મની મશ્કરી કરીને ફરી ભવિષ્યમાં ધર્મને દુર્લભ બનાવે છે. મુનિરાજને દયા આવી. એમણે આ સહુને ધર્મ પમાડવાનો નિશ્ચય કર્યો અને શાંતચિત્તથી ભક્તામરની ૧૬મી અને ૧૭મી ગાથાનું સ્મરણ ચિંતન-રટણ કરવા લાગ્યા.

આ બાજુ રાજકુમાર બેભાન થઇ ગયો. જાણે તે સ્વપ્ન જોઇ રહ્યો હોય તેમ નારકીના દુઃખો એને દેખાવવા લાગ્યા. નરકમાં પરમાધામી દેવ કોઇને મારી રહ્યા છે. રાઇ જેટલા ટુકડા કરે છે.. કોઇને ધગધગતા લાલ થયેલા લોખંડના સળિયા ચાંપી રહ્યા છે... કોઇને સીસું ઉકાળીને પીવડાવે છે. ઉપર ઉછાળી નીચે શીલા ઉપર પછાડે છે. પૂર્વભવોમાં કરેલા પાપોને યાદ કરાવી... કરાવી વધારે પીડે છે... દુઃખ આપે છે. દુઃખોમાંથી છુટવા દોડાદોડ કરે છે પણ પરમાધામી દેવો તેમને છટકવા દેતા નથી.

આ બધું જોઇને રાજકુમાર સ્વયં ત્યાંથી ભાગી જવા પ્રયત્ન કરે છે પણ પરમાધામી જવા દેતા નથી... પકડીને કહે છે ક્યાં ભાગી જાય છે ? તે પણ મનુષ્યભવમાં આ બધાના જેવા જ પાપો કર્યા છે. ધર્મને તો તું માનતો જ ન હતો. ધર્મની ઠેકડી ઉડાવતો હતો... સાધુ સંતોની મજાક-મશ્કરી કરતો હતો. ભોગવી લે હવે તેના ફળ. એમ કહી તેને ખેંચીને લઇ જાય છે અનેક પ્રકારના દુઃખો આપે છે. રાજકુમાર ધ્રુજવા લાગ્યો.. ફરી ફરીને માફી માંગવા લાગ્યો. મને એકવાર અહીંથી મુક્ત કરો ફરી ક્યારે

પણ પાપો કરીશ નહીં. ધર્મને સાધુઓનો આદર કરીશ. એમની વાત સ્વીકારી સત્કાર્યો કરી જીવન સુધારીશ.

ત્યાં રાજકુમારની બેભાન અવસ્થામાંથી મુક્તિ થઇ. તેણે આંખ ખોલી આજુબાજુ જોયું તો મુનિરાજ ધ્યાનસ્થ દશામાં લીન છે... મિત્રો એની સારવાર કરી રહ્યા છે...

રાજકુમાર અત્યંત આશ્ચર્ય પામ્યો. ઉઠીને બેસી ગયો. એની નજર સમક્ષ નારકીના દુઃખો સિનેમાના દ્રશ્યોની જેમ દેખાવા લાગ્યા. એનું મન એને દુઃખોથી મુક્ત થવા પાપી જીવનને છોડવા સમજાવી રહ્યું હતું. ત્યાં તો મુનિરાજે ધ્યાન પૂર્ણ કર્યું રાજકુમાર મુનિરાજના ચરણોમાં પડી વારંવાર ક્ષમા માગવા લાગ્યો. પોતાના પાપી જીવનને સુધારવા વિનંતી કરવા લાગ્યો.

મુનિરાજે ધર્મનું સાચું સ્વરૂપ સમજાવ્યું. રાજકુમાર શ્રાવક યોગ્ય વ્રતોનો સ્વીકાર કરી અત્યંત શ્રદ્ધાપૂર્વક ધર્મના માર્ગે આગળ વધ્યા. હૃદયમાં ધર્મ અને ધર્મ પમાડનાર ગુરુ ભગવંતને સ્થિર કરી પોતાના નગરમાં ગયા.

રાજા-રાણી અને નગરજનોને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે સહુ આનંદ પામ્યા. રાજકુમાર ધર્મ પામી પવિત્ર અને સુખી જીવનના સ્વામી બન્યા.

જ્યાં ધર્મ ત્યાં પવિત્રતા અને જ્યાં પવિત્રતા ત્યાં સુખ અને શાંતિનો વાસ. ચાલો આપણા જીવનમાં ધર્મને બિરાજમાન કરીએ જેથી પવિત્રતા અને સુખ-શાંતિના સ્વામી બનીએ.

જે ભક્તામરની સાધનાથી રાજકુમાર ધર્મ પામ્યા એ જ ભક્તામરના ઉપાસક અને આરાધક બની આત્માને કર્મની જંજીરોમાંથી મુક્ત કરીએ.

# ૧૦ શાસન પ્રભાવના

પાટણ નગરી છે..

કુમારપાળ રાજા છે...

ધર્મી અને ન્યાયી... અહિંસક અને દયાળુ...

રાજાનો અંબડ નામે પ્રધાન હતો...

પ્રધાન પણ ધર્મી અને પ્રજ્ઞાવાન હતો...

એકદા અંબડ પ્રધાને માતાની ઈચ્છા પૂર્ણ કરવા પાટણથી કચ્છ ભદ્રેશ્વરનો સંઘ કાઢ્યો. ધામધૂમથી સ્નેહી... સંબંધી અને સાધર્મિકો સાથે પ્રયાણ કર્યું.

ગામ...નગર ફરતા... નવી નવી યાત્રાઓ કરતા અને ચારે બાજુ જિન શાસનનો જયજયકાર કરતા ઘણા દિવસે કચ્છના રણના કાંઠે મુકામ કર્યો.

પંચરંગી તંબુઓ બંધાયા... કોઇ નાના કોઇ મોટા... સુંદર વિશાળ નગરી વસી હોય એવું ભાસવા માંડ્યું. આજુબાજુના ગામડાના માણસો શ્રી સંઘના દર્શન કરવા આવવા લાગ્યા... દર્શન કરી પાવન બની પોતાની જાતને ધન્ય માનવા લાગ્યા. સર્વત્ર આનંદ આનંદ છવાઇ ગયો. પ્રભુ ભક્તિમાં ક્યાં દિવસ-રાત વીતી ગઇ એની ખબર પણ ન પડી.

વહેલી સવારે સૌ તૈયાર થયા...

ઢોલ શહેનાઇના સૂર રેલાયા...

નોબત ગડગડી...

સમસ્ત શ્રી સંઘે વાજતે ગાજતે પ્રયાણ કર્યું... બધા જલ્દી જલ્દી ચાલવા લાગ્યા. આજે પંથ લાંબો હતો. વિકટ હતો... રણને પાર કરવાનું હતું. ત્યાં આશ્ચર્ય થયું. જ્યાં સંઘ અધવચ્ચે પહોંચ્યો ત્યાં બધા સંઘના સભ્યો સ્થિર થઇ ગયા.. ન આગળ ચાલી શકે ન પાછળ જઇ શકે. ન

ચાલે બળદો... ન ચાલે ગાડા. સમસ્ત શ્રી સંઘની આવી હાલત જોઇ અંબડ સ્વયં ચિંતાતૂર બન્યો. વિચાર કરતાં એની માતાને ગુરુમુખે સાંભળેલો ભક્તામરનો પ્રભાવ યાદ આવી ગયો. એણે પૂત્ર અંબડને તથા સમસ્ત શ્રી સંઘને ભક્તામરની ૧૮મી ગાથાનો જાપ કરવા જણાવ્યું. આખો સંઘ ભક્તામરનો અઢારમી ગાથાના સ્મરણમાં... ધ્યાનમાં લયલીન બન્યો... થોડો સમય પસાર થયો ત્યાં શાસનદેવ હાજર થઇ ગયા. શ્રી સંઘની આવી હાલત જોઇ દુઃખી થયા. જ્ઞાનનો ઉપયોગ આપતા સમજાયું કે જૈન ધર્મના વધતા યશ-કીર્તિ અને પ્રભાવને સહન ન કરી શકવાથી અને જોઇ ન શકવાથી મિથ્યાત્વી દેવે આ કાર્ય કર્યુ છે.

શાસનદેવે તરત તે મિથ્યાત્વી દેવની ત્યાંથી હકાલપટ્ટી કરી અને સંઘને ભયમુક્ત કર્યો. જિન શાસનનો જયજયકાર થયો. નિર્વિઘ્ને ભદ્રેશ્વર તીર્થની યાત્રા કરી પાછા ફરેલા યાત્રિકોના મુખે આ વાત સાંભળી સર્વત્ર જૈન ધર્મની પ્રભાવના થઇ.

રાગ-દ્વેષ જેવા મોટા શત્રુઓને પરમાત્મા ભક્તિથી જીતી શકાય છે તો પછી આ મિથ્યાત્વી દેવને જીતાય એમાં ક્યાં આશ્ચર્ય છે ?

ચાલો આપણને મળેલી અપૂર્વ તક ન ગુમાવીએ. પરમાત્મ ભક્તિ અને પ્રભુભક્તિ ભરપૂર ભક્તામર સ્તોત્રની આરાધના કરી પવિત્ર બળની વૃદ્ધિ કરી માનવ ભવને સફળ કરીએ.



# ૧૧ ભક્તિની જીત

**ક્યારે પ્રભુ ! નિજ દ્વારા ઉભા બાળને નિહાળશો ?**
**નિત નિત માગે ભીખ ગુણની, એક ગુણ ક્યારે આપશો ?**
**શ્રદ્ધા દીપકની જ્યોત ઝાંખી, જ્વલંત ક્યારે બનાવશો ?**
**સૂના સૂના અમ જીવનગૃહમાં, આપ ક્યારે પધારશો ?**

દેલવાડાના બેનમુન જિનાલયો...
રાણકપૂરનું ભવ્ય જિનાલય...
તીર્થાધિરાજ શત્રુંજયના જિનાલયો...
તારંગાનું આભ ઉંચુ જિનાલય...

માનવના હૃદયમાં રહેલી ઊંડી... ઉંચી... અને અતુટ પરમાત્મ ભક્તિ અને શ્રદ્ધાના જાગતા પ્રતિક છે.

કરોડો રૂપિયા ખર્ચીને કોઇ જિનાલય બનાવે છે...
લાખો રૂપિયા ખર્ચીને કોઇ પ્રતિમા ભરાવે છે...
કોઇ હિરા-મોતીના દાગીના ચડાવે છે...
કોઇ સોના-ચાંદીના આભુષણો અર્પણ કરે છે...
કોઇ નાની-મોટી વસ્તુ જિનાલયમાં ભેટ ધરે છે...
કોઇ પૈસો-બે પૈસા ભંડારમાં નાંખે છે...

આ બધાના હૃદયમાં પરમાત્માની અજબ-ગજબની ભક્તિ વસેલી છે. ભક્તિના પ્રવાહમાં જે વહેતા જાય છે તે પરમાત્મરૂપી સાગરને પામીને જ રહે છે.

બાહ્ય દુનિયાના પાણીના પ્રવાહમાં તરવા નાવડી જોઇએ તેવી જ રીતે ભક્તિના પ્રવાહમાં આગળ વધવા સ્તોત્રોની આવશ્યક્તા છે. જિનશાસનમાં આવા ભક્તિના પ્રવાહમાં ખેંચી જતા સ્તોત્રોનો ભંડાર છે.

ઉપસર્ગહર સ્તોત્ર... ભયહર સ્તોત્ર...
કલ્યાણમંદિર સ્તોત્ર... ઋષિમંડલ સ્તોત્ર...

ભક્તામર સ્તોત્ર... વજપંજર સ્તોત્ર...

આ સ્તોત્રોના સહાયથી ભક્તિના મહાસાગરમાં પ્રવેશ સહજ સંભવિત બને છે. આવા ભક્તામર સ્તોત્રની શક્તિનો આપણે આંશિક પરિચય મેળવવા પ્રયત્ન કરી રહ્યા છીએ. એની સાધના અને આરાધના સાધકને ભક્તિમાં કેવી સફળતા આપે છે. સાધક વિપત્તિઓના ડુંગરા કેવી રીતે પાર પામી જાય છે ? એનો સુંદર અભ્યાસ ચાલુ છે. અઢાર-અઢાર ગાથાના પ્રભાવને વર્ણવતી કથાઓ વાંચ્યા પછી હવે આપણે આગળ વધીએ.. આપણા જીવનમાં ભક્તામર ઉપર પરમ શ્રદ્ધા ધારણ કરીને જીવન સફળ બનાવવા સાચો પુરુષાર્થ આદરીએ.

ભરતક્ષેત્ર... વિશાળ નગરી... લક્ષ્મીકાંત શેઠ...

ધનવાન અને ધર્મવાન...

પરોપકારી પણ એવાજ...

નાનપણમાં ગુરુ ભગવંત પાસે ભક્તામર શીખ્યા હતા... મોટા થતાં એની નિયમીત આરાધના કરવા લાગ્યા. વેપારમાં વ્યસ્ત હોવા છતાં ભક્તામરની મસ્તી માણવાનું ભૂલ્યા ન હતા... એમની અખંડ આરાધના ચાલુ હતી.

ભક્તની ભગવાનની ભક્તિ જોઇ સમકિતધારી દેવો ડોલી ઉઠે... પણ મિથ્યાત્વી દેવોને ઇર્ષ્યા આવે... ભક્તની આરાધનામાં અવરોધ ઉભા કરવાનું મન થાય.

એકદા સ્નાનાદિક કરીને શુદ્ધ વસ્ત્ર ધારણ કરી... પવિત્ર ભૂમિ ઉપર ગુરુએ બતાવેલા વિધિ મુજબ લક્ષ્મીકાંત ભક્તામર સ્તોત્રનો પાઠ ધ્યાન-કરી રહ્યા હતા. લક્ષ્મીકાંતને ધ્યાનથી ચલાયમાન કરવા દેવ આવ્યો. શેઠના ગુમાસ્તાનું રૂપ લઇને... જોર જોરથી બૂમો પાડતાં.... શેઠના પૂજાના રૂમમાં આવ્યો અને કહેવા લાગ્યો શેઠ ઉઠો... જલ્દી દોડો... દુકાનમાં ભયાનક આગ લાગી છે... લાખોનો માલ બળીને રાખ થઇ ગયો છે... શેઠ ઉપર આ શબ્દોની કોઇ અસર ન થઇ... શેઠ પોતાના

ધ્યાનમાં લયલીન બની રહ્યા...

પોતાનો દાવ નિષ્ફળ જવાથી દેવે બીજો દાવ અપનાવ્યો... શેઠના બીજા ગુમાસ્તાનું રૂપ લઇ... અતિ ગભરાયો હોય એવા હાવભાવ કરીને... શેઠ પાસે આવ્યો... શેઠ જલ્દી કરો... નાના શેઠને જલ્દી બચાવો... ત્રીજા માળેથી પડી જવાથી તમારો દિકરો બેભાન થઇ ગયો છે... શેઠ ગામ ભેગું થઇ ગયું છે... જલ્દી ચાલો...

શેઠ પોતાની સાધનામાં અડોલ રહ્યા... અચલ રહ્યા...

માનવીની જીત થઇ... દેવની હાર થઇ...

ભક્તની જીત થઇ... ભક્તિની જીત થઇ...

દેવ શેઠના ચરણોમાં નમી પડ્યો... ''શેઠ તમારી શ્રદ્ધા અને સાધના જોઇ પ્રસન્ન થયો છું માંગી લો જે જોઇએ તે માંગી લો.''

''દેવ-ગુરુ-કૃપાએ મારી પાસે બધું જ છે મને કાંઇ જ જોઇતું નથી.'' શેઠનો આવો જવાબ સાંભળીને અતિ પ્રસન્ન થયેલા દેવે ''દેવદર્શન નિષ્ફળ ન જાય'' એમ કહી એક મુલ્યવાન મણિ આપી ત્યાંથી વિદાય લીધી.

લક્ષ્મીકાંત શેઠ એકદા પરદેશથી પુષ્કળ ધન કમાઇને સ્વદેશ પાછા ફરી રહ્યા હતા. ત્યાં માર્ગમાં અચાનક જંગલમાં જ રાત પડી ગઇ... અમાસની અંધારી રાત... ભયાનક જંગલ... લુંટારુઓનો ભય... ક્યાંય માર્ગ સૂઝતો નથી. શેઠ મુંઝાયા. ઘણી વિચારણા કરી ત્યાં દેવે આપેલો ચન્દ્રકાન્તમણિ યાદ આવી ગયો છે. શેઠે ભક્તામરની ૧૯મી ગાથાનું સ્મરણ... ચિંતન... ધ્યાન કર્યું... અને ચન્દ્રકાન્તમણિ આકાશમાં ઉછાળ્યો. ચન્દ્રકાન્તમણિ આકાશમાં સ્થિર થઇ ગયો... ચારે બાજુ પ્રકાશ-પ્રકાશ ફેલાઇ ગયો... માર્ગ મળી ગયો... સવાર થતાં બધા જ જંગલ સુખપૂર્વક પાર કરી ગયા. શેઠે ફરી ભક્તામરની ઓગણીસમી ગાથાનું સ્મરણ કર્યું અને ચન્દ્રકાન્તમણિ પાછો ખેંચી લીધો. સહુ સહીસલામત ગામમાં પહોંચ્યા. ભક્તામરના પ્રભાવની... શેઠની સિદ્ધિની

વાત ગામમાં પ્રસરી. રાજા સહિત પ્રજાએ ભક્તામરની આરાધના કરવાનો શુભ સંકલ્પ કર્યો. ચારે બાજુ ધર્મનો જય જયકાર થયો.

જે પ્રભુ ભક્તિ કર્મના અંધકારને હટાવવા સમર્થ છે તેનાથી રાત્રીનો અંધકાર દૂર થાય એમાં ક્યાં આશ્ચર્ય છે. જરૂર છે અચલ શ્રદ્ધા પૂર્વક ભક્તિ માર્ગે આગળ વધવાની !

***

ભક્તામર સ્તોત્રની ઓગણીસમી ગાથાના પ્રભાવને જાણ્યા પછી આવો અહિં આપણે વીસમી ગાથાના ચમત્કાર સમજવા કટિબદ્ધ બનીએ.

## ૧૨ પુત્રરત્ન

નાગપુર નગરી...

મહિપતસિંહ રાજા...

ન્યાયી... અને પ્રજાવત્સલ...

એકદા રાજસભા ભરીને બેઠેલા છે...

પ્રધાન, સેનાપતિ, નગરશેઠ, વિદ્વાનો, જ્યોતિષો, નિમિત્તવેત્તાઓ બધા સભાને શોભાવી રહ્યા હતા... સહુ આનંદમાં હતા પણ રાજાનું ચેહરા ઉપર કાંઇક ઉદાસીનતા દેખાતી હતી. પ્રધાન રાજાના ચેહરા ઉપરથી ઉદાસીનતા જાણી ગયા અને અત્યંત વિનયપૂર્વક રાજાને ઉદાસીનતાનું કારણ જણાવવા કહ્યું. સાથે સાથે રાજાને કહ્યું  કદાચ મારામાં તમારી ઉદાસીનતા દૂર કરવાની તાકાત નહીં હોય પણ આ સભામાં બેઠેલા મહાનુભાવો જરૂર તમારી ઉદાસીનતાને દૂર કરી શકાશે.

રાજાએ પ્રધાનની વાત સાંભળી સભા ઉપર એક નજર ફેરવી અને અંતે મનની વાત જણાવતા કહ્યું – ''તમે સહુ જાણો છો મહારાણી ગર્ભવતી છે... મારે પુત્ર નથી... મારી અવસ્થા થવા આવી છે. રાણી સાહેબા પુત્રને જન્મ આપશે તો સારૂં. પણ જો પુત્રીને જન્મ આપશે તો મારું રાજ્ય કોણ સાચવશે ? આજ મારી ઉદાસીનતાનું કારણ છે.''

રાજાની વાત સાંભળી સહુએ મસ્તક નીચે ઝુકાવી દીધું. રાજાના પ્રશ્નનો જવાબ આપવાની કોઇનામાં હિંમત ન હતી. બધા જ પોતપોતાની રીતે પોતાની ગણત્રી કરવા લાગ્યા પણ ક્યાંયથી રાજાન જવાબ ન મળ્યો.

રાજાએ થોડીવાર જવાબની પ્રતિક્ષા કરી પણ જવાબ ન મળતા અત્યંત ગુસ્સામાં આવીને બોલી ઉઠ્યા – ''આવતી કાલે સાંજ સુધીમાં મારા સવાલનો જવાબ નહિં આપો તો તમને બધા વિદ્વાનો જ્યોતિષો અને નિમિત્તિઆઓને મારા રાજ્યમાંથી કાઢી નાંખીશ.. હદપાદ કરી નાંખીશ'' અને રાજા રાજસભા છોડીને ચાલ્યા ગયા.

રાજાની વાત સાંભળી બધા મૂંઝાયા... વાતને કેવી રીતે ઉકેલવી એનો વિચાર કરવા લાગ્યા. ત્યારે એક વૃદ્ધ જ્યોતિષ બોલ્યા ''આ નગરમાં એક વૃદ્ધ પરંતુ અત્યંત પ્રભાવિક જૈન ''શ્રી પૂજ્ય'' રહે છે. આપણે એમની પાસે જઇએ કદાચિત આપણને માર્ગ મળી જાય.

બધાએ વૃદ્ધ જ્યોતિષની વાતનો સ્વીકાર કર્યો. બધા ભેગા થઇ ''શ્રી પૂજ્ય''ની પાસે ગયા. એમની પાસે પોતાની મૂંઝવણ રજુ કરી. ''શ્રી પૂજ્ય'' બોલ્યા ''આમાં ચિંતા કરવાનું કોઇ કારણ નથી. આવતી કાલે રાજસભા ભરાય ત્યારે બોલાવજો. હું રાજાના મનનું સમાધાન કરી આપીશ.''

સહુ પોતાના સ્થાને ગયા.

વૃદ્ધ મહાત્માએ રાતના ભક્તામરની વીસમી ગાથાનું સ્મરણ... ચિંતન... ધ્યાન કર્યું. શાસનદેવીને પ્રગટ કર્યા અને રાજાના પ્રશ્નનો જવાબ જાણી લીધો.

બીજા દિવસે રાજસભામાં રાજાએ જ્યારે ખુલાસો માગ્યો ત્યારે વૃદ્ધ ''શ્રીપૂજ્ય'' ઉભા થયા અને એમણે કહ્યું ''હે રાજન્ ! આજથી બરાબર બારમે દિવસે મહારાણી પુત્રરત્નને જન્મ આપશે અને એ પુત્ર બહુ જ સારી રીતે ભવિષ્યમાં રાજ્ય સંભાળશે. આ વાતની ખાત્રી કરાવવા જણાવું છું કે જે સમયે રાજકુમારનો જન્મ થશે એ જ સમયે પટ્ટહસ્તિ અચાનક મરણને શરણ થશે.''

રાજા જવાબ સાંભળી સંતોષ પામ્યો.

અગ્યાર દિવસ વીતી ગયા. રાજાએ પુત્ર જન્મ-મહોત્સવની તૈયારીઓ કરી લીધી. બરાબર બારમા દિવસે રાજાનો પટ્ટહસ્તી મરણ પામ્યો અને એ જ સમયે રાજકુમારના જન્મની વધામણી મળી.

રાજાના જીવનમાં આનંદ આનંદ વ્યાપી ગયો. નગરના સકલ પ્રતિષ્ઠિત વ્યક્તિઓની સાથે રાજા વૃદ્ધ ''શ્રી પૂજ્ય''ને વંદન કરવા ગયા.

સમયને ઓળખી વૃદ્ધ મહાત્માએ જૈન ધર્મ અને ભક્તામર સ્તોત્રનો મહિમા સમજાવ્યો.

રાજા સહિત અનેક વિદ્વાનોએ જિનેશ્વર કથિત ધર્મનો સાદર સ્વીકાર કર્યો. ''જૈનં જયતિ શાસનમ્''નો નાદ વાતાવરણમાં ગુંજી ઉઠ્યો.

## ૧૩ ધર્મની શક્તિ

ગુજરાત દેશ...

સુંદરપુર નગર...

વિહાર કરતા કરતા પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી દેવસૂરિ મહારાજ આવી પહોંચ્યા. ગામમાં તપાસ કરતાં ખબર પડી કે નથી ગામમાં જિનાલય... કે નથી અહિં કોઇ ઉપાશ્રય, આચાર્ય ભગવંતના આશ્ચર્યનો અવધિ ન રહ્યો આવું કેમ બને ? અંતે એમણે ગામના કેટલાક વૃદ્ધોને બોલાવીને આ વાતની જાણકારી પૂછી. વૃદ્ધોએ જણાવ્યું આ ગામમાં પહેલા ઘણા જૈનો હતા. પરંતુ આ ક્ષેત્રમાં સાધુ મહાત્માઓનું આવાગમન ન હતું અને બ્રાહ્મણોનો જોર વધતો ગયો તેથી ધીમે ધીમે જૈનો અન્ય ધર્મ સ્વીકારતા ગયા... બીજા ધર્મીઓમાં ભળી ગયા.

આ વાત જાણીને સૂરીશ્વરજીએ ગામમાં ફરી જૈન ધર્મને જાગૃત કરવાનો સંકલ્પ કર્યો અને ગામના મધ્યમાં રહેલા વિશાલ શિવ મંદિરમાં ઉતારો રાખ્યો. અલ્પ સમયમાં ગામમાં વાત ફેલાઇ ગઇ કે એક જૈન

આચાર્ય શિવ ભગવાનને માને છે એ શિવ મંદિરમાં રહ્યા છે. લોકોના ટોળેટોળા આચાર્ય ભગવંતને જોવા ભેગા થયા. સમયના જાણકાર આચાર્ય ભગવંતે ભેગા થયેલા નગરવાસીઓને...

ધર્મ શું છે ?

ધર્મની શક્તિ કેવી છે ?

અને બીજા ધર્મો કરતા જૈન ધર્મની વિશેષતા શું છે ? તે સમજાવ્યું.

ગુરુદેવની મીઠી... મધુર... ધર્મના મર્મને સમજાવતી વાણી સાંભળી અનેકોને જૈન ધર્મ ઉપર શ્રદ્ધા બેઠી.

પણ આવું બને એ બ્રાહ્મણોને ન જ ગમે એ તો સ્વાભાવિક છે. બ્રાહ્મણો ગુસ્સે ભરાયા અને આચાર્ય ભગવંતને મંદિરમાંથી ઘસડીને બહાર કાઢવા પ્રયત્ન કરવા લાગ્યા. આચાર્ય ભગવંત શાંત હતા... સ્થિર હતા... તેઓશ્રી ભક્તામરની એકવીસમી ગાથાના સ્મરણ... ચિંતન અને ધ્યાનમાં લયલીન બની ગયા.

બ્રાહ્મણોએ ઘણા પ્રયત્ન કર્યા પણ આચાર્ય ભગવંતને મંદિરમાંથી કાઢવામાં એમને સફળતા ન મળી... હવે એમણે સૂરીજીને દોરડાથી બાંધવા પ્રયત્ન કર્યો. તો ચમત્કાર થયો દોરડાના ટુકડે ટુકડા થઈ ગયા. ગુરુ ભગવંત ઉપર કોઈ અસર ન થઈ. બ્રાહ્મણોએ જૈન ધર્મના પ્રભાવ જાણ્યો અને આચાર્ય ભગવંતની શરણાગતિ સ્વીકારી.

આચાર્ય ભગવંતે અનેકોને જૈન ધર્મમાં સ્થિર કરી અદ્‌ભૂત જિનશાસનની પ્રભાવના કરી. કોટિ કોટિ વંદન કરીએ આવા પવિત્ર... શાસન પ્રભાવક ધોરી આચાર્ય ભગવંતને !



# ૧૪ સુખ શાંતિ

**ક્યારે પ્રભુ ! તુજ**
**સ્મરણથી આંખો થકી આંસુ ઝરે,**
**ક્યારે પ્રભુ ! તુજ નામ વદતા**
**વાણી મુજ ગદ્‌ગદ બને,**
**ક્યારે પ્રભુ તુજ નામ શ્રવણે**
**દેહ રોમાંચિત બને,**
**ક્યારે પ્રભુ ! મુજ શ્વાસે**
**નામ તારું સાંભરે...**

પ્રભુ ! તમે મળ્યા પણ હું તમને ઓળખી ન શક્યો... અનાદિના પ્રવાહમાં વિષય અને કષાયના સંગે રંગાયો... તમને કદી યાદ ન કર્યા... તમને કદી હૃદયમાં ધારણ ન કર્યા... પ્રભુ આજે તમે મળ્યા... તમારી શક્તિનો અનુભવ પણ થયો... છતાં મારા ઉપર સંસારની વસ્તુ અને વ્યક્તિઓની એવી મજબૂત પકડ છે કે હજી તારી ભક્તિનો જે રંગ લાગવો જોઈએ એવો રંગ લાગતો નથી...

પ્રભુ ! રાવણને તારી ભક્તિનો રંગ લાગ્યો અને એમણે તીર્થંકર પદ પ્રાપ્ત કરી લીધું...

કુમારપાળ, રાજા બન્યા એ પણ આપની ભક્તિનું જ ફળ હતું ને ?

પેથડશા, જાવડશા... વસ્તુપાળ ને તેજપાળ... બધાને તારી ભક્તિનો પરિચય હતો...

ભક્તિની મસ્તી હતી...

ક્યારે મળશે મને આવી ભક્તિ ?

ક્યારે ફળશે મારી મનો કામના ?

ભવોભવમાં સંસાર જ માંગ્યો છે... પ્રભુ આજે તારી પાસે ભક્તિની

ભીખ માંગું છું... ભક્તિમાં એકતાનતા યાચું છું...

જેમણે જેમણે ભક્તિમાં લયલીનતા પ્રાપ્ત કરી છે એમનો બેડો પાર થયો છે... દ્રવ્ય-ઋદ્ધિ-સિદ્ધિની સાથે એમણે આત્માની અમરતા પ્રાપ્ત કરી છે.

આવી આત્માની અમરતાને પ્રાપ્ત કરવામાં સહાયક બને છે અનેક મહાત્માઓના રચેલા સ્તોત્રો. આ સર્વ સ્તોત્રોમાં વર્તમાનમાં મોખરે છે ભક્તામર સ્તોત્ર.

આ ભક્તામર સ્તોત્રની એક એક ગાથામાં મંત્રાક્ષરો સહિત ભક્તિની પ્રચંડ શક્તિનો ભંડાર છે. આ એક એક ગાથામાં ચમત્કારનું સર્જન કરનારી ગૌરવવંતી ગાથા છે. ભક્તિની દિવ્ય શક્તિની યશોગાથામાં આપણે આગળ વધીએ. એકવીસ ગાથાઓની કથાઓને જાણ્યા પછી આગળની ગાથાઓની શક્તિનો પરિચય કરીએ.

કુન્દનપુર નગરી...

દેવધર રાજા...

એકદા રાજ્ય સભામાં બૌદ્ધ અને જૈન મુનિનો વાદ યોજાયો. રાજસભા ભરાણી. અનેક નગરજનો... વિદ્વાનો... પ્રતિષ્ઠિત મહાનુભાવો પધાર્યા. ત્યાં સહુના અભિવાદનને ઝીલતા દેવધર રાજા પધાર્યા... સિંહાસને બિરાજમાન થયા. રાજાની આજ્ઞા થઇ.

રાજાની આજ્ઞા થઇ બૌદ્ધમુનિ પ્રજ્ઞાકર અને જૈન સાધુ શ્રી મતિસાગરજી શાસ્ત્રાર્થ કરવા સજ્જ બન્યા. જૈન સાધુ શ્રી મતિસાગરજી ધ્યાનસ્થ બન્યા... ભક્તામર સ્તોત્રની બાવીસમી ગાથાનું સ્મરણ...ચિંતન કર્યું...દેવના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. પછી બૌદ્ધમુનિ સાથે વાદનો પ્રારંભ કર્યો. બૌદ્ધોના એકાંતવાદને અનેક પ્રકારના દાખલા – દલીલો સાથે તોડીને જૈનોના અનેકાંતવાદને પ્રસ્થાપિત કર્યો. બૌદ્ધમુનિ જૈન સાધુની સામે વધુવાર ટકી ન શક્યા તેઓ નિરૂત્તર બની ગયા. જૈન શાસનનો જયજયકાર થયો.

રાજા સહિત સહુ વિદ્વાનોએ જૈન દર્શનની શ્રેષ્ઠતાનો સ્વીકાર કર્યો.

બૌદ્ધમુનિ પ્રજ્ઞાકર હારી જવાથી શરમાયો અને રાજસભામાં પોતાનું અપમાન થયું છે માનીને જૈન સાધુને હરાવવા ઉપાય શોધવા લાગ્યો. માનવી કાંઇક ધારે છે... કુદરતને કાંઇક જૂદું જ મંજુર હોય છે. અચાનક બૌદ્ધમુનિનું આયુષ્ય પૂર્ણ થયું... તેઓ યક્ષ બન્યા.

યક્ષ બનેલા બૌદ્ધમુનિ રાજાને જુદા જુદા ચમત્કાર દેખાડવા લાગ્યો. રાજા ચમત્કાર જોઇ યક્ષની પૂજા કરવા લાગ્યા. રાજાને પોતાનો ભક્ત જાણી હવે આ યક્ષ જૈનોને હેરાન-પરેશાન કરવા લાગ્યો.

મતિસાગર મુનિરાજ ધરતિને પાવન કરતા કરતા ફરી કુન્દનપુર નગરે પધાર્યા. જૈનોએ એમનું ભવ્ય સ્વાગત કર્યુ અને ગુરુદેવ આગળ પોતાની તકલીફ વ્યક્ત કરી. મતિસાગર મુનિરાજે યક્ષને જીતવા ભક્તામરની બાવીસમી ગાથાનું સ્મરણ કર્યું અને તેઓ યક્ષના મંદિર ગયા. યક્ષની તરફ પગ કરીને તેઓ મંદિરમાં સૂઇ ગયા. મુનિરાજની આવી હરકત જોઇને યક્ષ અત્યંત કોપાયમાન થયો અને મુનિરાજને અનેક પ્રકારના ઉપસર્ગ કરવા લાગ્યો પણ મુનિરાજ જરાપણ ચલાયમાન ન થયા. યક્ષ હાર્યો પણ એમ હાર સ્વીકારવા તૈયાર ન થયો. એ રાજા પાસે ગયો અને રાજાને જણાવ્યું - ''હે રાજન્ ! જેની પૂજા કરો છો અને જેનાથી આપ આજે સુખી છો એ દેવની આ જૈન મુનિ આવી આશાતના કરી રહ્યા છે તે શું યોગ્ય છે ?''

રાજા આ વત સાંભળી આવેશમાં આવી ગયા અને આગળ પાછળનો કોઇ વિચાર કર્યા વગર સાધુને પકડીને પોતાની સામે હાજર કરવા માણસોને રવાના કર્યા. પણ આશ્ચર્ય ! જે મુનિરાજને પકડવા એમની પાસે જાય છે તે આંખનું તેજ ગુમાવી બેસે છે. એને કશું જ દેખાતું નથી. હવે રાજાના આ માણસોએ મુનિરાજને મારવા મંદિરમાં જઇ લાકડીઓ ઘુમાવવા માંડી પણ મુનિરાજને માર પડવાને બદલે રાજાને માર પડવા લાગ્યો. રાજા ચીસો પાડી ઉઠ્યો.

રાજાએ બીજા માણસો મોકલી લાકડીના પ્રહાર બંદ કરાવ્યા અને સ્વયં મુનિરાજના દર્શન વંદન કરવા અનેક નગરજનો સાથે પધાર્યા.મુનિરાજે

ભુતકાળની ઘટના યાદ કરાવી અને બૌદ્ધમુનિ પ્રજ્ઞાકર યક્ષ બન્યાની અને જૈનોને હેરાન કરવાની વાત જણાવી. સહુ આશ્ચર્ય પામ્યા. યક્ષના સ્થાને રાજાએ સુંદર જૈન મંદિર બનાવ્યું. બધાએ પ્રભાવ જાણીને ભક્તામરની આરાધના સ્વીકારી અને સહુ સુખ-શાંતિને પામ્યા.

આપણે સહુએ પણ સુખ શાન્તિ પામવા ભક્તામર જેવા સ્તોત્રની નિયમિત આરાધના કરવા પુરૂષાર્થ આદરવો જ પડશે.

## ૧૫ ઉપસર્ગ મુક્તિ

માલવદેશ...

ઉજ્જયિની નગરી...

આ નગરીથી બે માઇલ દૂર પૂર્વ દિશામાં એક ચંડિકા દેવીનું સ્થાન હતું. હલકી જાતિના આજુબાજુના લોકોને આ ચંડિકા દેવી ઉપર આસ્થા હતી. પોતાની ઇચ્છા પૂર્તિ માટે તેઓ અહિં આવતા... ચંડિકા દેવીના દર્શન કરતા અને દેવીને પ્રસન્ન કરવા એની સમક્ષ કેટલાય નિર્દોષ પશુઓનો વધ કરતા હતા. આથી ચારેબાજુ પશુઓના હાડકા... લોહી અને ચામડા વગેરે પથરાયેલા દેખાતા હતા. અહિં માથું ફાટી જાય એવી ભયંકર દુર્ગંધ આવતી હતી. આ બધાના કારણે આ સ્થાન ભયાનક અને બિહામણું ભાસતું હતું.

એકદા એક જૈન સાધુ પોતાના ત્રણ શિષ્યો સાથે ઉજ્જયિની નગરીમાં પધારી રહ્યા હતા. પણ માર્ગમાં જ સૂર્યાસ્ત થવાના કારણે નગરમાં પહોંચવું શક્ય ન હતું. તેથી તેઓ આ ચંડિકા દેવીના મંદિરની બાજુમાં જે ધર્મશાળા હતી ત્યાં રોકાયા.

મુનિરાજે પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરી. રાત્રી અત્યંત શાંત ભયાનક ભાસતી હતી. મુનિરાજે પદ્માસન લગાડ્યું અને અલ્પ સમયમાં ધ્યાનસ્થ બન્યા. મુનિરાજના ધ્યાનથી ખેંચાઇને આવી હોય એમ ચંડિકા દેવી હાજર

થઇ. પણ પોતાના સ્થાનમાં રહેલા આ મુનિને જોઇને રાજી થવાને બદલે અત્યંત કોપાયમાન થઇ અને મુનિરાજની ભક્તિ કરવાને બદલે ઉપસર્ગ કરવા લાગી.

ઘડીકમાં સિંહ બની તરાપ મારે છે...

ક્ષણવારમાં વાઘ બની સામે દોડી જાય છે...

વળી ક્યારેક સર્પ બનીને ફુંફાડા મારે છે.

મુનિરાજ પરિસ્થિતિ પામી ગયા. શાંત સ્થિર બની ભક્તામરની ત્રેવીશ (૨૩)મી ગાથા સ્મરણ કરવા લાગ્યા.

મુનિરાજની સ્થિરતા જોઇ દેવી ચંડિકાના કોઇ વિકરાળ રૂપ ધારણ કર્યું અને દેવી સ્વયં હાથમાં તલવાર લઇ મુનિને મારવા દોડી ગઇ. ત્યાં અચાનક અદ્ધર આકાશમાં એની તલવારના ટુકડે ટુકડા થઇ ગયા... અને ત્યાં સાક્ષાત ચક્રેશ્વરી દેવી સ્વયં પ્રગટ થયા.

ચક્કેશ્વરી દેવીએ મુનિ જીવનની મહાનતાની તથા તપ-ત્યાગથી વાતો ચંડિકા દેવીને જણાવી. તેમજ પવિત્ર મુનિરાજની આશાતનાના મહાભયંકર પાપનો પરિચય કરાવ્યો.

ચંડીકાદેવીને પોતાની ભૂલ સમજાણી... એણે મુનિરાજના ચરણોમાં પડી ક્ષમા માંગી. મુનિરાજ પાસે હાથ જોડી ઉભી રહી ચંડીકાદેવીએ કહ્યું - ''હે મુનિરાજ ! મને આજ્ઞા કરો... હું તમારી આજ્ઞા પ્રમાણે જીવન જીવવા તૈયાર છું''

મુનિરાજે સમય ઓળખીને ચંડીકાદેવીને કહ્યું - ''હે દેવી ! જો તું મારી આજ્ઞા પ્રમાણે વર્તવા તૈયાર હોય તો પ્રથમ તારા નિમિત્તે થતી આ હિંસા બંધ કરાવી દે. અહિંસા એ જ ધર્મ છે. તારા ભક્તોને અધર્મ કરતા અને પાપ બાંધતા અટકાવી દે. એમના અને તારા દુર્ગતિના દ્વાર બંધ કરી સદ્ગતિના દ્વારો ખોલાવી દે.''

મિથ્યાત્વી એવી ચંડિકાદેવી મુનિરાજના સંગે ધર્મ પામી અને અહિંસાના માર્ગે પ્રવર્તી.

# ૧૬ વ્યંતર મુક્તિ

સૂર્યપુર નગરી...

અજિતસિંહ રાજા...

વસંતઋતુ... વનરાજી ખીલી ઉઠી...

ચારે બાજુ હરિયાલી ફેલાયેલી છે...

આંબે બેસી કોયલ ટહુકાર કરે છે..

મંદ મંદ પવન સુવાસ ફેલાવી રહ્યો છે...

રાજા પોતાની પટ્ટરાણી સહિત અન્ય રાણીઓ સાથે વસંત મહોત્સવ ઉજવવા ઉપવનમાં પધાર્યા.

રાણીઓ આજુબાજુ ફરવા લાગી... રંગબેરંગી પુષ્પો ચુંટવા લાગી... એક બીજાની મજાક મશ્કરી કરી આનંદ માણવા લાગી... સુખ માણસને માર્ગ ભુલાવે છે... એવું જ કાંઇક અહીં બન્યું...

રાણીઓ ફરતી ફરતી પત્થર પાસે આવી... આ પત્થર પાસે આવી... આ પત્થર ઉપર સિંદૂર લગાડેલું હતું... ઉપર તેલ ચડાવવામાં આવ્યું હતું તેથી તે ચીકાશના કારણે ગંદો જણાતો હતો... એક રાણીએ પત્થર જોયો અને એને સૂગ ચઢી અને એ તિરસ્કાર પૂર્વક પત્થર ઉપર થુંકી. એક રાણીનું અનુકરણ અન્ય રાણીઓએ કર્યું અને બધી જ એ પત્થર ઉપર થુંકી.

આ પત્થરમાં વ્યંતરનો વાસ હતો. વ્યંતરે આ રાણીઓની ચેષ્ટા જોઇને દેવની આશાતનાનું ફળ બતાવવા આ રાણીઓને વળગ્યો. રાણીઓ હસવા લાગી.. ગાવા લાગી.. ગોલગોલ ફરતી જુદા જુદા ચેનચાળા કરવા લાગી. પ્રધાને રાણીઓની આ ચેષ્ટા જોઇ પ્રથમતો લક્ષ ન આપ્યું પછી રાજા અને પ્રધાન બન્ને રાણીઓની હાલત જોઇ ચિંતિત થયા. આનંદનું વાતાવરણ શોકમય બની ગયું.

તરત મંત્ર-તંત્રના જાણકારોને બોલાવવામાં આવ્યા. ભૂવા ડાકલીયાઓ આવ્યા. ઘણા મંત્રાદિના પ્રયોગો થયા પણ કોઈને સફળતા ન મળી. વ્યંતરના વડગાળ ઉપર કોઈ પ્રયોગની અસર ન થઈ. રાજા-પ્રધાન ઘણા જ મુંઝાયા. હવે શું કરવું ? તે સમજાતું ન હતું.

રાજાના કોઈ પુણ્યોદયે ધરતીને પાવન કરતા શાંતકીર્તિ મુનિ પોતાના શિષ્યાદિ પરિવાર સાથે સુર્યપૂર નગરે પધારી રહ્યા હતા. તેઓ ઉપવન પાસેથી નિકળતાં વિશ્રામ લેવા એક વૃક્ષની છાયામાં બેઠા. દોડાદોડ કરતા રાજાના માણસોએ એમને જોયા અને રાજાને જણાવ્યું - ''જો આપ રજા આપો તો જૈન મુનિરાજને પધારવા વિનંતિ કરીએ. એમની પવિત્ર સાધનાથી કદાચ આપણું કાર્ય થઈ જાય.''

રાજા સ્વયં મુનિરાજ પાસે દોડી ગયો મુનિરાજના ચરણોમાં પડી વિનંતિ કરી. પોતાની મુંઝવણ જણાવી એમાંથી મુક્ત કરવા જણાવ્યું. શાસન પ્રભાવનાનું કારણ જાણી ગીતાર્થ મુનિરાજે કાંઈક કરવાનો નિર્ણય કર્યો. રાજાના સેવકોને બે કળશભરી પાણી લાવવાનું જણાવી પોતે ધ્યાનસ્થ બન્યા. ભક્તામરની ચોવિસમી અને પચીસમી ગાથાનું સ્મરણ - ચિંતન અને ધ્યાન કર્યું. પછી એ જ બે ગાથાઓ વડે પાણી મંત્રીને રાજાને આપ્યું. આ પાણી રાણીઓ ઉપર છાંટવા જણાવ્યું. રાજાએ ગુરુ આજ્ઞા તહત્તિ કરી એ પ્રમાણે જ કર્યુ રાણીઓ ઉપર પાણી છાંટતાની સાથે વળગેલા વ્યંતરે મોટેથી ચીસ પાડી અને ભાગી ગયો.

રાણીઓ સ્વસ્થ બની ગઈ. જાણે કશું જ બન્યું નથી. રાજા સહિત સહુ આશ્ચર્ય અને આનંદ પામ્યા. સહુએ જૈન ધર્મનો અને ભક્તામર સ્તોત્રનો પ્રભાવ જાણી જિનેશ્વર પરમાત્મા કથિત જૈન ધર્મનો સ્વીકાર કર્યો. પરમાત્મ ભક્તિમાં આદર પૂર્વક આગળ વધ્યા.

પરમાત્મ ભક્તિ મોહરૂપી મહા પિશાચને ભગાડવામાં સફળ બને છે તો આવા વડગાળને દૂર કરે એમાં ક્યાં આશ્ચર્ય છે. આવો આપણે સહુ પ્રભુભક્તિથી અભ્યંતર અને બાહ્ય વડગાળથી મુક્ત બની પરમાનંદને પ્રાપ્ત કરીએ.

# ૧૭ શીલ સ્થિરતા

**અરિહંતના ધ્યાને, અરિહંત બની જશો,**
**જિનની ભક્તિ કરતાં, જિન બની જશો,**
**વીર પ્રભુના ધ્યાને, મહાવીર બની જશો,**
**જિનની વાણી સુણતાં સાચા જૈન બની જશો**

અરિહંતનું ધ્યાન... જિનેશ્વરની ભક્તિ...
વીરપ્રભુનું ધ્યાન... જિનેશ્વરની વાણી...

કેવો અનોખો પ્રભાવ છે આ બધાનો ! ભવોભવમાં રખડ્યા પણ ક્યારેય એમના પ્રભાવને ઓળખી ભક્તિમાં ન ભીંજાણાં અને એનાથી ન સાચા જૈન બન્યા... ન વીર બન્યા... ન મહાવીર બનવાનું સદ્‌ભાગ્ય પામ્યા... જો હવે મળેલી તકને ન જ ગુમાવવી હોય તો સાવધાન બની જઈએ. સાધનામાં લાગી જઈએ... દિલમાં ભક્તિની જ્યોત જલાવી દઈએ.. જે ભક્તિ ભક્તને ભગવાન બનાવે છે એ ભક્તિ આપણને શું નહીં આપે ? જે જોઈએ તે આપવા સમર્થ ભક્તિની શરણાગતિ સ્વીકારીએ.

ભવોભવમાં જે ગુમાવ્યું છે તે આ ભવમાં પામીને રહીએ. ગુમાવવાના ઘણા ભવ છે પણ પામવા માટેની આ વિરલ તક છે.

નારકીના ભવમાં દુઃખોએ ભુલાવ્યા...
દેવલોકના ભવમાં સુખોમાં ભુલા પડ્યા...
તિર્યંચના ભવમાં પરાધીનતાએ ભટક્યા...
અનેક માનવ ભવોમાં પણ અનાર્ય દેશ-કુળે ભરમાવ્યા...

આજે પુણ્ય જાગ્યા... માનવ ભવ સાથે આર્ય દેશ... પ્રભુ વીતરાગનું શાસન.. ભક્તિની શકિતનો પરિચય... બધું જ મળ્યું છે. વિવેકને જગાડીએ... સત્પુરૂષાર્થ આદરીએ... અરિહંતના ગાનમાં અરિહંતના તાનમાં... અરિહંતના ધામમાં બની જઈએ તલ્લીન... સફળ બની જશે આ માનવનો ભવ !

અરિહંત ભક્તિ સ્વરૂપ ભક્તામર સ્તોત્રની ભવ્ય ગાથાઓ અને દિવ્ય પ્રભાવને જાણવા આગળ વધીએ. પચ્ચીસ ગાથાઓના પ્રભાવને સમજીને હવે છવ્વીસમી ગાથાથી ઓગણત્રીસમી ગાથાઓના પ્રભાવને સૂચવતી કથાઓના માધ્યમથી ભક્તિની દિવ્ય શક્તિનો પરિચય કરીએ.

પાટલીપૂર નગરી...

ધનમિત્ર શેઠ...

નામથી કાંઇક વિપરીત ભાગ્ય હતું. ધન સાથે મિત્રતા નહીં પણ જાણે શત્રુતા જ લખાવીને આવ્યા હતા. ગરીબીમાં જ જીવન વ્યતીત કરતા હતા. પણ ગરીબીમાં એમના હૃદયની અમીરીને છીનવાની તાકાત ન હતી.

ધનમિત્ર ધન ગરીબ હતો... પણ ધર્મથી અમીર હતો...

ધર્મની અતુટ શ્રદ્ધા અને સંસ્કાર એને વારસામાં મળ્યા હતા. પોતાની સમયાનુકુળતા મુજબ સુંદર ધર્મારાધના જીવનમાં કરી લેતા હતા. એકદા આ ધરતીને પાવન કરતા પવિત્ર વિજયદેવસૂરિ પધાર્યા. ધનમિત્ર દરરોજ વ્યાખ્યાન સાંભળવા જવા લાગ્યો. એક દિવસ આચાર્ય ભગવંતે શીલવ્રતનો અને શ્રી ભક્તામર સ્તોત્રનો મહિમા સમજાવ્યો.

ધનમિત્ર ઉપર આચાર્ય ભગવંતની મિઠ્ઠી મધુર વાણીની સુંદર અસર થઇ... ઉત્કૃષ્ટ ભાવના જાગી અને એણે ગુરુ ભગવંત પાસે હાથ જોડી બે નિયમ લઇ લીધા.

પરસ્ત્રીને માતા સમાન ગણવી અને

ભક્તામર સ્તોત્રનું સ્મરણ કર્યા વિના ભોજન ન લેવું.

નિયમ લીધા પછી સુંદર પ્રકારે આ નિયમોનું પાલન કરવા લાગ્યો. સમય વીતતો ગયો. ધનમિત્ર શેઠને ધન કમાવવા પરદેશ જવાનો વિચાર આવ્યો અને એમણે એનો અમલ કર્યો. થોડી તૈયારી કરી તેઓ વસંતપુર નગરમાં આવી પહોંચ્યા.

અજાણ્યું સ્થાન... અજાણ્યા માણસો...

શું કરવું ?... ક્યાં જવું ?

શેઠ મુંઝાયા છતાં એક મકાનના ઓટલે બેસી વિચારવા લાગ્યા. એટલામાં એક નવયુવાન સ્ત્રી એમની પાસેથી પસાર થઇ એણે શેઠને બોલાવીને કહ્યું- ''અહિં આમ કેટલીવાર બેસશો ? ચાલો મારે ત્યાં બધું બરાબર થઇ જશે.''

શેઠ અજાણી સ્ત્રીના આવા વચનથી આશ્ચર્ય પામ્યા. પણ કાંઇક માર્ગ નિકળશે એમ માની એ સ્ત્રીની પાછળ ચાલવા લાગ્યા.

મકાન જોઇને શેઠને લાગ્યું આ કોઇ સાધનસંપન્ન શેઠની હવેલી છે. પોતાને સ્થાન અને કામકાજ જરૂર મળી જશે. અંદર પ્રવેશતાં સ્ત્રીએ શેઠનું સ્વાગત કર્યું. સ્નાન કરવા પાણી અને વસ્ત્રો આદિની વ્યવસ્થા કરી આપી.

શેઠે સ્નાન કર્યું. માર્ગનો મુસાફરીનો થાક દૂર થયો. શેઠ બેઠા હતા એ ખંડમાં એ નવયૌવના એ પ્રવેશ કર્યો અને શેઠને કહ્યું - ''શેઠ ચિંતા કરશો નહિં... આ મકાન આપનું જ સમજી રહેજો... મારી સાથે રહીને મોજ-મજા-આનંદ માણજો...''

નવયૌવનાની વાત સાંભળતાં જ શેઠ ચમકી ઉઠ્યા. પોતે ફસાઇ ગયા છે એનો એમને ખ્યાલ આવ્યો સાથે સાથે પોતાનો નિયમ યાદ આવી ગયો. (પરસ્ત્રીને માતા સમાન ગણીશ) અને શેઠ ત્યાંથી ઉઠીને ચાલવા માંડ્યા.

શેઠને ચાલતા થતાં જોઇને એ સ્ત્રીએ અને એના માણસોએ શેઠને સમજાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. શેઠ એ મકાનમાંથી બહાર નિકળ્યા અને ભક્તામર સ્તોત્રની છવ્વીસમી ગાથાના સ્મરણ, ચિંતન, ધ્યાનમાં લયલીન બની ગયા.

શેઠે જ્યારે ધ્યાન પૂર્ણ કરી આંખો ખોલી તો ન દેખાયું મકાન કે ન દેખાય નવયૌવના, પણ સામે હતો એક તેજપૂંજ... દેવે એમને પ્રત્યક્ષ દર્શન આપ્યું, દેવે કહ્યું- ''શેઠ ! આપે લીધેલા નિયમની પરિક્ષા કરવા જ દેવમાયાથી મેં આ બધી રચના કરી હતી. પણ તમને ધન્ય છે... તમે તમારા

નિયમમાં અડગ રહ્યા... જરાય ચલાયમાન ન થયો. તમારા ઉપર અત્યંત પ્રસન્ન થયો છું. લો આ પાંચ રત્ન.'' એમ કહી શેઠને અતિ કિંમતી પાંચ રત્નો આપી દેવ અદૃશ્ય થઇ ગયો.

શેઠ પણ પાંચ રત્ન લઈ પાટલીપૂર તરફ ચાલવા લાગ્યા. આ બધું શું બની ગયું ? હજી શેઠને કશું સમજાતું ન હતું. પણ ધર્મ અને પ્રભુ ભક્તિના આ અનોખા અનુભવથી એમની શ્રદ્ધા હજી વધારે મજબૂત બની હતી. એમની આરાધનામાં પણ એકધારો વધારો થઈ રહ્યો હતો.

પ્રભુ ભક્તિની શક્તિનો પરિચય પામી આપણે પણ ભક્તિમાં ભીંજાઇ અનેકોને ભીંજવીએ એ જ અભ્યર્થના...



# ૧૮ સંતાન સુખ

ભક્તામરની છવ્વીસમી ગાથાનું મહત્વ સમજ્યા પછી આવો આપણે એની સત્યાવીશમી ગાથાના પ્રભાવને જાણીએ. કથાના માધ્યમથી...

ગુજરાતની ગૌરવવંતી ભૂમિ...
ગોદાવરીના ખળખળ વહેતા નીર...
કિનારે વસેલું પૈઠપુર નગર...
રાજ કરે છે રાજા હરિસિંહ...
ન્યાયી અને પ્રજાપ્રિય...

રાજા સર્વ રીતે સુખી છે પણ સંતાનસુખ નથી એથી પોતાને દુઃખી માને છે. પુત્ર વિના બધું જ દુઃખરૂપ લાગે છે. હોમ હવન કરાવ્યા... બાધાઓ રાખી... જોષ જોવડાવ્યા... જાપ જપાવ્યા પણ પરિણામ શુન્ય આવ્યું રાજાની ચિંતા વધવા લાગી એથી એક બાજુ શરીર બગડવા લાગ્યું... બીજી બાજુ રાજ્ય કારભારમાં દુર્લક્ષ થવા લાગ્યું.

પ્રધાન ચતુર અને ડાહ્યો હતો એણે વિચાર કર્યો – ''હવે આ પ્રશ્નનો ઉકેલ કેવળ સાધુ–મહાત્મા જ લાવી શકશે એમ વિચારી એમની મુલાકાત લેવા માંડી છતાં ધાર્યું પરિણામ ન આવ્યું. એક દિવસ પ્રધાનજીને સમાચાર મળ્યા કે સુઘોષાચાર્ય નામના મહાપ્રભાવિક જૈન આચાર્ય ભગવંત નગરીમાં પધાર્યા છે. સમાચાર મળતાં જ પ્રધાનજી એમની પાસે પહોંચી ગયા. વંદનાદિ કરીને એમની સમક્ષ પોતાની વાત રજુ કરી.

પૂજ્ય આચાર્ય ભગવંતે પ્રધાનની વાત સાંભળીને કહ્યું – ''હે પ્રધાનજી, રાજાને પુત્ર પ્રાપ્તિ થવી કે ન થવી એ કર્મસત્તાના હાથની વાત છે છતાં તમે આવતી કાલે રાજાને લઈને અહિં આવો.''

પ્રધાનજીને આશા બંધાણી. બીજા દિવસે રાજાને લઇને આવ્યા. આચાર્ય ભગવંતના પ્રભાવશાળી વ્યક્તિત્વને જોઇને અત્યંત હર્ષ અને શ્રદ્ધાપૂર્વક રાજા એમના ચરણોમાં નમ્યા. રાજાના મનને શાંત કરવા પ્રથમ આચાર્ય ભગવંતે હિતશિક્ષા આપી. કર્મનું ગણિત સમજાવ્યું. અને અંતે પ્રભુભક્તિ અને જાપ દ્વારા અશુભકર્મ ખપાવવાનો માર્ગ જણાવ્યો. ભક્તામર સ્તોત્રનો મહિમા સમજાવી વિધિપૂર્વક સત્યાવીશમી ગાથાની આરાધના કરવા જણાવ્યું.

રાજાએ ગુરુ આજ્ઞાથી અશુભ કર્મક્ષયને તોડવા પુરુષાર્થ આદર્યો. એક ચિત્તે ગાથાના જાપ-ધ્યાનનો પ્રારંભ કર્યો. છ મહિના સુધી અવિરત સાધના ચાલુ રહી જેના ફળ સ્વરૂપે એક દિવસ શાસન દેવીએ પ્રત્યક્ષ દર્શન આપ્યા. શાસનદેવીએ પ્રસન્ન થઇ રાજાને એક સુંદર-સુગંધી પુષ્પની માળા આપી કહ્યું - ‘‘રાજન ! તારા અંતરાય કર્મનો ક્ષય થયો છે. આ માળા રાણીના કંઠમાં પહેરાવજે. તારી મનોકામના જલ્દી જ પૂર્ણ થશે.’’

રાજાના આનંદનો પાર ન રહ્યો રાજાએ દેવીના કહ્યા પ્રમાણે કર્યું અને થોડા સમયમાં રાણીએ પુત્ર રત્નને જન્મ આપ્યો.

રાજાએ ઉદારતા પૂર્વક પુત્રનો જન્મ મહોત્સવ ઉજવ્યો. ગરીબોને દાન આપ્યું... જિનાલયોમાં મહોત્સવ મંડાવ્યા... સહુને મિઠાઇ વહેંચી... અનેકોને બંધનમાંથી મુક્તિ આપી...

રાજા સ્વયં જૈન ધર્મ પ્રત્યે સવિશેષ શ્રદ્ધાવાળા થયા. જીવનમાં જિનધર્મને સ્થિર કરીને બાર વ્રતોને સ્વીકારી વ્રતધારી શ્રાવક બન્યા.

પ્રભુ સ્મરણ અને ભક્તિ સર્વ કર્મ કાપી મોક્ષ સુખ આપવા સમર્થ છે તો અશુભ કર્મ ક્ષય કરી મનોવાંછિત આપે એમાં શું આશ્ચર્ય છે ?

જીવનમાં ભક્તિને સ્થિર કરી આત્માનંદ પામવા ઉદ્યમવંત બનીએ.

# ૧૯ વ્યાધિ મુક્તિ

ધારા નગરી... વિજયપાલ રાજા...

ન્યાયી અને ઉદાર... રૂપકુમારી નામે રાજકન્યા...

રૂપકુમારી લાડમાં ઉછરેલી તેથી અભિમાની બની ગઇ...

એકદા પોતાની સખીઓ સાથે ઉદ્યાનમાં ફરવા ગઇ. ત્યાં એક વૃક્ષ નીચે ધ્યાનસ્થ મુનિરાજને જોયા. મુનિરાજને જોતાં શુભ ભાવ ભાવવાને બદલે રાજકુમારીને દુર્ભાવ અને તિરસ્કાર જાગ્યો. પોતાની સખીઓ તરફ જોઇને બોલી - ''અરે, આને જુઓ તો ખરા, કેવો માનવના શરીરમાં પશુ જેવો છે.. નથી ન્હાતો - ધોતો... મલિનતાનો ભંડાર... શરીર ઉપર નથી પૂરા કપડાં...'' આમ કહી એના ઉપર માટી-કાંકરા ઉડાવ્યા...

રાજકુમારી ત્યાંથી નિકળી ઘેર પહોંચી ત્યાં તો એનું શરીર બેડોળ બની ગયું... કાયાનું વિચિત્ર સ્વરૂપ જોઇ સહુ સખેદ આશ્ચર્ય પામ્યા. રાજા-રાણી કાંઇક વાત પામી ગયા. એમણે રાજકુમારીને પૂછ્યું - ''નિશ્ચિત તે કોઇ દેવ-દેવીની આશાતના કરી છે અથવા કોઇ સાધુ-સંત મહાત્માની અવગણના કરી છે. એ વિના આવું ન જ બને.''

રાજકુમારી તો કશું જ ન બોલી પણ સખીઓએ ઉદ્યાનમાં જે બન્યું હતું તે રાજાને જણાવ્યું. રાજા તરત રથમાં બેસી રાણી તથા રાજકુમારીને સાથે લઇ ઉદ્યાનમાં પહોંચ્યા. મુનિરાજને માટી-કાંકરાથી ઢંકાયેલા જોઇ દુઃખી થયા. આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. મુનિરાજના પગમાં ઢળી પડ્યા.

મુનિરાજે ધ્યાન પૂર્ણ કર્યું. રાજાએ વારંવાર ક્ષમા માંગી. રાજકુંવરીએ ભૂલનો સ્વીકાર કરી... પશ્ચાતાપ કરી... ક્ષમા યાચના કરી.

મુનિરાજે કહ્યું - ''હે રાજન્ ! કરેલા કર્મ જીવને ભોગવવા જ પડે છે. પ્રચંડ પાપનું ફળ તાત્કાલિક મળે છે. કર્મથી બચવાનો એક જ ઉપાય છે ધર્મની શરણાગતિ. તમે ત્રણ દિવસ ભક્તામર સ્તોત્રની અઠ્યાવીસ અને ઓગણત્રીસમી ગાથાનું સ્મરણ - ચિંતન - ધ્યાન કરી એનું પાણી રાજકુમારીના શરીરે છાંટશો તો વ્યાધિ શાંત થઇ જશે.''

રાજાએ સપરિવાર ફરી મુનિરાજને વંદના કરી વિદાય લીધી. મુનિરાજ ફરી પોતાના ધ્યાનમાં લયલીન બની ગયા. રાજાએ ઘેર જઈને મુનિરાજે બતાવ્યા પ્રમાણે પ્રયોગ કર્યો. રાજકુમારીનું બેડોળ બનેલું શરીર પૂર્વવત સુંદર બની ગયું. સાથે સાથે એનો અહંકાર ઓગળી ગયો. અને એ વિનયી નમ્ર બની જિનધર્મને માનનારી બની.

ધર્મ આરાધના સર્વ પ્રકારના સુખને આપનારી છે જ્યારે ધર્મ અને ધર્મીની વિરાધના દુઃખ દુર્ગતિ અપાવનાર છે. જાણીને પ્રભુ ભક્તિમાં મસ્ત બની સાચા આરાધક બની આત્મકલ્યાણ સાધવા ઉદ્યમવંત બનીએ.

# ૨૦ રાજ્ય પ્રાપ્તિ

**ઉત્કૃષ્ટ ભાવે જે સ્તવે,**
**જિનરાજ તુજને માનવી**
**અન્તર્મુહૂર્તે મુક્તિ લે,**
**તે ભાવ પૂજાયે સવી,**
**તારી ભક્તિ મુક્તિપ્રદ ભક્તજને... મારા૦**

જિનરાજ !

શી વાત કરું તારી ભક્તિની ?

તારી ભક્તિ જ્યારે ચરમ સીમાએ પહોંચે ત્યારે કેવળ અન્તર્મુહૂર્તમાં ભક્ત ને ભગવાન બનાવી દે છે.

ખામી તારામાં નથી મારામાં છે... ભક્તિમાં ખોટ નથી પણ મારા ભાવમાં ઓટ છે. ઓટની ખોટ પુરાય તો ભાવમાં ભરતી આવે... અંતરના સાગરમાં ભાવના આભ ઉંચા મોજા ઉછળે અને મારા ભવોભવના પાપ ધોવાઇ જાય. ક્યારે આવશે એ પાવન ઘડી ?... પાવન પળ ? જેમાં કર્મમળ ટળી જશે. આત્માનું તેજ ખીલી ઉઠશે.. અંતરમાં અજવાળા પથરાઇ જશે. અનાદિનો અંધકાર લય પામી જશે.

કેવા કેવા પુણ્યાત્માઓએ... કેવી કેવી અપૂર્વ સાધનાઓ કરી છે ? સર્વ પ્રકારના સંજોગોમાં કેવી અનુપમ ધીરજ અને સમતાના દર્શન કરાવ્યા છે ? આવા પ્રભુ ભક્તોની મનમોહક કથાઓ આપણા મનને પ્રફુલ્લિત કરે... આ કથાઓ આપણા હૃદયમાં ધરબાયેલા ભક્તિના બીજ ને પલ્લવિત અને અંકુરીત કરે... આપણા જીવનને ભક્તિના માર્ગે લઇ જઇ જિનેશ્વરના સાચા ભક્ત બનાવે... આત્માને નિર્મળ બનાવે... જીવનને ઉજ્વળ બનાવે... એ જ એક અભિલાષા સાથે ભક્તામર સ્તોત્રની સાથે સંકળાયેલી કથાઓને અહિં પ્રસ્તુત કરવામાં આવી છે. ભક્તામર સ્તોત્રના ૨૯મી ગાથા સુધીની ગાથાઓની ‘‘ગૌરવવંતી

કથા''ઓને વાંચ્યા બાદ આવો આપણે આગળ વધીએ. સ્તોત્રમાં સમાયેલી શક્તિને સાધના દ્વારા મેળવવા ઉદ્યમવંતા બનીએ.

ભક્તિ મુક્તિની દૂતી છે. એ વાત સમજીને પરમ કૃપાળુ પરમાત્માની સાચી ભક્તિની જ્યોત પ્રગટાવીએ.

વીરો ગોવાળ...

જંગલનો વાસી...

વનના ફળોનો આહાર કરે...

ઝરણાનું નિર્મળ જળ પીએ...

પત્થરની શિલાનો પલંગ કરે...

રાત દિવસ ઢોરની સાથે જંગલમાં જ રહે. ન હતી ચોર-લુંટારાની બીક, ન હતો હિંસક પ્રાણીઓનો ભય. પોતાની મસ્તીમાં એ મસ્ત હતો.

જંગલમાં મંગલ પ્રભાત થયું...

વીરો ગોવાળના પુણ્ય જાગ્યા...

કોઇ જૈન મુનિરાજ માર્ગ ભુલ્યા... જંગલમાં ઘણું રખડ્યા પણ સાચો માર્ગ હાથ ન લાગ્યો. એક બાજુ થાક છે... બીજી બાજુ ભુખ-તરસ સતાવે છે... ત્રીજી તરફ સૂર્યનો તાપ વધી રહ્યો છે. મુનિરાજ ફરતા ફરતા વીરો ગોવાળ પાસે પહોંચે એ પહેલા જ ચક્કર આવવાથી પડી ગયા. (ધબ) થઇને અવાજ આવ્યો. ગોવાળે મુનિરાજને જોતાં જ એ દિશામાં દોટ મુકી. મુનિરાજની સુંદર ભક્તિ કરી... વંદન કર્યા. આહાર-પાણી મળ્યા... થોડો વિશ્રામ મળ્યો. મુનિરાજ સ્વસ્થ થયા એટલે વિહાર કરવા તૈયાર થયા. ગોવાળે આગ્રહ કરી રોકાઇ જવા વિનંતી કરી. પણ મુનિરાજે સ્થિરતા કરવાની ના પડતાં ગોવાળે એમને બરાબર માર્ગે ચઢાવ્યા.

ગોવાળની સેવા-ભક્તિથી પ્રસન્ન થયેલા મુનિરાજે ગોવાળને વિધિપૂર્વક ભક્તામરની ૩૦ અને ૩૧મી ગાથાની આરાધના કરવા

જણાવ્યું. ગોવાળે વિનય પૂર્વક આરાધનાનો સ્વીકાર કર્યો.

શાંત અને કુદરતી વાતાવરણમાં ભક્તામરની આરાધના કરતા છ મહિના વીતી ગયા. આરાધનાના આનંદને વીરો ગોવાળ માણવા લાગ્યો.

એકદા સાંજનો સમય હતો વીરો ગોવાળ પ્રભુ ધ્યાનમાં લયલીન બની શિલા ઉપર બેઠો હતો. આજુબાજુમાં શું થઇ રહ્યું છે એનું તેને ભાન ન હતું. ત્યાં અચાનક ૩-૪ ઘોડે સવાર આવી પહોંચ્યા. વીરા ગોવાળ પાસે આવી એને પકડી સખત બંધનમાં બાંધ્યો અને એને ઉપાડી ગયા. વીરો ગોવાળ બુમાબુમ કરે તો પણ કોણ સાંભળે ? વીરા ગોવાળને શું બની રહ્યું છે એજ ન સમજાયું. એણે ભક્તામરના ભરોસે જીવન ઝુકાવી દીધું. જે થશે સારૂં જ થશે. એવી એને અપૂર્વ શ્રદ્ધા હતી.

અહિં રાતોરાત ગુપ્ત માર્ગથી ઘોડે સવારો વીરા ગોવાળને સિંહપુર નગરમાં લઇ આવ્યા. ત્યાંનો રાજા અચાનક મરણ શરણ થયો હતો અને નગરી ઉપર શત્રુ રાજાએ ચઢાઇ કરી હતી. રાજા વિનાનું રાજ્ય શત્રુનાં હાથમાં આવી જાય તો પ્રજા પરેશાન થઇ જાય એ હેતુથી રાજપુરુષો વીરા ગોવાળને લઇ આવ્યા હતા. સુંદર મહેલમાં લાવી વીરા ગોવાળને બંધનમુક્ત કરવામાં આવ્યો. ત્યાં તેનો રાતોરાત રાજ્યાભિષેક કરી સંપૂર્ણ નગરમાં વીરસેન રાજા તરીકેની તેની આણ વરતાવી દીધી.

બંધુઓ ! વીરા ગોવાળને વીરસેન રાજા બનાવનાર કોણ છે ? સ્વીકારવું પડશે કે ભક્તામરના માધ્યમથી કરેલી પરમાત્મા ભક્તિનું જ આ ફળ હતું. આપણા જીવનમાં પણ જો દેવાધિદેવની ભક્તિ જામી જાય તો અચુક બેડો પાર થઇ જાય.

પ્રભાત થયું.

ચડી આવેલા શત્રુને મારી હટાવવા સેના તૈયાર થઇ.

મહારાજા વીરસેન ભક્તામર સ્તોત્રની ૩૦મી અને ૩૧મી ગાથાની આરાધનામાં એકાગ્ર બન્યા. ત્યાં એક તેજપૂંજ દેખાયું અને ક્ષણવારમાં શાસનદેવી હાથ જોડી વીરસેન રાજા સમક્ષ હાજર થયા અને

બોલી ઉઠ્યા. ‘‘હે પ્રભુભક્ત વીરા ! તારી દેવ-ગુરુ ભક્તિ જોઇ હું અત્યંત પ્રસન્ન થઇ છું. તેથી જ તને રાજ્યની પ્રાપ્તિ થયેલ છે. ચિંતા કરીશ નહીં. ભક્તામરની ભક્તિ તારૂં રક્ષણ કરશે અને યુદ્ધમાં વિજય અપાવશે.’’

શાસનદેવીની વાણી શેં મિથ્યા થાય ?

વીરસેન રાજા ભક્તિ અને શક્તિ પૂર્વક યુદ્ધ ખેલ્યા અને વિજયી થયા. સર્વત્ર નુતનરાજા વીરસેનનો જયજયકાર થયો.

વીરસેન રાજા ધર્મ પ્રત્યે વધારે શ્રદ્ધાવાન બન્યા. પ્રજા ધર્મમય બની. રાજા-પ્રજા બન્ને સુખી થયા.

આપણને સહુને જીવન સુખમય બનાવવું હોય તો ધર્મની શ્રદ્ધા અને શરણાગતિ અનિવાર્ય હોય છે.



# ૨૧ રોગ મુક્તિ

માલવાદેશ...

જયસેન રાજા...

ધર્મી અને પરાક્રમી...

રાણી મદનસુંદરી...

કુરૂપ અને બેડોળ...

પરંતુ રાજાની માનીતી... રાજાને એના ઉપર ઘણો જ પ્રેમ. રાણીની કુરૂપતા અને બેડોળતા પણ દૂર કરવા રાજાએ ઘણા જ પ્રયત્ન કર્યા. મંત્ર-તંત્ર-ઔષધિઓ-જડીબુટ્ટીઓ કરી પણ રાજાને સફળતા ન મળી. પાણીની જેમ પૈસા વાપરવા છતાં ક્યાંય કોઇ ઉપાય કામ ન આવ્યો.

એકદા નગરમાં ધર્મસેન આચાર્ય પધાર્યા...

જ્ઞાની અને પ્રભાવિક...

રાજાને સમાચાર મળ્યા. પ્રભાવિક જૈન આચાર્યના આગમનના સમાચાર મળતાં ધર્મપ્રેમી રાજા હર્ષિત થયા. રાણી સહિત આચાર્ય ભગવંતને વંદન કરવા ઉપાશ્રયે આવ્યા. વંદન કરી વાણી સાંભળી. જિનવાણીનો એવો રંગ લાગ્યો કે તેઓ નિયમિત વ્યાખ્યાન સાંભળવા આવવા લાગ્યા.

દરરોજ જિનવાણીનું પાન કરતા રાજવીએ યોગ્ય સમય જાણી ધર્મસેન આચાર્ય પાસે રાણીના રોગનો ઉપાય પૂછ્યો. ગુરુ ભગવંતે કહ્યું – ''હે રાજન્ ! સર્વ જીવોને કરેલા કર્મોનું ફળ ભોગવવું પડે છે. કર્મના વિનાશીની સાથે રોગનો પણ નાશ થાય છે.'' આચાર્ય ભગવંત આટલું બોલી મૌન રહ્યા. કોઇ ઉપાય ન જણાવ્યો. પણ રાજવી એમ વાતને છોડી દે એમ ન હતા. રાજાએ અત્યંત વિનયપૂર્વક નમ્રભાવે વારંવાર વિનંતી કરી અને સાથે જણાવ્યું – 'હે પૂજ્ય ! જો રાણીનો રોગ દૂર થશે

તો આપની આજ્ઞા મસ્તકે ચઢાવી જિન શાસનની મહા પ્રભાવના કરીશ.''

રાજાની વાત સાંભળી... શાસન પ્રભાવનાનો લાભ જાણી પૂજ્યપાદ આચાર્ય ભગવંતે કહ્યું - ''હે રાજન્ ! ચાંદીના પત્રા ઉપર ભક્તામર સ્તોત્રની ૩૨ અને ૩૩મી ગાથા મંત્રાક્ષર પૂર્વક લખાવો અને તેની નિત્ય વિધિપૂર્વક આરાધના કરો. શુદ્ધ-નિર્મળ જળથી મંત્રાક્ષર યુક્ત ચાંદિના પત્રાનો પક્ષાલ કરીને તેના અડધા જલને રાણીના શરીરે લગાડજો અને બાકી જલ રાણીને પીવડાવી દેશો. કર્મ ક્ષય થતાં રોગ દૂર થઇ જશે.''

ગુરુ ભગવંતોના આશિર્વાદ મેળવી શ્રદ્ધા પૂર્વક રાજાએ ૧૦૮ દિવસ સુધી ઉપાસના કરી. ઉપાય સફળ થયો અને રાણીનો રોગ નાશ પામ્યો. રાણીની કુરૂપતા અને બેડોળતા નષ્ટ થઇ અને રાણીનો દેહ સુંદર-સ્વરૂપવાન બન્યો.

રાજા અત્યંત આનંદ પામ્યો. સ્વયં જિનેશ્વર પરમાત્માનો ધર્મ અંગીકાર કર્યો. પોતાના રાજ્યમાં સર્વત્ર જૈનોનો વેરો સદાને માટે માફ કર્યો.

આત્માના અંતર વૈભવને પમાડવાની અદ્ભૂત શક્તિ ધરાવનાર ભક્તામરની આરાધના બાહ્ય દેહના રૂપને આપે એમાં શી નવાઇ ? ચાલો, આપણે આરાધનામાં આગળ વધીએ. સાચા સૌંદર્યને પ્રાપ્ત કરીએ.

# ૨૨ મિથ્યાત્વ મુક્તિ

ગંગા નદિના કિનારે...

કુદરતી સૌંદર્યથી ભરપુર...

પાંતલપુર નગરી છે...

ત્યાં ભીમસેન રાજા રાજ્ય કરે છે...

ધર્મી અને દયાળુ...

પ્રજાના સુખે સુખી... પ્રજાના દુઃખે દુઃખી

સર્વ પ્રકારની સુખ-શાંતિ વચ્ચે અચાનક અશાતા વેદનીયનો ઉદય થયો. રાજાના શરીરમાં દાહજ્વરનો રોગ ઉત્પન્ન થયો. અસહ્ય બળતરા થવા લાગી. તીવ્ર પીડાથી રાજા અકળાયો... ક્યાંય રાજ્ય કાર્યમાં ચિત્ત ચોટતું નથી... સર્વ વૈભવ કંટાળારૂપ ભાસવા લાગ્યો.

રાજ વૈદ્ય આવ્યા...

હકિમો આવ્યા...

સહુ પોતપોતાની રીતે સર્વ પ્રકારના ઈલાજ કરવા લાગ્યા પણ રાજાને જરા પણ શાંતિ ન થઈ. ઘણા શીત ઉપાય પણ રાજાની બળતરાને શાંત કરનારા ન થયા. સર્વ દવા-જડીબુટ્ટીના ઉપાયોથી દાહજ્વર ન મટવાથી રાજા ઘણા જ કંટાળ્યા.

એમના મનમાં વિચાર આવ્યો આવી પીડા ભોગવવા કરતાં તો મરી જવું સારું.

જીવનની કોઈપણ આવી ચઢેલી વિપત્તિમાં મરણનો વિચાર કરવો તે કાયરતાની નિશાની છે. વિપત્તિનો સમતા પૂર્વક સામનો કરવો એમાં જ ખરી શૂરવીરતા છે. પણ આ વાત ઘણા અલ્પ જીવોને સમજાય છે. સર્વ સામાન્ય જીવો તરત મરણનો વિચાર કરી લે છે. રાજા ભીમસેનના જીવનમાં પણ એવું જ બન્યું. એ જીવનથી કંટાળી ગયા અને મરવા માટેનો સંકલ્પ કરી બેઠા.

રાજ્યના ઘણા મોટા-સારા સજ્જન પુરૂષોએ રાજાને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ કોઈને સફળતા ન મળી. રાજા પોતાના નિર્ણયમાં અડગ રહ્યા.

અંતે ગામની બહાર એક મોટી ચિત્તા તૈયાર કરવામાં આવી. રાજા મરવા માટે સજ્જ થઈને આ ચિત્તા પાસે પહોંચ્યા. ચિત્તાને સળગાવવામાં આવી. ભડભડતી આગમાં જ્યાં રાજા પ્રવેશ કરે ત્યાં સદ્ભાગ્યે દૂરથી વિહાર કરતા કોઇ જૈન મુનિરાજ પધાર્યા. રાજાના અગ્નિ પ્રવેશની વાત જાણી, રાજાને તેમ કરતા અટકાવતા કહ્યું - ''હે રાજન્ ! આવી રીતે આપઘાત કરી મરવાથી કર્મ મરતા નથી... દુઃખ ટળતું નથી પણ આવતા અનેક ભવોમાં અનેક પ્રકારે એના માઠા ફળ ભોગવવા પડે છે. તેથી ડાહ્યા માણસોએ આવું અકાર્ય કરવું ન જોઇએ.''

મંત્રથી જેમ ઝેર ઉતરી જાય તેમ મુનિરાજના વચનોથી રાજાની મિથ્યા માન્યતા દૂર થઇ અને રાજાએ નિર્ણય બદલ્યો. ત્યાં ભેગા થયેલા નગરજનો પણ હર્ષિત થયા અને મુનિરાજના તેજથી અંજાઇ ગયા. રાજા તો નાના બાળકની જેમ મુનિરાજના ચરણોમાં પડી રડવા લાગ્યા. રડતા રડતા અસહ્ય વેદનાની વાત મુનિરાજને જણાવે છે.

લાભનું કારણ જાણી મુનિરાજે હાથમાં જળ લઇ ભક્તામર સ્તોત્રની ૩૪ અને ૩૫મી ગાથાથી મંત્રીને એ જળનો રાજા ઉપર છંટકાવ કર્યો. રાજાની પીડા કાંઇક શાંત થઇ.

રાજા-નગરજનો મુનિરાજ સાથે ગામમાં પાછા ફર્યા. મુનિરાજ સાથે રાજા પણ ઉપાશ્રયે આવ્યા. મુનિરાજે ફરી મંત્રેલું પાણી રાજા ઉપર છાંટ્યું તેથી રાજા ભીમસેનને સવિશેષ શાંતિ થઇ. પછી મુનિરાજે રાજાને ત્રણ વખત ઉપાશ્રયે આવવાનું જણાવ્યું અને રાજાને મહેલમાં પાછા ફરવા અને સ્વ-પર કલ્યાણ કરવા સમજાવ્યું. રાજા મહેલમાં પાછા ફર્યા. પણ દરરોજ ત્રિકાળ ઉપાશ્રયમાં આવવા લાગ્યા. મુનિરાજે ત્રણ દિવસ-ત્રણ-ત્રણ વખત મંત્રેલું પાણી રાજા ઉપર છાંટ્યું તેથી રાજાનો દાહજ્વર સર્વથા

શાંત થઇ ગયો. રાજાની કાયા નિરોગી બની.

ભીમસેન રાજવી મુનિરાજના પરમ ભક્ત બન્યા. મુનિરાજે રાજાને સાચો ધર્મ સમજાવ્યો. ભીમસેન રાજવીએ શ્રાવકના બાર વ્રતોનો સ્વીકાર કર્યો. અન્ય પણ અનેક નગરજનોએ જૈન ધર્મ અંગીકાર કર્યો.

આરાધનામય જીવન જીવતા ભીમસેન રાજવી એકદા અગાશીમાં બેઠા બેઠા પુર બહારમાં ખીલેલી સંધ્યાના સૌંદર્યને માણી રહ્યા છે. ત્યાં તો ક્ષણવારમાં સંધ્યાના રંગ વિખરાઇ ગયા અને સર્વત્ર અંધકાર ફેલાઇ ગયો. આ દ્રષ્ય જોઇ રાજવી અનિત્ય ભાવના ભાવતા વૈરાગ્યના ઝુલે ઝુલવા લાગ્યા. સંસાર ઉપર વૈરાગ્ય જાગ્યો. ખરેખર જીવન પણ સંધ્યાના રંગો સમાન અલ્પજીવી છે... અનિત્ય છે... નાશવંત છે. તો પછી આ નશ્વર જીવનમાં ઇશ્વરને પામવાનો પ્રબળ પુરૂષાર્થ કેમ ન આદરવો ? અને બીજા જ દિવસે પોતાના પુત્રને રાજગાદિ સોંપી સ્વયં સંયમ પંથે સંચર્યા.

બાહ્ય અને અભ્યંતર રોગોને મટાડનાર પરમાત્મ ભક્તિમાં તરબોળ બની આપણા આત્માને અમર બનાવીએ એ જ અભ્યર્થના.



# ૨૩ પુણ્યોદય

આત્મા...

અનંત શક્તિનો સ્વામી ! પણ અફસોસ આજે એની અનંતશક્તિ કર્મની જંજીરોમાં જકડાયેલી છે. અનંત શક્તિનો સ્વામી આજે કારમી ગુલામી ભોગવી રહ્યો છે. એ નબળો બન્યો છે. એની અપરંપાર શક્તિ દબાઇ ગઇ છે.

દબાઇ ગયેલી શક્તિ...

રૂંધાઇ ગયેલો વિકાસ...

ભૂલાઇ ગયેલું સ્વરૂપ...

આ બધાને જગાડવાનું... પ્રાપ્ત કરવાનું... પ્રગતિના પથવારે ચડાવવાનું સામર્થ્ય છે પ્રભુજીની અનન્ય ભક્તિમાં ! એમાંથી વહે છે દિવ્ય શક્તિનો ધોધ. જેને ધોધ મળે... એને બોધ મળે. ભક્તિના ચમત્કારો ભૂતકાળમાં સર્જાયા હતા... વર્તમાન કાળમાં સર્જાય છે અને ભાવિકાળમાં સર્જાતા રહેશે. પણ આપણે આપણા જીવનમાં શું મેળવ્યું તે મહત્વનું છે. સિદ્ધચક્રની આરાધના ભક્તિ-ધ્યાને કરીને શ્રીપાળનો કોઢ રોગ ગયો... દુઃખના દહાડા ગયા... ડગલે પગલે સુખ સમૃદ્ધિ-રાજ્ય પામ્યો એટલું જ આપણે જાણીએ. એ આપણી બહિરાત્મ દશા છે.

સિદ્ધચક્રની ભક્તિ-ધ્યાન-આરાધના દ્વારા શ્રીપાલનો મિથ્યાત્વનો રોગ ગયો... અશાતા વેદનીય કર્મ શાંત થયા... ભવસાગરમાં ડૂબવાને બદલે તરવા લાગ્યો... સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી સંસાર સીમિત થઇ ગયો... ભક્તિ મુક્તિનગર તરફ ખેંચઇ ગઇ... આવી વિચારણા તે આપણી અંતરાત્મ દશા છે.

સિદ્ધચક્રના નવપદોમાંથી કોઇપણ એકાદ પદમાં લયલીન બની વિશ્વનું વિસ્મરણ થાય... આત્માનું સતત સ્મરણ અને અંતે એના સ્વરૂપની એકતા-અનુભૂતિ... સમાધિ એ જ પરમાત્મ દશા છે.

બહિરાત્મદશામાં ભટકતા આપણને સહુને અંતરાત્મ દશા તરફ અને અંતે પરમાત્મદશામાં સમાવી દેવાની દિવ્ય શક્તિ, ભક્તિમાં છુપાયેલી છે. આ ભક્તિની દિવ્ય શક્તિના કેવા કેવા અનુભવો મહાપુરુષોને થયો છે ? એમણે કેવી ભક્તિ ભાવના પ્રગટ કરી હતી ? એની રસપ્રદ વાતો આપણે મહાપ્રભાવી ભક્તામર સ્તોત્રના આધારે જોઇ રહ્યા છીએ. આવો આપણે આગળ વધીએ... પ્રભુ ભક્તિના મહત્વને ઓળખી જીવનને ધન્ય બનાવીએ. બીજાઓ માટે શુભ આદર્શરૂપ બનીએ...

સ્વયં તરી અનેકોના તારક બનીએ. આત્મકલ્યાણનો આજ શ્રેષ્ઠ ઉપાય છે.

વસંતપુર નગર...

ત્યાં હતા જિનદાસ વ્યાપારી...

સમૃદ્ધિ હતી અપરંપાર...

પણ અચાનક નસીબે પાસુ ફેરવ્યું. સંપત્તિ ઘટવા માંડી... વેપાર ધંધામાં ખોટ આવવા લાગી. ધીમે ધીમે બધી સમૃદ્ધિ નાશ પામી ગઇ. જિનદાસ હવે ગરીબ અવસ્થામાં જીવન જીવવા લાગ્યો.

મધ હોય તો માખીઓ આવે... મધ ન હોય તો માખીઓ પણ ઉડી જાય એ ન્યાયે સમૃદ્ધિ ઘટતાં ધીમે ધીમે સહુ સ્નેહી સંબંધીઓ સંબંધ ઘટાડવા લાગ્યા. જિનદાસ શેઠ માટે આવી પરિસ્થિતિ અકળાવનારી બની. એમણે ગામ છોડવાનો નિર્ણય કર્યો. આવી રીતે ગામમાં રહેવા કરતાં પરદેશમાં જઇ ધન મેળવવા ઉદ્યમ કરવો શ્રેષ્ઠ છે. એમ વિચારી પોતાની પાસે જે કાંઇ સામગ્રી હતી તે લઇ પરદેશ રવાના થયા.

ગામો ગામ ફરતા ફરતા જિનદાસ શેઠ આબુ પર્વત પાસે જઇ પહોંચ્યા. ત્યાં એમને સમાચાર મળ્યા કે એક નાની ગુફામાં એક મુનિરાજ તપ સાધના કરી રહ્યા છે. જિનદાસ શેઠ મુનિરાજની વાતો સાંભળી એમની તરફ આકર્ષાયા. શાંત વાતાવરણ... અનુકુળ પરિસર... સાધના

માટે યોગ્ય સંજોગો હતા. જિનદાસ શેઠ મુનિરાજ પાસે ગયા એમના દર્શન-વંદનથી પાવન થયા. મુનિના આરાધનામય જીવનને જોઇ એમની સેવા ભક્તિ કરવા ત્યાં રોકાઇ ગયા. એમ કરતાં ઘણો સમય વ્યતતી થયો.

એકદા બહારથી કોઇ સમૃદ્ધિવાન ગૃહસ્થ મુનિરાજને વંદન કરવા આવ્યા. એમણે શરીર ઉપર વિવિધ પ્રકારના આભુષણો ધારણ કર્યા હતા. એમના આભુષણો આદિ જોઇને જિનદાસને પોતાની પ્રથમ સ્થિતિ યાદ આવી ગઇ અને એના સ્મરણથી આંખમાં આંસુ આવી ગયા.

સમૃદ્ધિવાન ગૃહસ્થની વિદાય બાદ મુનિરાજે આંસનું કારણ પૂછ્યું. જિનદાસ શેઠે સર્વ હકિકત વિસ્તારથી મુનિરાજને જણાવી. જિનદાસની વાત સાંભળી મુનિરાજે કહ્યુ - ''ધર્મપ્રેમી બંધુ ! સુખ દુઃખ, ધનવાનતા કે નિર્ધનતા એ તો શુભ અશુભ કર્મને આધીન છે. એ માટે હર્ષ કે શોક કરવો તે ડાહ્યા માણસનું કામ નથી. જે સ્થિતિ પ્રાપ્ત થાય એમાં આનંદ અને સંતોષ માનવો એમાં જ મજા છે. છતાં હું તને ભક્તામર સ્તોત્રની ૩૬મી ગાથાની આરાધનાનો વિધિ બતાવું છું એ રીતે નિરંતર આરાધના કર જેથી અશુભ કર્મનો ક્ષય થશે અને શુભકર્મના ઉદયે ફરી સુખની પ્રાપ્તિ થશે.''

હવે જિનદાસ શેઠ નિરંતર મુનિરાજે બતાવેલા વિધિ પ્રમાણે આરાધના કરવા લાગ્યા. આરાધના કરતાં મહિનાઓ વીતી ગયા. એક દિવસ પોઠિયા ઉપર માલ ભરીને એક વણઝારો ત્યાં આવી ચઢ્યો. આ વણઝારો વસંતપુર નગર તરફ જવાનો છે એવા સમાચાર જિનદાસ શેઠને મળ્યા. વતનની સ્મૃતિ પ્રબળ બની અને ફરી પોતાની નગરીમાં પાછા ફરવાનો વિચાર આવ્યો. મુનિરાજ પાસે જઇ વંદના કરી શુભાશિષ મેળવી રજા માંગી મુનિરાજે સવિશેષ ધર્મ આરાધનામાં ઉદ્યમવંત રહેવાની હિતશિક્ષા આપી.

નવા નવા ગામ... નવા નવા મુક્કામ પસાર કરતો વણઝારાનો કાફલો એક જંગલમાં આવી પહોંચ્યો. કાફલો જંગલ પસાર કરે એ પહેલાં

જ જંગલમાં ઝાડોના એક-બીજા સાથેના ઘર્ષણથી દાવાનલ સળગ્યો. અગ્નિએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. વણઝારાનો કાફલો ચારે બાજુથી અગ્નિની આભ અડતી ઉંચી જ્વાળાઓથી ઘેરાઇ ગયો. બધાની નજર સામે મોત દેખાવા લાગ્યું. ન આગળ વધી શકાય... ન પાછા હઠી શકાય એવી પરિસ્થિતિ નિર્માણ થઇ. વણઝારા પાસે બચવાની કોઇ આશા ન હતી. હવે બધાને સાથે અગ્નિસ્નાન કરવું પડશે એવું લાગ્યું. કોઇ ઉપાય દેખાતો ન હતો.

જિનદાસ શેઠ પણ પરિસ્થિતિને ઓળખી ગયા હતા. જો મરણ ટાળી શકાય એમ નથી તો મરણને મહોત્સવ રૂપ બનાવવા કેમ પ્રયાસ ન કરવો ? એવી શુભ વિચારણા સાથે જિનદાસ શેઠે સુકૃતની અનુમોદના દુષ્કૃતની નિંદા કરી ચાર શરણનો સ્વીકાર કર્યો. અંતે મુનિરાજે બતાવેલ ભક્તામરની આરાધના કરી છત્રીસમી ગાથાના ધ્યાનમાં સ્થિર થઇ ગયા. વિપત્તિમાં ધર્મનું આલંબન એ જ એક માત્ર ઉગારવાનો સર્વ શ્રેષ્ઠ ઉપાય છે. તમે શુભ ભાવથી ધર્મના શરણમાં ચાલ્યા જાવ. તમારી રક્ષા ધર્મ કરશે જ. શ્રદ્ધા સાચી હોય તો પ્રત્યક્ષ ફળ મળે છે. આ ઉક્તિ અનુસાર જિનદાસ શેઠની શ્રદ્ધા અને આરાધના ફળીભૂત થયા. અચાનક એક તેજપુંજ દેખાયો અને સાક્ષાત શાસનદેવ સામે હાજર થઇ ગયા. શાસનદેવે પાણીનો ભરેલો ઘડો જિનદાસ શેઠને આપ્યો અને અલોપ થઇ ગયા.

જિનદાસ શેઠે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર ધ્યાન પૂર્ણ કર્યું અને ઘડામાંથી પાણી લઇ દાવાનળ ઉપર છાંટ્યું અને ક્ષણવારમાં દાવાનલ શાંત થઇ ગયો. વણઝારાનો કાફલો સહીસલામત જંગલમાંથી બહાર નિકળી ગયો. જ્યાં બચવાની આશા ન હતી ત્યાં જીવન સલામત જાણીને સહુ અતિ આનંદ પામ્યા. ધર્મનો મહિમા અપરંપાર છે. વણઝારો પણ આ ચમત્કાર જોઇ આશ્ચર્ય પામ્યો. એણે જિનદાસનો ઉપકાર માન્યો. જિનદાસ શેઠ કહે છે – ''આ મારો પ્રભાવ નથી... પણ આ તો ધર્મનો

મહાપ્રભાવ છે. ધર્મ કરો ધર્મ તમારૂં રક્ષણ કરશે જ. '' **ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।**

જિનદાસ શેઠની વાત સાંભળી વણઝારાને ધર્મ ઉપર શ્રદ્ધા થઇ. એટલું જ નહિં એણે જિનદાસ શેઠને પોતાના વેપારમાં ભાગીદાર બનાવ્યા. અડધો-અડધ નફો આપવાનું નક્કી કર્યું. ધર્મની ઉપર સવિશેષ શ્રદ્ધાના કારણે વેપારમાં સવિશેષ નફો થવા લાગ્યો. જિનદાસ શેઠની સંપત્તિ વધવા લાગી.

જિનદાસ શેઠે ધર્મના પ્રભાવે ગુમાવેલી પોતાની સંપત્તિ ફરી પ્રાપ્ત કરી લીધી. ધર્મના પ્રભાવે લીલાલહેર થઇ ગયા.

વીતરાગ ધર્મ સસારરૂપી દાવાનલને શાંત કરવા સમર્થ છે તો બાહ્ય દાવાનલને શાંત કરે એમાં ક્યાં આશ્ચર્ય છે ?



# ૨૪ સર્પથી પુષ્પમાળા

શક્તિ ક્યાં નથી ? એ તો કહો.

પાણીમાં શક્તિ છે માનવીને જીવાડવાની... તૃષા છિપાવીને...

અગ્નિમાં શક્તિ છે માનવીને ચલાવવાની... પેટની ક્ષુધા મટાવીને.

વાયુમાં શક્તિ છે માનવીને જીવંત રાખવાની... શ્વાસોશ્વાસમાં સહાય કરીને...

પણ શાસ્ત્રકાર મહર્ષિઓએ પાણીની... અગ્નિની... વાયુની શક્તિના વખાણ ન કર્યા ? કારણ આ સર્વ વસ્તુઓમાં તારકની સાથે મારક શક્તિ પણ છુપાયેલી છે.

પાણી હજારોને ડૂબાડી પણ શકે છે..

અગ્નિ લાખોને બાળીને ભસ્મીભૂત પણ કરી શકે છે...

વાયુ વાવાઝોડાના તાંડવ દ્વારા સમગ્ર જીવનને અસ્ત-વ્યસ્ત કરી શકે છે. આ બધી શક્તિ દુધારી તલવાર જેવી છે. ચલાવતા આવડે તો જીત પણ જો ચલાવતા ન આવડે તો કેવળ હાર નહીં પણ મોત.

ના,ધર્મ આવી શક્તિની વાત નથી જણાવતો. ધર્મ તો સદા દિવ્ય શક્તિની જ વાત કરે છે જે ક્યારેય ડૂબાડે નહિં... અને તાર્યા વિના રહે નહીં...

ધર્મ અને વિજ્ઞાનમા આજ એક પાયાનો તફાવત છે. વિજ્ઞાને જે જે શક્તિઓ આપી એ સહાયકની સાથે વિશાનક છે જ્યારે ધર્મ દ્વારા અપાયેલી સર્વ શક્તિઓ કેવળ સહાયક અને ભવોદધિ તારક જ છે.

એટમ બોમ્બમાં શક્તિ છે. એનો કોઇ પણ ક્યારે પણ ઇન્કાર ન જ કરી શકે. પણ આ શક્તિ વિનાશક જ છે એ પણ સ્વીકારવું પડે.

અહિં એટમ બોમ્બ કરતા વધારે શક્તિની વાત જણાવવામાં આવી છે. આ છે ભક્તિની દિવ્ય શક્તિ.

અનાદિથી આ શક્તિએ અનેકોને તાર્યા છે...

વર્તમાનમાં અનેકોને તારે છે...

ભવિષ્યમાં અનંતોને તારશે...

જેણે પણ આ પરમ શક્તિની શરણાગતિ સ્વીકારી તેઓ ભય રહિત બન્યા.. અભય બન્યા.. સનાથ બન્યા.. જન્મ-મરણમાંથી મુક્ત બન્યા.. સિદ્ધ-બુદ્ધ.. નિરંજન-નિરાકાર બન્યા. આવા પરમપદને અપાવનાર અણમોલ શક્તિનો સાચો પરિચય કરવા જ આપણે ભક્તામરની શક્તિની સુંદર કથાઓ જાણી રહ્યા છીએ.

છત્રીસ ગાથાઓના પ્રભાવને જાણ્યા પછી આવો આગળ વધીએ.

સડત્રીસ, અડત્રીસ અને ઓગણચાલીસમી ગાથાના પ્રભાવને અને એના દ્વારા ભક્તિની દિવ્ય શક્તિને ઓળખીએ.

દેવપુર નામે નગરી...

ત્યાં વસે સીરચંદ શેઠ...

તેમની સુપુત્રી હતી સુવ્રતા...

ધર્મપ્રિય અને આરાધક...

એકદા દેવપુર નગરીમાં વિદ્યાચંદ્ર નામે પ્રસિદ્ધ વ્યાપારી આવ્યો. આ વ્યાપારી અત્યંત ચતુર અને હોંશિયાર હતો. તેણે હોશિયારી અને ચાલાકીથી ઘણું ધન પ્રાપ્ત કર્યું. ધન-પ્રસિદ્ધિ સાથે એણે ઘણા સારા સારા વ્યક્તિઓના મન જીતી લીધા. વ્યાપારી કામકાજ પ્રસંગે સીરીચંદ શેઠ સાથે વિદ્યાચંદ્રનો વાતોમાં એવા અંજાઇ ગયા કે એમણે સુપુત્રી સુવ્રતાને એની સાથે પરણાવી દીધી.

વિદ્યાચંદ્ર બ્રાહ્મણ હતો. શૈવ ધર્મનો ઉપાસક હતો.

એના કુટુંબીઓ પણ શૈવધર્મ પાળતા હતા. સુવ્રતા સાસરે આવી પણ એને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો... માતા-પિતા અને ધર્મગુરુઓ પાસેથી બચપનમાં મળેલા સુંદર સંસ્કારોથી એ મુશ્કેલીઓનો શાંતિપૂર્વક સામનો કરી શકી. સાસુ-સસરાદિની અનેક પ્રકારની હેરાનગતિ છતાં એ પોતાના ધર્મને દઢપણે વળગી રહી. ધર્મમાં એ મક્કમ

હતી.

ધર્મના નિમિત્તે સાસુ-સસરા સુવ્રતાને ઘણું પજવતા પણ સુવ્રતા સમતાપૂર્વક બધું જ સહન કરતી. જૈન ધર્મ પ્રત્યેના દ્વેષથી વિદ્યાચંદ્રના માતા-પિતાએ પોતાના પુત્રના બીજી શૈવધર્મ પાળતી વસુમતી કન્યા પરણાવી. ધીમે ધીમે વિદ્યાચંદ્રને પણ સુવ્રતા પ્રત્યેનો પ્રેમ ઘટવા લાગ્યો. સુવ્રતા પોતાના પૂર્વ ભવના કર્મોના ફળનો વિચાર કરી રહી છે. આ કર્મોને તોડવાનો એક માત્ર ઉપાય છે ''ધર્મ'', એમ જાણીને વધુને વધુ ધર્મ આરાધના કરે છે. સુવ્રતાની સ્વસ્થતા અને ધર્મ આરાધના જોઈને વસુમતીને એની વધુ ને વધુ ઈર્ષ્યા - અદેખાઇ આવવા લાગી. સુવ્રતાને કેવી રીતે હેરાન કરી શકાય ? કેવી રીતે એને જાનથી મારી શકાય ? એની વિચારણા કરવા લાગી. કેવી છે હાલત સંસારી જીવોની ? પોતાને પ્રાપ્ત થયેલા સુખોમાં એ સુખી નથી બની શકતા પણ બીજાને દુઃખી કરી એમાંથી સુખ પામવાની વિચારણામાં રમતા હોય છે. ઈર્ષ્યા અને અદેખાઈમાં ફસાયેલા જીવોએ ન જાણે કેટલાયના જીવનમાં આગ લગાડી હશે. તપાસી લેજો તમારા જીવનને ! એમાં તો આવું કોઇ દુષિત તત્વ નથીને.

વસુમતીએ વારંવાર વિદ્યાચંદ્રની કાનભંભેરણી કરીને છેલ્લે એને સુવ્રતાને મારી નાંખવા તૈયાર કર્યા. હવે સુવ્રતાને મારવી કેવી રીતે એના માટે વિચારવા લાગ્યા. હવે સુવ્રતાને મારવી કેવી રીતે એના માટે વિચારવા લાગ્યા. સર્પના દંશથી મારવું સરળ થશે એમ માની એક ગારૂડીને સાધવામાં આવ્યો. ગારૂડી પાસેથી એક અત્યંત ઝેરી સર્પ એક ઘડામાં પકડી રાખવામાં આવ્યો. આ સર્પ સહિતનો ઘડો સુવ્રતાના ઓરડામાં એ ન જાણે એ રીતે મૂકવામાં આવ્યો. છળ-કપટ માણસને શું કરવા પ્રેરે છે ? સાંજનો સમય થયો. સૂર્યનો અસ્ત થયો. વિદ્યાચંદ્ર સુવ્રતા પાસે આવ્યો.

ઘણા સમય બાદ ઘરે આવેલા વિદ્યાચંદ્રને જોઇ સુવ્રતા અત્યંત હર્ષિત થઇ. વિદ્યાચંદ્ર પણ એની સાથે મીઠી-મીઠી વાતો કરવા લાગ્યા.

ત્યાં તો વસુમતી આવી એ પણ સુવ્રતાની પ્રશંસા કરતી અનેક પ્રકારની ચેષ્ટાઓ કરતી હસતી-હસાવતી વાતો કરવા લાગી. સુવ્રતાને લાગ્યું પાપ પલાયન થયું...ભાગ્યોદય થયો. દુઃખના દહાડા પૂરા થયા અને જીવનમાં સુખનો સુર્યોદય થયો. એને ક્યાં ખબર છે કે આ તો માયા-કપટનું નાટક ભજવાઇ રહ્યું છે ? ત્યાં તો વિદ્યાચંદ્રે કહ્યું - ''હે પ્રિયે ! આજે તારા ઉપર અત્યંત પ્રસન્ન થઇને હું સુંદર પુષ્પનો હાર તારા માટે લઇ આવ્યો છું. તે હાર આ ઘડામાં છે. તે ઘડામાંથી કાઢીને તું ગળામાં ધારણ કર જેથી તારી શોભામાં વૃદ્ધિ થાય.''

મારા સ્વામિનાથ મારા માટે ફુલહાર લઇ આવ્યા જાણીને અત્યંત આનંદ પામેલી સુવ્રતા દોડતી ઘડા પાસે ગઇ... ક્ષણવાર અટકી ગઇ એણે ધર્મનું સ્મરણ કર્યું... ભક્તામર સ્તોત્રની મહાપ્રભાવિક સાડત્રીસ (૩૭)મી ગાથાનું સ્મરણ કર્યું. અને ઘડામાં હાથ નાંખ્યો. ધર્મનું સ્મરણ.. ભક્તામરનું રટણ... અપૂર્વ શ્રદ્ધા... આ ત્રિવેણી સંગમથી ચમત્કાર થયો. ઝેરી સર્પમાંથી સુંદર આકર્ષક અને સુગંધી પુષ્પહાર બની ગયો.

નજરોનજર ચમત્કાર નિહાળી વિદ્યાચંદ્ર આશ્ચર્ય પામ્યો. છતાં અંતરના ભાવ છૂપાવી એણે સુવ્રતાને કહ્યું - ''જો કેવો સુંદર હાર છે જલ્દી ગળામાં ધારણ કરી લે.''

સુવ્રતા સરળ છે... ભોળી છે... વિદ્યાચંદ્ર અને વસુમતીના માયા-કપટને જાણતી નથી... ઓળખતી નથી. એણે સહજ ભાવથી કહ્યું - ''આવો હાર મારા નહીં તમારા જ ગળામાં શોભે'' અને એ હાર વિદ્યાચંદ્રના ગળામાં પહેરાવવા ગઇ ત્યાં તો બીજો ચમત્કાર થયો. સાક્ષાત્ શાસનદેવી પ્રગટ થયા. અને એમણે અચાનક સુવ્રતાનો હાથ પકડી લીધો.. વિદ્યાચંદ્રના ગળામાં હાર નાંખતી સુવ્રતાને અટકાવી દીધી અને વિદ્યાચંદ્રને કહ્યું -''હે પાપી ! આ હાર જો તારા ગળામાં પડે તો એમાંથી તે આણેલો ઝેરીલો સર્પ બની જાય. એ તને દંશ આપે તો એનાથી તારું અવશ્ય મરણ થાય. પણ એમ થતાં સુવ્રતાને વિધવા પણાનું દુઃખ ભોગવવું

પડે... માટે જ મેં એને અટકાવી છે. સરળ હૃદયા... પવિત્ર સુવ્રતા ઉપર આવી વિપત્તિઓ વરસાવનાર તારા તો આવાજ હાલ થવા જોઈએ. પણ સુવ્રતાના પુણ્ય પ્રભાવે તને છોડી દઉં છું. આવી પરમ પવિત્ર નારીને સતાવનાર તને ધિક્કાર છે.''

આટલું બોલી સ્વસ્થાને જવા તૈયાર થનાર દેવીના ચરણોમાં વિદ્યાચંદ્ર અને વસુમતીએ નમસ્કાર કર્યો અને સુવ્રતાની પાસે પોતાની ભુલ માટે ક્ષમા માંગી. બન્નેએ જૈન ધર્મનો પ્રભાવ નજરે નિહાળી એનો અંતઃકરણ પૂર્વક સ્વીકાર કર્યો.

જૈન ધર્મનો જયજયકાર થયો. સુવ્રતાના આનંદનો અવધિ ન રહ્યો.

કયારે આવશે ધર્મનો જય જયકાર કરવાની આવી પુણ્યવંતી પળો આપણા સહુના જીવનમાં ?



# ૨૫ આરાધનાનું ફળ

એ હતી મિથિલા નગરી...

જ્યાં હતો રણકેતુ રાજવી...

અત્યંત ભોગી અને વિલાસી...

ભોગ અને વિલાસમાં પાગલ રાજવી રાજ્ય પાલનમાં બેદરકાર બન્યો. નથી રાજ્યની ચિંતા... નથી પ્રજાની દેખભાળ. રાજા રણકેતુનો એક ભાઇ છે. એનું નામ છે ગૃહવર્મા. ધર્મ આરાધક અને દયાળુ છે. દયાથી પ્રેરાઇને રાજ્ય કાર્ય સંભાળે છે, જેથી પ્રજાને કાંઇક શાંતિ છે.

ગૃહવર્માનો એક વૃદ્ધ જૈન યતિ સાથે પરિચય થયો. ધીમે ધીમે બન્ને વચ્ચે પ્રેમભાવ વધવા લાગ્યો. ગૃહવર્મા દરરોજ યતિશ્રીના દર્શન-વંદનાર્થે ઉપાશ્રય જતા ત્યાં એમને સત્સંગનો લાભ મળતો... ધર્મચર્ચા થતી અને એમના માર્ગદર્શન મુજબ એ રાજ્ય કારભાર પણ સંભાળતો. ગૃહવર્મા પોતાની ઇચ્છા પ્રમાણે રાજ્ય કાર્યભાર સંભાળે છે એ વાત રણકેતુની રાણીને ગમી નહીં. ગમે તે રીતે ગૃહવર્માને રાજ્યકાર્યથી દૂર કરવાનો નિશ્ચય કર્યો.

માયા-કપટથી ઉભા કરેલા ષડ્‌યંત્રને પાર પાડવા અસત્યનો સહારો લેવો જ પડે છે. ડગલે ને પગલે પાપકર્મ ઉપાર્જન કરવા જ પડે છે. પાપની પરંપરા આચરતા વ્યક્તિને ક્યારેય એના દારૂણ... ભયાનક વિપાકનો - પરિણામોનો ખ્યાલ નથી હોતો. રાણી સાહેબાએ સમય જાણીને પાસા નાંખ્યા. રણકેતુ રાજાને આનંદમાં જાણીને વાત મૂકતા કહ્યું - ''હે સ્વામિનાથ ! તમે તો રાજ્ય કારભાર જોતા જ નથી. ભાઇના ભરોસે રાજ છોડ્યું છે. પણ ભાઇનો ભરોસો કરવા જેવો નથી. એ તો તમને મારી નાંખવા ઇચ્છે છે. એને સ્વયંને રાજા બનવાના કોડ જાગ્યા છે. એ માટે તેઓ બધી તૈયારી કરી રહ્યા છે. જો સમયસર સાવધાન નહિં થાવ તો પાછળથી પસ્તાવાનો સમય આવશે.''

રાજા... વાજા... ને વાંદરા આ ત્રણે સરખા. આગળ પાછળનો વિચાર કર્યા વગર... તપાસ કર્યા- કરાવ્યા વગર રાજા રણકેતુએ રાણીની વાત સાચી માની લીધી અને ગૃહવર્માની પોતાના રાજ્યમાંથી તરત હકાલપટ્ટી કરી નાંખી રાજ છોડી ચાલ્યા જવાનો હુકમ કર્યો...

ગૃહવર્મા ધર્મના જાણકાર હતા. સુખ-દુઃખમાં સમબુદ્ધિ ધારણ કરનારા હતા. તેઓ વિચાર કરવા લાગ્યા સારૂં થયું ધર્મ સાધના માટે વધુ સમય મળશે. આત્મકલ્યાણની તક મળશે. એમ ચિંતવવા રાજ્ય છોડી નજીકમાં આવેલા એક પર્વતની ગુફામાં રહીને ધર્મ સાધના કરવા લાગ્યા.

સમય વીતવા લાગ્યો. ગૃહવર્મા વધુ ને વધુ આરાધનામાં લયલીન બની હળુકર્મી બનતા ગયા.

એકદા રણકેતુ રાજવી પડોશી રાજા સાથે યુદ્ધ કરવા મોટું લશ્કર લઇને નિકળ્યા. પરંતુ પર્વત પાસે આવતાં સૂર્યાસ્ત થઇ ગયો તેથી ત્યાં જ લશ્કરનો પડાવ નાંખ્યો. આજુબાજુમાં ફરતા લશ્કરના કોઇ માણસે ગુફામાં રહેલા ગૃહવર્માને જોયો. ઓળખ્યો.. અને રાજાને વાત જણાવી.

રાજાએ વાત સાંભળતાં જ ભાઇ પ્રત્યે ક્રોધ જાગવાથી એને જાનથી મારી નાંખવા લશ્કરના કેટલાક માણસોને ગુફા તરફ મોકલ્યા. પૂર્વમાં ક્યારેય આ ગુફા તરફ આવતા કોઇને જોયા ન હતા તેથી લશ્કરના માણસોને આવતા જોઇ વિસ્મય પામેલા ગૃહવર્મા ગુફામાંથી બહાર નીકળ્યા. જેવા ગૃહવર્મા ગુફામાંથી બહાર આવ્યા તેવા લશ્કરના માણસોએ એમને ચારે બાજુથી ઘેરી લીધા.

ગૃહવર્મા ક્ષણવારમાં પરિસ્થિતિ સમજી ગયા. ધર્મ શરણ લેવાનો સમય છે એમ જાણી વૃદ્ધ યતિએ બતાવેલ વિધિ મુજબ ભક્તામર સ્તોત્રની આડત્રીસ (૩૮) અને ઓગણચાલીશ (૩૯)મી ગાથાનું રટણ... સ્મરણ અને ધ્યાન કરવા લાગ્યા. ભક્તિની શક્તિ અલૌકિક છે. ભક્તિ સાચી હોય તો ભક્તને પરચો મળ્યા વગર ન રહે. ગૃહવર્માને એની આરાધનાનું ફળ મળ્યું રણકેતુનું લશ્કર આંધળું થઇ ગયું. કોઇને કશું જ

દેખાતું નથી. બધા જ્યાં ત્યાં અથડાવા લાગ્યા.

લશ્કરની આવી હાલત જોઇ રણકેતું આશ્ચર્ય પામ્યો. આવું કેમ બન્યું ? એમ વિચારતાં એને સમજાયુંકે આ મારો બધું કોઇ સામાન્ય માનવી નથી એ તો કોઇ ચમત્કારી મહાપુરુષ છે... એ કોઇ સિદ્ધ પુરુષ છે. આવા મહાત્માને મારવા માટે મોકલેલ મારા માણસોના આવા હાલ થાય એમાં શું નવાઇ છે ? પોતાની ભૂલ જાણી એ ગૃહવર્મા પાસે આવી ભૂલ માટે પશ્ચાતાપ કરવા લાગ્યો. ખરા અંતઃકરણથી પશ્ચાતાપ કરી એણે પોતાના મસ્તક ઉપરથી મુકુટ ઉતારી ગૃહવર્માના મસ્તકે મુકી દીધો અને ગૃહવર્માને રાજા જાહેર કર્યો.

સ્વયં વૈરાગ્ય પામી સંયમના પંથે સંચર્યા.

ગૃહવર્માએ અનેક રાજસ્વીઓને હરાવી પોતાનું  રાજ્ય વિસ્તાર્યું. ધર્મને માથે રાખી રાજ્યકારભાર સંભાળ્યો. પ્રજાનું સુખ ચિંતવ્યું પ્રજા ખુશ થઇ. સર્વત્ર ધર્મનો જય જયકાર થયો.

પ્રભુભક્તિ દ્વારા સંસાર સાગર તરી જવાય છે. મોહવિજેતા બની કેવળજ્ઞાન પામી શકાય છે. તો બાહ્ય યુદ્ધમાં વિજય મળે એમાં ક્યાં આશ્ચર્ય છે ?

જે પુણ્યશાળી નરબંકાઓએ ભક્તિની દિવ્ય શક્તિ ઓળખી છે તેઓ નિરંતર પ્રભુ ભક્તિમાં મસ્ત જ રહે છે. ભક્તિ કરતાં કરતાં ભવસાગર તરી જાય છે

# ૨૬ જીવદયા

**મુક્તિથી અધિક તુજ ભક્તિ**
**મુજ મન વસી**
**જે હશું પ્રબળ પ્રતિબંધ લાધો,**
**કનક પાષાણ જેમ લોહને ખેંચશે,**
**મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો..**

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ દેવાધિદેવ ઋષભદેવ પ્રભુને કહી રહ્યા છે નાથ ! મારા મન મંદિરમાં મુક્તિ કરતાં પણ ભક્તિનું સ્થાન મજબૂત છે. કારણ શું? એનો સ્વયં જવાબ આપે છે. હે દેવાધિદેવ ! મુક્તિ કરતાં ભક્તિમાં પ્રબળ શક્તિ છે. લોહચુંબક જેવી રીતે લોખંડને પોતાની તરફ ખેંચે છે તેવી રીતે ભકિત મુક્તિને ખેંચી લાવે છે.

જે સાધકને ભક્તિની આવી પ્રચંડ શક્તિનો પરિચય છે તે પરમાત્માની ભક્તિમાં ક્યાંય કચાશ રાખતા નથી... ભક્તિમાં ક્યાંય કમી કે ખામી આવવા દેતા નથી. આવા જીવોના જીવનની સફળતા ભક્તિમાં જ સમાયેલી છે. આજના વિષમ કલીકાળમાં આપણા સહુને માટે સહજ સરળ અને સહેલામાં સહેલો ભક્તિ માર્ગ છે.

મીરા જેમ ગિરધરમાં મગન બની, બસ ! એ જ રીતે આપણે પણ અરિહંતની ભક્તિમાં લયલીન બની જઇએ. ભક્તિમાં એકરસ એકતાન બની જઇએ. દુનિયાનું ભાન ભુલાઇ જાય... દેહભાન ભુલાઇ જાય... ત્યારે જ ભક્તિની દિવ્યતાનો અનુભવ થાય છે. જેમને એ દિવ્યતાનો અનુભવ થયો છે એમણે સદા માટે પરમાત્માની બિનશરતી શરણાગતિ સ્વીકારી છે. એમના જીવનમાં ચમત્કારોની હારમાળાઓ સર્જાઇ છે. એમણે અનેકોને ભક્તિનાં રંગમાં રંગ્યા છે.

ભક્તામર સ્તોત્રના આધારે આપણે આવી અનેક ચમત્કારી કથાઓની વાતો વાંચી છે. આપણને ભક્તિની દિવ્ય શક્તિનો એના દ્વારા

સુંદર પરિચય થયો છે.

આવો, અહિં આપણે બાકી રહેલી ભક્તિની દિવ્ય શક્તિને સમજાવતી કથાઓને વાંચી... જાણી... માણી માનવ જીવનની ધન્યતા અનુભવવા ભક્તિરસમાં ભીંજાઇ જઇએ.

તીરપુર બંદર...

વિજય શેઠ...

અત્યંત ધર્મિષ્ઠ...

સવારના વહેલા ઉઠવાનું...

સ્નાનાદિથી શુદ્ધ થવાનું...

પવિત્ર વસ્ત્ર ધારણ કરવાના...

શુદ્ધ ભૂમિ ઉપર આસન જમાવવાનું...

અને એકવીસ (૨૧) વખત એકાગ્ર ચિત્તે ભક્તામર સ્તોત્રનું સ્મરણ કરવાનું.

આ હતો એમનો નિત્યક્રમ.

ન હતી જાણ વિધિની... કે નહોતા જાણતા મંત્ર વિજ્ઞાન...

પણ એમની પાસે શુદ્ધ શ્રદ્ધા અને સાચી ભક્તિની મુડી મજબૂત હતી.

બસ આ મુડી ઉપર તો એમનો મોટો વેપાર ચાલતો હતો. દેશ-પરદેશમાં અનેક પેઢીઓ ચાલતી હતી. લાખોના માલ સાથેના અનેક વહાણો હંમેશા દરિયામાં જ ફરતા હતા. સર્વત્ર એની મોટી શાખ હતી. અજાણ્યા પ્રદેશમાં પણ એમના નામની હુંડી સ્વીકારવામાં આવતી હતી.

એક દિવસની વાત છે. અમુલ્ય માલ ભરેલા વહાણો લઇ વિજયસેઠ સિંહલદ્વિપથી આવી રહ્યા હતા.

વાતાવરણ સુંદર હતું...

પવન અનુકુળ હતો...

દરિયો શાંત હતો...

વહાણો સડસડાટ ચાલ્યા જતા હતાં...

સહુ પોતાના કાર્યમાં વ્યસ્ત હતાં. ત્યાં અચાનક વહાણ થંભી ગયા. ખારવાઓના વહાણ ચલાવવાના બધા પ્રયાસ નિષ્ફળ ગયા. અંતે ખારવાઓ વિજયશેઠ પાસે આવ્યાં. અચાનક વહાણ અટકી ગયાની વાત જણાવી.

વિજયશેઠે ખારવાઓને વહાણ થંભી ગયાનું કારણ પૂછ્યું ત્યારે તેઓએ કહ્યું– ''શેઠજી ! અહીં નજીકમાં જ દેવનું સ્થાનક છે. તેથી વહાણ થંભી ગયા છે. જો દેવીને ભોગ આપીએ તોજ વહાણ આગળ ચાલશે. અન્યથા અહીં જ અટક્યા રહેશે.''

વિજયશેઠ ચુસ્ત જૈન ધર્મનું પાલન કરનારા હતા. નિર્દોષ પ્રાણીના વધ માટેની વાત તેઓ ક્યાંથી સ્વીકારે ? શું કરવું ? એવા ચિંતનમાં તેઓ લીન બન્યા.

ખારવાઓ તો ભોગ આપવા તૈયાર થયા પણ શેઠે ના પાડી.

શેઠે વહાણોને ત્રણ દિવસ માટે ત્યાં જ રહેવા દઇ પરમ પ્રભાવી અઠ્ઠમ તપની આરાધના કરી. અઠ્ઠમ તપના પ્રભાવે શું અશક્ય હોય ? અઠ્ઠમ તપના પ્રભાવે મિથ્યાત્વી દેવીની શક્તિ ઢીલી પડી. તે સ્વયં શેઠ પાસે આવી અને કહેવા લાગી – ''શેઠજી ! તમારા દયામય ધર્મ અને અઠ્ઠમ તપની આરાધનાથી હું તમારા ઉપર પ્રસન્ન થઇ છું. તમને જે જોઇએ તે માંગી લો... હું આપવા બંધાયેલી છું.''

ધનનો પુજારી ધન માંગે...

ધર્મનો પુજારી ધર્મ ઇચ્છે...

શેઠને મળેલી તક શેઠ કેમ જતી કરે એમણે કહ્યું – ''હે દેવી ! જો તું ખરેખર મારા ઉપર પ્રસન્ન થઇ હોય તો મને ધન–સત્તા–સંપત્તિ કશું જ જોઇતું નથી. પણ જો તું ખરેખર આપવા ઇચ્છે છે તો તું નિર્દોષ પ્રાણીઓની હિંસા છોડી દે.. અહિંસા પરમોધર્મનો જીવનમાં સ્વીકાર કરી લે.''

શેઠની વાત સાંભળી અત્યંત પ્રસન્ન થયેલા દેવીએ જીવનમાંથી સદાને માટે હિંસાનો ત્યાગ કરી દીધો અને અહિંસાનો સ્વીકાર કરી લીધો.

પછી એણે શેઠને કહ્યું – ''શેઠજી ! આપને જ્યારે જ્યારે પણ જરૂર પડે ત્યારે ત્યારે ''**અંભો નિધૌ..**'' ગાથાનું સ્મરણ કરજો હું આપની સેવામાં હાજર થઇશ.''

આટલું કહી દેવી સ્વસ્થાને ગઇ.

વિજય શેઠના વહાણો આગળ વધવા લાગ્યા... શાન્તિપૂર્વક પોતાના નગરમાં સહુ પહોંચી ગયા. નગરમાં લોકોએ જ્યારે આ વાત જાણી ત્યારે ધર્મની પ્રભાવના થઇ. અનેક માનવીઓ ધર્મી બની આરાધનામાં જોડાયા.

મિથ્યાત્વી દેવોને સમકિતી અને હિંસક દેવોને અહિંસક બનાવનાર જિન શાસન જયવંતુ વર્તે છે.



# ૨૭ જલોદર મુક્તિ

કૌશંબી નગરી...

જયશેખર રાજા...

વિમળા રાણી...

વિજયસિંહ રાજકુમાર...

પરંતુ વિજયસિંહ રાજકુમાર કાંઇક સમજણો થાય એ પહેલાં જ માતા વિમળા સ્વર્ગે સિધાવ્યા. જયશેખર રાજાએ બીજા લગ્ન કર્યા. બીજી રાણીનું નામ હતું કમળા. કમળાને પુત્ર રત્નની પ્રાપ્તિ થઇ.

કમળાનો પુત્ર જેમ જેમ મોટો થવા લાગ્યો તેમ તેમ કમળાની ચિંતા વધવા લાગી. જ્યાં સુધી વિજયસિંહ જીવતો છે ત્યાં સુધી મારા પુત્રનો ભાગ્યોદય સંભવતો નથી. જ્યાં સુધી વિજયસિંહ છે ત્યાં સુધી મારા દિકરાને રાજગાદિ નહિં મળે. દિકરાને રાજગાદિ ન મળે ત્યાં સુધી નગરમાં મારૂં માન પણ ન વધે. હવે શું ઉપાય કરું ? જેથી વિજયસિંહ સદાને માટે દૂર થઇ જાય ? વિજયસિંહ બુદ્ધિશાળી છે. ચતુર અને હોંશિયાર છે. રાજાને પણ અતિ પ્રિય છે. પણ જો એનું મોત થશે તો પોલ ખુલી જશે.. વાત બહાર પડશે તો મારું જીવન આકરૂં થઇ પડશે. માટે એવો માર્ગ અપનાવું જેથી તે કોઇ રોગનો શિકાર થાય અને એનાથી જ એનું મરણ નીપજે. કમળા કોઇ યોગ્ય સમયની રાહ જોઇ રહી હતી.

ત્યાં એક દિવસ જયશેખર રાજા આજુબાજુ પ્રદેશ જીતવા બહાર ગયા. કમળાએ વિજયસિંહ રાજકુમાર સાથે મીઠી મીઠી પ્રેમભરી વાતો કરવા લાગી. અને ખોરાકમાં એને એવી ઔષધિ ભેળવી દીધી જેથી શરીર ધીમે ધીમે રોગોનું ઘર બની ગયું. ઘણા ઉપાયો કર્યા. બધા નિષ્ફળ ગયા. વિજયસિંહ કંટાળી ગયો.. અત્યંત દુઃખી થઇ ગયો. વિજયસિંહને ખબર મળી કે આ બધા કરતુત સાવકી માતાના છે. જો એમ જ હોય તો હવે અહીં રહેવામાં જોખમ છે. અહીંથી દૂર થઇશ તો જ કાંઇક સારું થશે. તેથી વિજયસિંહે પરદેશમાં જવાનું

નક્કી કરી લીધું.

શરીરના રોગોથી કંટાળેલો.. થાકેલો અને દુઃખી થયેલો વિજયસિંહ ફરતો ફરતો હસ્તિનાપુર નગરીની બહાર પહોંચ્યો. ત્યાં નગરની બહાર એક ધર્મશાળા હતી ત્યાં રહેવા લાગ્યો. વિજયસિંહનો પાપોદય કાંઇક શાંત થયો અને મહાન પુણ્યોદય જાગૃત થયો. તેથી તે દિવસે ધરતીને પાવન કરતાં ગામોગામ વિચરતા જૈન મુનિરાજ એજ ધર્મશાળામાં આવી પહોંચ્યા. વિજયસિંહને સમાચાર મળતા તે હર્ષિત થયો અને ગુરુ ભગવંત પાસે આવી વંદન કરી ત્યાં જ બેસી ગયો.

થોડીવાર સામાન્ય વાતચીત કરી અને ગુરુ ભગવંતને કહ્યું – ''હે કૃપાળુ મહાત્મા ! ન જાણે કેવો કર્મોદય જાગ્યો છે કે ઘણા સમયથી જલોદરના રોગથી પીડાઇ રહ્યો છું. ઘણા ઉપચાર કર્યા પણ સર્વે નિષ્ફળ ગયા. હવે આ દર્દ સહન થતું નથી. આવી પીડા ભોગવવાં કરતાં મરણનું શરણ સારું એમ લાગે છે. આ ભવમાં તો કોઇ પુણ્યકર્મ કરી શક્યો નથી, પણ હવે કાંઇક ધર્મ સંભળાવો તો આવતો ભવ સુધરી જાય.''

દુઃખીઓના દુઃખ સાંભળી દયાળુ મહાપુરૂષોને દયા આવે છે.. આવા જીવોને શાતા ઉપજે માટે તે બે ધર્મના શબ્દો સંભળાવે છે. અહિં પધારેલા મુનિ મહારાજે વિજયસિંહને હિમ્મત આપતા કહ્યું – ''હે બંધુ ! કરેલા કર્મ સહુને ભોગવવા જ પડે છે. સાધુ હોય કે સંસારી... રાજા હોય કે રંક... બાળક હોય કે વૃદ્ધ કર્મનો કાયદો બધા માટે સમાન જ છે. એવા કર્મોદયે શાંતિ રાખવી... ધીરજ રાખવી... અપૂર્વ સમતા કેળવવી જેથી નવા કર્મ ન બંધાય. આર્તધ્યાન ન થાય... ધર્મધ્યાન ટકી રહે... દુઃખમાં દેવાધિદેવની સવિશેષ ભક્તિ કરવી જેથી દુઃખને દર્દને સહન કરવાની અપૂર્વ શક્તિ પ્રાપ્ત થાય છે. અંતે એજ એક આધાર છે. હું પણ તને એક ગાથા બતાવું છું. તું તેનું રટણ કરજે... ચિંતન કરજે... ધ્યાન ધરજે તને અલૌકિક સુખ–શાંતિનો અનુભવ થશે. એમ કહી મુનિ મહારાજે ભક્તામર સ્તોત્રની એકતાલીશમી ગાથા – ''ઉદ્‌ભૂતભીષણ...'' શીખવાડી. આ ગાથાની

આરાધનાનો વિધિ સમજાવ્યો અને મુનિરાજ તો વિહાર કરી ગયા. વિજયસિંહ અત્યંત શ્રદ્ધાપૂર્વક આરાધના કરી રહ્યો છે. ધર્મ આરાધનાના પ્રભાવે ધીમે ધીમે મન શાંત થયું, પણ તનની વેદના ચાલુ જ રહી.

વિજયસિંહ જ્યારે હસ્તિનુપર નગરીની બહાર ધર્મશાળામાં રહેતો હતો એ સમયે હસ્તિનાપુરની રાજગાદિ ઉપર દેવીસિંહ નામે રાજા બિરાજમાન હતા. એમને એક પુત્ર અને ત્રણ પુત્રીઓ હતી. રાજા દેવીસિંહ એકદા પરિવાર સાથે બેસીને વાતો કરી રહ્યા હતા. વાતો કરતાં કરતાં.. હસતાં હસતાં પોતાની પુત્રીઓને પૂછ્યું – ''તમારું સુખ કોના હાથમાં છે ?

રાજાની પણ પુત્રીઓમાંથી મોટી બે બહેનોએ કહ્યું – ''પિતાજી ! અમારું સુખ તમારાજ હાથમાં છે ?''

જ્યારે નાની પુત્રી શિલાવતીએ કહ્યું – ''ના...ના... પિતાજી ! અમારું સાચું સુખ તો અમારા કર્મને આધીન જ છે.''

મોટી બે દિકરીઓની વાત સાંભળી આનંદ પામેલો રાજવી નાની દિકરીના જવાબથી અત્યંત કોપાયમાન થયો. અને તાત્કાલિક સેવકોને નગરમાંથી અત્યંત રોગી... વેદનાથી પીડાતા માણસને શોધી લાવવા કહ્યું.

સેવકોએ શોધ ચલાવી પણ હસ્તિનાપુર નગરીમાં આવો કોઇ રોગી ન મળવાથી સેવકો નગર બહાર આવ્યા. નગર બહાર ધર્મશાળામાં તપાસ કરતાં વ્યાધિથી પીડાતો વિજયસિંહ દેખાયો. સેવકો વિજયસિંહને પકડીને રાજા પાસે લઇ ગયા. રાજાએ પણ આવેશમાં શીલાવતીને વિજયસિંહ સાથે પરણાવી દીધી.

સમજુ શીલાવતીએ કર્માધીન મળી ગયેલા પતિનો સ્વીકાર કર્યો અને એની સુંદર સેવા કરવા લાગી.

એકદા ફરતા ફરતા એજ મુનિવાર ત્યાં પધાર્યા. વિજયસિંહ અને શીલાવતીએ ભાવપૂર્વક એમને વંદના કરી. વંદન કરી મુનિરાજને નમ્ર પ્રાર્થના કરી – ''હે પવિત્ર મુનિરાજ ! પુણ્યથી આજે અમને તમારા દર્શનનો લાભ મળ્યો છે. પરંતુ હવે જો આપ કૃપા કરીને રાજકુમારના આ વ્યાધિને શાંત કરો

તો અમારા ઉપર આપનો મહાન ઉપકાર થશે. આપ જેવા પુણ્યાત્માઓ પાસેથી શાંતિ નહીં મળે તો અમે કોના શરણે જઇશું ? અમારું શું થશે ?

શીલાવતીની વિનયપૂર્વકની આજીજી ભરી પ્રાર્થના સાંભળી મુનિરાજે ભક્તામર સ્તોત્રની એકતાલીસમી ગાથાનો પ્રયોગ બતાવી અન્યત્ર વિહાર કરી ગયા. બીજા દિવસથી જ શીલાવતીએ મુનિરાજે જણાવેલા પ્રયોગનો પ્રારંભ કર્યો. સ્નાનાદિથી પવિત્ર થઇને શીલાવતીએ મુનિરાજના બતાવ્યા પ્રમાણે ભક્તામર સ્તોત્રના એકતાલીશમી (૪૧) ગાથાનું આરાધન કરી અને તેનાથી મંત્રેલું જળ રાજકુમારને પિવડાવ્યું. ફક્ત અગિયાર દિવસની આરાધનામાં શીલાવતીને ફળની પ્રાપ્તિ થઇ. રાજકુમારના જલોદરનો મહાન વ્યાધિ નાશ પામ્યો અને પહેલાની જેમ તેજસ્વી અને સૌંદર્યવાન બની ગયો.

હસ્તિનાપુરના રાજવીને પણ કર્મ સિદ્ધાંતની સત્યતાનો પરિચય થયો. એણે પણ પોતાની ભૂલનો સ્વીકાર કરી બહુમાન પૂર્વક વિજયસિંહ અને શીલાવતીને પોતાના મહેલમાં તોડાવ્યા. બન્નેની સર્વ રીતે સગવડ કરી આપી. બન્ને આનંદપૂર્વક દિવસ વીતાવવા લાગ્યા.

પાપકર્મનો ઉદય હોય ત્યાં સુધી સર્વ પ્રકારની પ્રતિકુળતાઓ આ જીવને ભોગવવી પડે છે. સર્વ પ્રકારની વિપત્તિઓનો સામનો કરવો પડે છે. પણ જ્યારે નશીબ વચ્ચેનું પાંદડું ખસી જાય ત્યારે સર્વ પ્રકારની પ્રતિકુળતાઓ ટળી જાય છે. જીવનમાં સહુ તરફથી અનુકુળતામય વાતાવરણનું સર્જન થાય છે.

રાજકુમાર વિજયસિંહનું અશુભ કર્મ ટળી ગયું... શુભકર્મ આવી ફળ્યું...

મુનિરાજની મુલાકાત થઇ... માર્ગ મળ્યો...

શીલાવતી જેવી રાજકુમારીથી લગ્ન થયા...

આરાધનાથી રોગનો નાશ થતાં કાયા નિરોગી બની...

હસ્તિનાપુરના રાજવી... વિજયસિંહના સસરા દેવીસિંહ રાજા સત્ય સમજ્યા અને સસન્માન પોતાની નગરીમાં લઇ ગયા...

બીજી બાજુ ઘણા સમય બાદ જયશેખર રાજવી યુદ્ધમાં વિજય મેળવી કૌશંબી નગરીમાં પાછા ફર્યા. નગરીમાં પાછા ફર્યા બાદ સમાચાર મળ્યા કે પુત્ર વિજયસિંહનું શરીર રોગોથી ઘેરાઇ જતાં તે કંટાળીને ક્યાંક ચાલ્યો ગયો છે. સમાચાર મળતાં જ રાજા અત્યંત દુઃખી થયા... ખેદ કરવા લાગ્યા. પછી પુત્રની તપાસ કરવા ચારે દિશામાં સેવકોને દોડાવ્યા. સેવકો વિજયસિંહને શોધતા શોધતા હસ્તિનાપુર નગરીમાં પધાર્યા. ત્યાં તેમને વિજયસિંહના સમાચાર મળ્યા. તેથી તેને મળવા ગયા. તેની કુશળતા સાંભળી-જાણીને અત્યંત હર્ષિત થયા. પછી રાજકુમાર વિજયસિંહને જયશેખર રાજવીનો સંદેશો કહી સંભળાવ્યો. પિતાની વિરહ વેદના અને મળવાની આતુરતા જાણીને તરત શીલાવતી સાથે કૌશંબી નગરીએ પહોંચ્યા. હર્ષઘેલા પિતા-પુત્ર એકબીજાને પ્રેમથી ભેટી પડ્યા. પિતા-પુત્રનું મિલન જોઇને સહુની આંખો હર્ષાશ્રુથી ભીની બની ગઇ.

પરમાત્મ ભક્તિનો ભવ્ય પ્રભાવ અનુભવવા ભક્તિ માર્ગના પરમ પથિક બન્યા વિના છુટકો નથી. ક્યારે આવશે એ પાવન પળ ?



# ૨૮ બંધન મુક્તિ

અજમેર નગરી...

જ્યાં દિલ્હીના બાદશાહનો સુબો વહીવટ સંભાળતો હતો...

પરંતુ આજુબાજુના કેટલાક ગામો રણપાલના તાબામાં હતા. રણપાલ તો રજપુત હતો પણ જૈન મુનિના સત્સંગમાં આવવાથી એ જૈન બની ગયો હતો દાન અને દયા એના જીવનમાં વણાયેલા હતા. મુનિની પાસેથી એણે નવકાર મહામંત્ર અને ભક્તામર સ્તોત્ર શીખી લીધો હતો. નવકાર મંત્રનો જાપ અને ભક્તામરનો સ્વાધ્યાય એનો નિત્ય નિયમ બની ગયો હતો. જીવનમાં સુખ-શાંતિ હતી.

પરંતુ સંસાર કોનું નામ ? સમાધિમાં અચાનક ઉપાધિ આવી પડી. રણપાલનો કોઈ દોષ ન હતો.. કોઈ ભૂલ ન હતી. છતાં એની સાથે છળકપટ કરીને એને પકડી લીધો... એને દિલ્હીના બાદશાહ જલાલુદ્દીન ખીલજી પાસે હાજર કર્યો. રણપાલ ઉપર વિવિધ આરોપો મૂકવામાં આવ્યા. બાદશાહે રણપાલ અને તેના પુત્રને પકડાવી જેલમાં નાંખ્યા. હાથ-પગ લોખંડની બેડીઓમાં જકડાઈ ગયા. રણપાલ અને પુત્ર મોટી મુસીબતમાં આવી ગયા શું કરવું ? કેવી રીતે કરવું ? મુક્તિનો કોઈ ઉપાય જડતો ન હતો.

અચાનક એકદા ભક્તામર સ્તોત્ર ગણતાં રણપાલને એનો મુનિ ભગવંતે જણાવેલ મહિમા યાદ આવી ગયો. એમને ૪૨મી ગાથાનો પ્રભાવ યાદ આવ્યો. બંધનમાંથી મુક્તિ મેળવવા આ ગાથા અત્યંત ઉપયોગી થશે એમ જાણી સતત એ ગાથાનું સ્મરણ કરવા લાગ્યો. જ્યારે ૪૨મી ગાથાનો ૧૦,૦૦૦ દસ હજાર જાપ પૂર્ણ થયો ત્યારે ચમત્કાર થયો.

મધ્ય રાત્રિનો સમય હતો.. સર્વત્ર નિરવ શાંતિ હતી..

એવા સમયે સુંદર વસ્ત્રાલંકારમાં અલંકૃત એક નવયૌવના રણપાલની સામે આવીને ઉભી રહી. રણપાલ અચાનક ઉઠીને બેસી ગયો. નવયૌવનાએ કહ્યું - ''રણપાલ ! ઉઠ... ઉભો થા. તું તારા ગામે ચાલ્યો જા.''

રણપાલે પૂછ્યું – 'તમે કોણ છો ?.. અત્યારે શા માટે આવ્યા છો ?'

નવયૌવનાએ કહ્યું – ''હું ચક્રેશ્વરી દેવીની ચરણ સેવિકા છું... દેવીની આજ્ઞાથી તમને મુક્ત કરવા આવી છું.''

રણપાલે કહ્યું – ''મને તો એમ કે આપજ ચક્રેશ્વરી માતા છો. હું તો જંજીરોમાં જકડાયેલો છું... કેવી રીતે ઉઠું ? કેમ ઉભો થાઉં ?

દેવીએ કહ્યું – ''રણપાલ તારા મસ્તકથી તારા હાથ-પગને સ્પર્શ કર તું બંધનમાંથી મુક્ત થઇ જઇશ... એવી જ રીતે તારા દિકરાના હાથ-પગને મસ્તક વડે સ્પર્શ કર... એ પણ બંધનમાંથી મુક્ત થઇ જશે.''

રણપાલે દેવીના જણાવ્યા પ્રમાણે કર્યું તેથી તે સ્વયં અને પુત્ર બન્ને બંધનમાંથી મુક્ત થયા. હવે દેવીએ એમને ગુપ્ત માર્ગ બતાવી એ માર્ગથી જેલની બહાર કાઢ્યા. હવે તમે જલ્દી વતન ભેગા થજો. એમ જણાવી દેવી અદૃશ્ય થઇ ગઇ. રણપાલ સુખપૂર્વક પોતાના વતનમાં પહોંચી ગયો. ભક્તામર અને જૈન ધર્મ ઉપર એની શ્રદ્ધા વધુ મજબુત બની ગઇ.

હવે આ ક્ષેત્ર આપણા માટે જોખમી છે એમ જાણીને રણપાલે દુઃખી હૃદયે વતનનો ત્યાગ કર્યો. ચિત્રકૂટ (ચિત્તોડ)માં જઇને વસ્યો. પોતાનું બાકી જીવન ત્યાં જ સુખપૂર્વક વ્યતીત કર્યું.

પ્રભુ ભક્તિની મસ્તી જ અનેરી છે તો ભક્તામરની શક્તિ આજે પણ સહુ જીવોને દુઃખ-દારિદ્રય... કષ્ટમાંથી ઉગારનાર છે. જ્યાં શ્રદ્ધા અને સાધના છે ત્યાં પ્રત્યક્ષ ચમત્કારોનું સર્જન થાય છે.

ચાલો ! આળસને ખંખેરી નાંખીએ..

ભક્તામરની આંગળી પકડી લઇએ... ઇચ્છિત મંઝિલે પહોંચી જઇએ.